MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૩-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 કોરોનાઃ વિશ્વમાં ૪૭ હજારથી વધુના મોત,નેધરલેન્ડમાં ૨૪ કલાકમાં ૧૩૪ના મોત

3 લોકડાઉન જરૂરી હતું, પણ અનિયોજિત રીતે લાગૂ કરાયુંઃ સોનિયા ગાંધી

8 ૧૪ એપ્રિલ સુધી ફેક્ટરી-ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓને ટર્મિનેટ નહિ કરી શકાય

11 લોકડાઉનમાં રાહત કે લોલીપોપ : ગ્રાહકોને ૩ મહિના હપ્તા નહિ ભરવા રાહત તો અપાઈ પરંતુ તેનું ફોર્મ અને વ્યાજ કોણ ભરશે..?!

લોકડાઉનના ૯મા દિવસે વડાપ્રધાને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે કરી વિડિયો બેઠક

આવો સાથે મળીને કોરોના સામેનો જંગ જીતીએ: મોદીની હાકલ

પ્રવાસી મજુરો, રાહત કાર્યો, તબલીગી જમાત સહિતની બાબતોની ચર્ચા કરાઈ,કોરોનાના સમાચારો માટે દરેક રાજ્યોને પોર્ટલ બનાવવા તાકીદ



બેઠક બાદ એક સીએમના ટ્વીટથી સર્જાયો વિવાદ, લોકડાઉન વધશે કે નહીં વધે...

ન્યુ દિલ્હી

૧૩૦ કરોડની આબાદી વાળા વિશાળ ભારત દેશમાં કોરોના વાઈરસ સામને લડાઈમા એક તરફ ૨૧ દિવસના લોકડાઉનનો કાર્યકાળ ચાલી રહ્યો છે ત્યારે લોકડાઉનના નવમા દિવસે આજે ગુરૂવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કાન્ફરન્સના માધ્યમથી વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજીને રાજ્યોને ખાતરી આપી હતી કે કોરોના સામેની આ લડાઈ આપણે સૌ સાથે મળીને જીતીશું. સૌનો સહયોગ જરૂરી છે એમ કહીને તેમણે રાજ્યોને લોકડાઉનનો કડક અમલ કરવા જણાવ્યું હતું., આ બેઠક બાદ એક સીએમ દ્વારા કરાયેલા ટ્વીટથી એવા નિર્દેશો મળ્યા કે ૧૪ એપ્રિલ પછી પણ લોકડાઉન રહી શકે છે. જો કે વિવાદ થતાં તેમમએ આ ટ્વીટ રદ કરીને ખુલાસો કર્યો હતો.

અહેવાલ પ્રમાણે, કોરોનાના વધતા કેસની વચ્ચે વડાપ્રધાન મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક યોજી ત્યારે આ દરમિયાન કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો.હર્ષવર્ધન અને સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓ પણ હાજર રહ્યાં હતા. આ પહેલા ૨૦ માર્ચે પણ તેમણે વિવિધ રાજ્યો સાથે ચર્ચા કરી હતી.

અત્યાર સુધીમાં સંક્રમિતોની સંખ્યા ૨૦૦૦ને વટાવી ગઈ છે. આ સંજોગોમાં વડાપ્રધાને અત્યાર સુધીમાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા પગલા પર ચર્ચા કરી હતી. વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથે કોરોના સંક્રમણ સામે લડાવા માટેની વિવિધ રણનીતીઓ પર પણ વાત કરી હતી આ દરમિયાન કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કોરોના સંબંધિત સમાચારોની પુષ્ટિ માટે પોર્ટલ બનાવવાનો આદેશ આપ્યો છે.

કેન્દ્રીય ગૃહ સેક્રેટરી અજય ભલ્લાએ બુધવારે કહ્યું કે તમામ રાજ્યો સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરે. પોતાના ત્યાં સમાચારોની પુષ્ટિ માટે પોર્ટલ બનાવો. સુપ્રીમ કોર્ટે ૩૧ માર્ચે સંક્રમણને રોકવા માટે ૨૧ દિવસના લોકડાઉન પર સુનાવણી કરી હતી. કોર્ટે ૨૪ કલાકની અંદર કોરોનાવાઈરસ પર નિષ્ણાંતોની સમિતિનું ગઠન કરવા અને લોકોને સંક્રમણ વિશે માહિતી આપવા માટે પોર્ટલ બનાવવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે કેન્દ્રને દરેક સ્થિતિમાં મજૂરોની અવર-જવર રોકવા, તેમના ખાવા, રહેવાની જગ્યા, પોષણ,

અનુ. પાના નં. ૬ પર

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો
૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

કુલ રાજ્યમાં પોઝિટિવ કેસો ૮૭,મૃત્યુઆંક સાત,૭ દર્દી સ્વસ્થ થયા

૨૪ કલાકમાં રાજ્યમાં એક પણ પોઝિટિવ કેસ નહિ: ૪-૫ દિવસ અતિ મહત્ત્વના

૮૭ પોઝિટિવ કેસમાંથી ૩૩ વિદેશી તો ૪૬ લોકલ ટ્રાન્સમિશન કેસ નોંધાયા, સાતમાંથી ૩ લોકલ સંક્રમિત દર્દીના મોત,રાજ્યમાં ૧૮૮૫૨ ક્વૉરન્ટીન કરવામાં આવ્યા જેમાંથી ૧૭૬૬૬ હોમ ક્વૉરન્ટીન, ૯૦૪ સરકારી અને ૨૮૨ ખાનગી ક્વૉરન્ટીન હેઠળ,૯ હજારથી વધુ લોકોને વેન્ટિલેટરની ટ્રેનિંગ આપવામાં આવશે, ૭૩૮ લોકોની પહેલી બેન્ચની તાલીમ શરૂ

લોકડાઉનના ઉલ્લંઘન પર બે વર્ષની સજા કરવામાં આવશઃ રાજ્ય પોલીસ વડા

જ્યારે રાજ્યમાં લોકડાઉનની સ્થિતિ અંગે રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું કે, ડ્રોનના પેટ્રોલિંગ દરમિયાન જાણવા મળ્યું કે, સોસાયટીના અંદરના ભાગમાં લોકો બેસે છે, લોકડાઉનના ઉલ્લંઘન પર બે વર્ષની સજા કરવામાં આવશે. નિઝામુદ્દીન કેસ અંગે તપાસ કરવામાં આવી રહી છે. જ્યાં છો ત્યાં જ રહો અને મુસાફરી ન કરો.

ગાંધીનગર

ગુજરાત કોરોના પોઝિટિવના કુલ ૮૭ કેસ સામે આવ્યા છે. જેમાંથી ૭ દર્દી સાજા થયા છે. જ્યારે ૭ દર્દીઓના મૃત્યુ થયા છે. વડોદરાના પ્રથમ કોરોના પોઝિટિવ દર્દીનું આજે સવારે મોત નીપજ્યું છે. રાજ્યમાં અમદાવાદ હોટસ્પોટ જાહેર કરાયું છે. ત્યારે આજે આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ આજે એક પ્રેસ કોન્ફરન્સ કરીને રાજ્યની સ્થિતિ વિશે માહિતી આપી હતી.

સચિવ જયંતિ રવિએ ગુજરાતમાં કોરોના વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ગઈકાલની સાંજની પ્રેસ કોન્ફરન્સમાં ગુજરાતમાં ૮૭ કેસો સામે આવ્યા બાદ આજે એક પણ કેસ સામે આવ્યો નથી. એક રીતે જોવા જઈએ તો ગુજરાત માટે રાહતના સમાચાર છે. ગઈકાલ પછી એકપણ નવો પોઝિટિવ કેસ નોંધાયો નથી.

જોકે આગામી ૪થી પાંચ દિવસ ગુજરાત માટે મહત્વના છે. ગુજરાતમાં ૭૧ દર્દી સ્ટેબલ છે. ૨ લોકો વેન્ટીલેટર ઉપર છે. આવનારા ચારપાંચ દિવસ ખુબ અઘરા છે અને કસોટીના છે. જે લોકો મુસાફરી કરી ને આવ્યા હોય અથવા તાવ જેવા લક્ષણો દેખાતા હોય. જે પોઝિટિવ વ્યક્તિ છે તેમના સંપર્કમાં આવ્યા હોય. તેવા લોકો મેડિકલ ચેકઅપ કરાવી લે. ૧૦૪ અથવા તો ૧૦૮ કરીને તુંરત જ સારવાર લે અને રિપોર્ટ કરાવી લે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતમાં અત્યારસુધીમાં ૧૭૮૯ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ૧૬૯૩ નેગેટિવ

અનુ. પાના નં. ૬ પર

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257
http://www.jungegujarat.in/negative-ion/

મુંબઈના ધારાવીમાં કોરોના વાયરસથી એકનું મોતઃ બીજો પોઝિટિવ

મુંબઈ

પ્રચંડ વસતીવાળા મુંબઈના ધારાવી વિસ્તારમાં કોરોના વાયરસની લપેટમાં આવેલા એક વ્યક્તિનું નિધન થયું હતું. આ ઘટનાના ૨૪ જ કલાકમાં ત્યાં વધુ એક વ્યક્તિ કોરોના વાયરસના સંક્રમણમાં ઝડપાયો છે. બીએમસીમાં સફાઈકર્મીનું કામ કરનારા વ્યક્તિનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ હજારો ઝૂંપડીઓવાળા આ વિસ્તારમાં સંક્રમણનો ખતરો વધી ગયો છે. નોંધનીય છે કે મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના ૩૩૮ કેસ સામે આવ્યા છે જેમાંથી નવના મોત નિપજ્યા છે.

બીએમસીમાં કામ કરનાનાર પર વર્ષીય સફાઈકર્મીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બીએમસીના અધિકારીઓએ જણાવ્યું કે, તે વરલીનો રહેવાસી છે અને સફાઈ કામ માટે ધારાવીમાં પોસ્ટેડ હતો. તેનામાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા બાદ બીએમસી અધિકારીઓએ તેને ડોક્ટરને બતાવવા માટે સલાહ આપી હતી. હાલમાં તેની સ્થિતિ સ્થિર છે. તેના પરિવારના સભ્યો અને ૨૩ સહકર્મિઓને પણ ક્વોરન્ટાઈન કરવાની સલાહ આપવામાં આવી છે.

મુંબઈના ધારાવીના જે વિસ્તારમાંથી કોરોના પોઝિટિવનો દર્દી મળી આવ્યો

અનુ. પાના નં. ૬ પર

Negative ion Bracelet

Positive ions are absorbed into the body from cell phones, wireless technology, electrical devices and pollution on a daily basis, causing severe damage on a cellular level. Positive ions are said to interfere with our natural balance and can lead to tiredness, lack of concentration and muscle fatigue.



MRP 1499/-

નેગેટિવ ion બ્રેસલેટ

પોઝિટિવ IONS સેલ ફોન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઇલેક્ટ્રિકલ ડિવાઇસીસ અને દૈનિક ધોરણે ઉપયોગ પ્રદૂષણથી આપણા શરીરમાં સમાઈ જાય છે, જેનાથી આપણા બેલન્સને ભારે નુકસાન થાય છે. સકારાત્મક આયન આપણા કુદરતી સંતુલનમાં દખલ ઉભી કરે છે અને તે થાક, એકાગ્રતા અને સ્નાયુઓને જકડાવી થાક તરફ દોરી શકે છે.જેનાથી બચવા નેગેટિવ આયર્ન બેલ્ટ આ સમસ્યા નિવારી આરોગ્ય સુધારે છે

ફ્રી



નેગેટીવ ion બ્રેસલેટ ઓનલાઈન અને અન્ય કંપનીમાં ૫૦૦૦/-થી વધારે કિંમતમાં મળે છે
જ્યારે અહી ફક્ત રૂા. ૧૪૯૯/-માં મળશે. (હોમ ડિલીવરી)
સાથે મોબાઇલ એન્ટીરેડીએશન ચીપ તદ્દન મફત

ડિલરશીપ મેળવવા માટે સંપર્ક કરો
Market4u
9978406257

Payment : 9825318225 paytm, phone pe, gpay કરી પેમેન્ટનો ફોટો તથા આપનું પિનકોડ સાથેનું પૂરું સરનામું 9978406257 પર વોટ્સઅપ કરો.
બેંક ખાતામાં પણ પેમેન્ટ કરી શકો છો : Dhananjay u. Zaveri - Ac No. 10373843634, State Bank of India, Ifsc code SBIN0009164, Pritam nagar Branch Bharuch 392002

ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી,સંક્રમિતોની આંકડો ૯ લાખને પાર

કોરોનાઃ વિશ્વમાં ૪૭ હજારથી વધુના મોત,નેધરલેન્ડમાં ૨૪ કલાકમાં ૧૩૪ના મોત

લંડન/રોમ/મેડ્રિડ

વિશ્વભરમાં કોરોના વાઈરસના દર્દીઓની સંખ્યા ૧૦ લાખના આંકે પહોંચવા આવી છે. અત્યાર સુધીમાં ૯ લાખ ૩૬ હજાર કેસ નોંધાયા છે. ૪૭ હજાર ૨૪૫ લોકોએ જીવ ગુમાવ્યો છે, જ્યારે ૧ લાખ ૯૪ હજાર ૨૮૬ લોકોને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. કોરોના વાઈરસથી બ્રિટનમાં ૨૪ કલાકમાં ૫૬૩ લોકોના મોત થયા છે. અહીં કુલ પોઝિટિવ કેસ ૨૯૪૭૪ થયા છે જ્યારે મૃત્યુઆંક ૨૩૫૨ થયો છે.

અમેરિકામાં કોરોનાના ૨ લાખ ૧૫ હજાર ૨૧૫ કેસ નોંધાયા છે.મૃત્યુઆંક ૫૧૧૦ એ પહોંચ્યો છે. ઈટાલીમાં ૧ લાખ ૧૦ હજાર ૫૭૪ કેસ નોંધાયા છે, જ્યારે અહીં ૧૩૧૫૫ લોકોએ જીવ ગુમાવ્યો છે. સ્પેનમાં એક લાખ ૪ હજાર ૧૧૮ કેસ નોંધાયા છે, જ્યારે અહીં ૯૩૮૭ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી

ઈઝરાયલના સ્વાસ્થ્ય મંત્રીના પત્ની કોરોના વાઈરસથી સંક્રમિત થયા છે. કોરોના વાઈરસના કારણે સરકારે લગાવેલા પ્રતિબંધોના કારણે ઈઝરાયલમાં ૨૫ ટકા લોકોએ નોકરી ગુમાવી છે. માર્ચની શરૂઆતમાં ૮ લાખ ૪૩ હજાર ૯૪૫ નવા બેરોજગાર લોકોએ નોંધણી કરાવવાની સાથે કુલ બેરોજગાર ૧૦ લાખ ૪ હજાર ૩૧૬ થઈ ગઈ છે. ઈઝરાયલ સરકારે કોરોના સામે લડવા માટે ૨૨.૫ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરી છે. ઈઝરાયલમાં કોરોનાના ૬૦૯૨ કેસ નોંધાયા છે અને ૨૫ લોકોના મોત થયા છે.

નેધરલેન્ડમાં ૨૪ કલાકમાં ૧૩૪ લોકોના મોત

નેધરલેન્ડમાં છેલ્લા ૨૪ કલાકમા ૧૩૪ લોકોએ કોરોના મહામારીના કારણે જીવ ગુમાવ્યો છે. ૧૦૯૦ નવા કેસ નોંધાવાની સાથે કુલ કેસ ૧૩૬૧૪ થયા છે.

પાકિસ્તાને બે સપ્તાહ લોકડાઉન વધાર્યું

કોરોના વાઈરસના સંક્રમણને ધ્યાનમાં રાખીને પાકિસ્તાન સરકારે બે સપ્તાહ એટલે કે ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનના સમયગાળાને લંબાવી દીધો છે. પાકિસ્તાનમાં ૨૨૩૮ કેસ નોંધાયા છે અને ૩૧ લોકોએ જીવ ગુમાવ્યો છે.

ભારતમાં ફસાયેલા પોતાના નાગરિકોને અમેરિકાએ એરલિફ્ટ કરવાનું શરૂ કરી દીધું છું. ભારતમાં ૨૧ દિવસનું લોકડાઉન ચાલું છે. અમેરિકાના રાજદૂતે કહ્યું છે કે ભારત સરકારે અમારા આ મિશનમાં પુરતો સહયોગ કર્યો છે. અમેરિકા ૬૦થી વધારે દેશોમાં ૨૫૦ પ્લેનની મદદથી પોતાના ૩૦ હજારથી વધારે નાગરિકોને એરલિફ્ટ કરી ચૂક્યું છે.

કોરોનાના કારણે ઘણી ઘરેલુ ઉડાન રદ્દ થઈ શકે છેઃ ટ્રમ્પ

કોરોનાને લઈને વ્હાઈટ હાઉસના બ્રિફિંગમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે કહ્યું કે દેશમાં ઘણા ઘરેલુ પ્લેન સેવા અને ટ્રેન સેવા રદ્દ કરવામાં આવી શકે છે. હું જોઈ રહ્યો છું કે અમુક વિમાનો કોરોના પ્રભાવિત શહેરોમાં જઈ રહ્યા છે, જે મને પસંદ નથી. જોકે હું તમામ ઘરેલુ ઉડાન રદ્દ કરવાના સમર્થનમાં નથી. પરંતુ ઝડપથી કોઈને કોઈ નિર્ણય લેવામાં આવશે. જે શહેર વધારે પ્રભાવિત છે ત્યા અવર-જવરનો પ્રતિબંધ લગાવવામાં આવી શકે છે.

વેન્ટિલેટર, માસ્ક સહિત ૬૦ ટન મેડીકલ સામાન લઈને રશિયાનું કાર્ગો પ્લેન અમેરિકા પહોંચ્યું

કોરોના વાઈરસની મહામારી સામે લડવા માટે રશિયા અમેરિકાની મદદે આવ્યું છે. વેન્ટિલેટર, માસ્ક સહિત ૬૦ ટન મેડીકલ સામાન લઈને રશિયાનું કાર્ગો પ્લેન અમેરિકા પહોંચી ગયું છે. વ્હાઈટ હાઉસે એવી આશંકા વ્યક્ત કરી છે કે આગામી પંદર દિવસમાં બે લાખથી વધારે અમેરિકાના નાગરિકો જીવ ગુમાવશે. અમેરિકામાં કોરોના કેસ અને મૃત્યુઆંક ઝડપથી વધી રહ્યા છે.

પનામામાં સ્ત્રી-પુરુષોને સાથે નીકળવા પર રોક

પનામા નામનાં દેશે એક નવી પહેલ શરૂ કરી છે. આ દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે પણ કઈક નવી જ રીતે કે જેમાં સ્ત્રી અને પુરુષો એકસાથે બહાર ના નીકળી શકે. હકીકતમાં પનામા દેશમાં ઓડ ઈવન સિસ્ટમ અનુસાર લોકડાઉન જાહેર કરાયું છે.

સ્પેનમાં એક દિવસનો સૌથી વધુ મૃત્યુઆંક નોંધાયો

આજે જાહેર કરવામાં આવેલા આરોગ્ય મંત્રાલયના આંકડા મુજબ સ્પેનમાં કોરોના વાયરસ માટે પોઝિટિવ ટેસ્ટ બાદ ઓછામાં ઓછા ૧૦,૦૩૩ લોકોનાં મોત થયાં છે. અહી છેલ્લા ૨૪ કલાકમાં ૯૫૦ નવા મોત નોંધાયા છે. સ્પેન વિશ્વના સૌથી ખરાબ કોરોના અસરગ્રસ્ત દેશોમાંનો એક છે.



નવી દિલ્હીમાં રામકૃષ્ણ મિશનના સભ્યો દ્વારા વિતરિત ફૂડ એક છોકરો લઈ જતો જોવા મળી રહ્યો છે.

'જે લોકો લોકડાઉન તોડે તેને ગોળી મારી દોઃ ફિલિપાઈન્સ રાષ્ટ્રપતિ

મનીલા

કોરોનાનો કહેર એ હદે ફેલાઈ ગયો છે કે લોકો કંઈપણ કરી રહ્યા છે. કહેવાય છે કે આવું જ એક વિવાદાસ્પદ નિવેદન આવ્યું છે એક દેશના રાષ્ટ્રપતિનું. જી હા આ દેશના રાષ્ટ્રપતિ એ કહ્યું કે કોરોના વાયરસ માટે લગાવામાં આવેલા લોકડાઉનનું પાલન ના કરનાર તાત્કાલિક ગોળી મારી દો.

જી હા ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તે એ પોતાની સરકાર, પોલીસ અને પ્રશાસનને કહ્યું કે જે પણ કોરોના વાયરસ માટે લગાવામાં આવેલા લોકડાઉનનું પાલન નથી કરતાં. અથવા તો કોઇ મુશ્કેલી ઉભી કરે છે તો તેને તરત જ ગોળી મારી દો.

રોડ્રિગો દુતેર્તે એ પોતાના દેશના સુરક્ષાબળોને કહ્યું કે આ આખા દેશ માટે ચેતાવણી છે. અત્યારે સરકારના આદેશોનું પાલન કરો. કોઈપણ સ્વાસ્થ્યકર્મી, ડૉકટર્સને નુકસાન પહોંચાડે નહીં. આ એક ગંભીર ગુનો ગણાશે. આથી હું પોલીસ અને સુરક્ષાબળોને આદેશ આપું છું કે જે લોકડાઉનમાં સમસ્યા ઉભી કરે તેને તરત જ ગોળી મારી દો.

આવું પહેલી વખત બન્યું નથી કે રોડ્રિગો દુતેર્તે એ પોતાના દેશવાસીઓને ગોળી મારવાનો આદેશ આપ્યો છે. આની પહેલાં પણ ૨૦૧૬-૧૭મા રાષ્ટ્રપતિએ ડ્રગ ડીલર્સને કોઇપણ કાયદાકીય કાર્યવાહી વગર મારવાનો આદેશ આપ્યો હતો.

આપને જણાવી દઇએ કે ફિલિપાઈન્સમાં અત્યારે ૨૩૧૧થી વધુ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે. જ્યારે ૯૬ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૧૨મી માર્ચની આસપાસ રાષ્ટ્રપતિ રોડ્રિગો દુતેર્તે એ પણ કોરોના વાયરસની તપાસ કરાવી હતી. તો નેગેટિવ નીકળ્યા.

ફિલ્મ 'લુડો' લોકડાઉન પછી રીલીઝ થનારી પહેલી ફિલ્મ બને તેવી શક્યતા

મુંબઈ

કોરોનાવાયરસને કારણે દેશમાં લોકડાઉન થઈ ગયું છે. અને તેની અસર ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર પણ પડી છે. હાલમાં શૂટિંગ બંધ છે અને કોઈ નવી ફિલ્મ રીલીઝ નથી થઈ રહી. નરેન્દ્ર મોદી સરકારે ૧૪ એપ્રિલ સુધી લોકડાઉનની જાહેરાત કરી છે તે જોતાં ૧૪ એપ્રિલ સુધી કોઈ નવી ફિલ્મ રીલીઝ નહીં થાય પણ ૧૪ એપ્રિલ પછી ફિલ્મો રીલીઝ કરવાનું આયોજન થઈ રહ્યું છે.

અત્યારે શક્યતા એવી છે કે, ફિલ્મ 'લુડો' લોકડાઉન પછી રીલીઝ થનારી પહેલી ફિલ્મ બની શકે છે. આ ફિલ્મ ૨૪ એપ્રિલ, ૨૦૨૦ના રોજ અથવા તો ૩૧ એપ્રિલ, ૨૦૨૦ના દિવસે રીલીઝ થઈ શકે છે. અનુરાગ બાસુ દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં અભિષેક બચ્ચન, રાજકુમાર રાવ, આદિત્ય રોય કપૂર અને પંકજ ત્રિપાઠી મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત સાન્યા મલહોત્રા અને ફાતિમા સના શેખ પણ આ ફિલ્મમાં છે. આ ફિલ્મ એક ડાર્ક કોમેડી ફિલ્મ છે.

આ સિવાય કોડ નેમ અબ્દુલ ફિલ્મ રીલીઝ કરવાનું પ્લાનિંગ પણ હતું પણ અત્યારે તે રીલીઝ થવાની શક્યતા ઓછી છે. મોટા ભાગનાં મલ્ટિપ્લેક્સ ફિલ્મો રીલીઝ કરવા તૈયાર જ નથી.

કોરોનાના સમસ્યાઃ બ્રિટિશ એરવેઝ કદાચ ૩૬ હજાર કર્મચારીઓને સસ્પેન્ડ કરશે

લંડન

કોરોના વાઈરસ રોગચાળાના સંકટને કારણે બ્રિટનની જગવિખ્યાત એરલાઈન બ્રિટિશ એરવેઝે તેની સેવા હાલપૂરતી બંધ રાખી છે. કર્મચારીઓનું શું કરવું એ વિશે બ્રિટિશ એરવેઝ અને યુનાઈટ યુનિયન વચ્ચે ગયા અઠવાડિયાથી વાટાઘાટ શરૂ કરવામાં આવી છે.

બીબીસી ન્યૂઝના અહેવાલ મુજબ, "છઘ્ની માલિકીની બ્રિટિશ એરવેઝ તેના ૩૬ હજાર કર્મચારીઓને કદાચ નોકરીમાંથી સસ્પેન્ડ કરશે. એરલાઈન તેના કેબિન ક્રૂ, ગ્રાઉન્ડ સ્ટાફ, એન્જિનીયરો તથા મુખ્યાલયમાં કામ કરતા લોકો, એમ તમામ કર્મચારીગણમાંથી ૮૦ ટકા લોકોને સસ્પેન્ડ કરવા વિચારે છે, એવો બીબીસીનો અહેવાલ છે. બ્રિટિશ એરવેઝે મંગળવારે જ જણાવ્યું હતું કે કોરોના વાઈરસના ફેલાવાને પગલે તેણે દક્ષિણ ઈંગ્લેન્ડના ગેટવિક એરપોર્ટથી તેની વિમાન સેવા કામચલાઉ રીતે સ્થગિત કરી દીધી છે. બ્રિટનમાં સૌથી વ્યસ્ત એરપોર્ટ્સમાં આ બીજા નંબરે આવે છે.

લોકડાઉનમાં બહાર નીકળવા મામલે વિવાદ, યુવકની ગોળી મારી હત્યા કરાઈ

લખનઉ

લોકડાઉનમાં એક તરફ જ્યાં લોકો ઘરેથી બહાર નથી નીકળી રહ્યા ત્યાંજ બીજી તરફ લોકડાઉનની કડકાઈને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લામાં એક ગામમાં લોકડાઉનને લઈને ગામમાં વિવાદ થયો હતો. જેને કારણે બે પક્ષોની વચ્ચે ગોળીબાર થયો હતો. જેમાં એક યુવકનું ગોળી વાગવાથી મોત થયું છે.

આઝમગઢના બિલરિયાગંજ પોલીસ સ્ટેશનના ખાનપુર ભગતપટ્ટી ગામમાં લોકડાઉનને લઈને ગામની બહાર કેટલાક લોકો વાડ બાંધી રહ્યા હતા. લોકોના મતે વાડ બાંધવાથી લોકો ગામમાં આવી શકશે નહીં અને ગામમાં લોકડાઉનનું સંપૂર્ણ રીતે પાલન થશે. ત્યાંજ કેટલાક લોકોએ આનો વિરોધ વ્યક્ત કર્યો હતો. જેને કારણે વાકયુદ્ધ થયું હતું. આ વચ્ચે કોઈએ ગોળી ચલાવી હતી જે ગામના જ એક યુવકને વાગી ગઈ હતી. યુવકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરી છે. જો કે હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

રાજીવ સેને પત્ની સાથેના અશ્લીલ ફોટા શેર કરતાં ટ્રોલ થયો

મુંબઈ

કોરોના વાયરસના પોઝિટીવ કેસ દેશમાં અને વિશ્વમાં વધતા જ જાય છે. ત્યારે સરકારે ૨૧ દિવસનું લોકડાઉન અને એકબીજા વચ્ચે અંતર રાખવાનું પણ કહ્યું છે. ત્યારે સુષ્મિતા સેનનો ભાઈ રાજીવ સેને પત્ની સાથે એટલા સેક્સી ફોટોઝ વાયરલ કર્યા કે લોકોએ ઉધડો લીધો અને એકદમ વાહિયાત કોમેન્ટ કરી છે. ખુબ ટ્રોલ કરવામાં આવી રહ્યો છે. રાજીવે ચારુપા સાથે બેડના રોમેન્ટિક ફોટો શેર કર્યા છે.

તસવીરોમાં રાજીવ શર્ટલેસ અને ચારુપા પણ નાઈટ ડ્રેસમાં જોવા મળી રહી છે. બન્ને એકબીજાના ખોળામાં બેઠા છે અને કિસ કરતાં જોવા મળી રહ્યા છે. ચારુ રાજીવે આ ફોટો શેર કરતાં લખ્યું કે, પોતાના જ ઘર પર રહો. હવે આ તસવીરો જોઈને ફેન્સ બગડ્યા છે અને આડે હાથ લીધા છે.

યુઝરે લખ્યું કે, આવી તસવીરો શેર કરવાની શું જરૂર છે. શું થશે જો તમારા સસરા જોશે તો. તો બીજા એકે લખ્યું કે, હા અમે પણ ઘરે જ છીએ, એમાં સોશિયલ મીડિયામાં આવી તસવીરો શેર કરવાની જરૂર નથી. તો કોઈએ કહ્યું કે, આ ફોટોઝ વધારે પડતાં પ્રાઈવેટ છે. તો કોઈએ લખ્યું કે, તમે પતિ પત્ની છો એનો અર્થ એ નથી કે બેડરૂમની બધી જાણકારી શેર કરો. તો વળી કોઈએ અભદ્ર કોમેન્ટ પણ શેર કરી છે.

સૌથી વધુ સંક્રમણના કેસો મહારાષ્ટ્રમાં ૩૦૦ને પાર

દેશમાં કોરોના પોઝીટીવ કેસોનો આંકડો ૨૦૦૦ને પાર, ૬૩ મોત

- **મરકજથી કાઢવામાં આવેલા ૫૩૬ લોકો દિલ્હીની હોસ્પિટલમાં દાખલ, ૧૮૧૦ ક્વૉરિન્ટાઈન કરાયા**
- **એર ઈન્ડિયાએ નિવૃત્તિ બાદ ફરી ભરતી કરાયેલા ૨૦૦ પાયલટનો કરાર રદ્દ કર્યો**

ન્યુ દિલ્હી

કોરોના વાઈરસ સંક્રમણના ગુરુવારે ૪૬ નવા કેસ સામે આવ્યા છે. આંધ્રપ્રદેશમાં ૨૧, કર્ણાટકમાં ૧૧, રાજસ્થાનમાં ૯, મહારાષ્ટ્રમાં ૩ અને મણિપુર અને અરુણાચલ પ્રદેશમાં ૧-૧ દર્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અરુણાચલમાં સંક્રમણનો આ પહેલો કેસ છે. મોડી રાતે ઈન્દોરમાં ૧૨ દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ સાથે જ દેશના ૨૯ રાજ્યોમાં કોરોના વાઈરસના સંક્રમિતોની સંખ્યા ૨૧૦૫ થઈ ગઈ છે. ૧૬૯ લોકો સ્વસ્થ થયા છે, જ્યારે ૫૬ના મોત થયા છે. મંગળવારથી બુધવાર સુધી ૨૪ કલાકમાં રેકોર્ડ ૪૩૭ નવા કેસ સામે આવ્યા છે. સાથે જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરુવારે દિવસે જણાવ્યું કે, છેલ્લા ૧૨ કલાકમાં કોરોના સંક્રમણના ૧૩૧ દર્દી વધ્યાં છે. અત્યાર સુધી દેશમાં તેમની સંખ્યા ૧૯૬૫ છે. જેમાંથી ૧૭૬૪ની સારવાર ચાલી રહી છે. ૧૫૧ સ્વસ્થ થઈ ચુક્યા છે. ૫૬ લોકોનું મોત થયું છે.

દિલ્હીના નિઝામુદ્દીન મરકજમાંથી કાઢવામાં આવેલા જમાતીઓ પર સતત ગેરવર્તૂકના આરોપ લાગી રહ્યા છે. દિલ્હીના લોકનાયક જયપ્રકાશ નારાયણ હોસ્પિટલના ડાયરેક્ટર ડો.જેસી પાસેએ જણાવ્યું કે, તબ્લિક જમાતમાં સામેલ ૧૮૮ લોકો અહીંયા દાખલ છે.

જેમાંથી ૨૪નો રિપોર્ટ આવ્યો છે. ૨૩ લોકોમાં કોરોના સંક્રમણની પુષ્ટી કરાઈ છે. ઘણા જમાતી ટેસ્ટ કરાવવાની ના પાડી રહ્યા છે. તેનાથી સ્ટાફને જોખમ હતું. એવામાં જે ત્રણ બ્લોકમાં જમાતીઓને રાખવામાં આવ્યા છે, ત્યાં પોલીસ તહેનાત કરી દેવાઈ છે. આ સાથે જ એર ઈન્ડિયાએ નિવૃત્તી બાદ ફરી ભરતી કરાયેલા લગભગ ૨૦૦ પાયલટનો કરાર રદ્દ કરી દેવાયો છે.

મહામારી સામે લડવા સેનાઓ પણ સજ્જ

દેશમાં ચાલી રહેલી મહામારીનો સામનો કરવા માટે સેનાઓએ પણ પૂરતી તૈયારી કરી લીધી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે આ અંગે વીડિયો કોન્ફરન્સ દ્વારા એક મિટિંગ કરી હતી. જેમાં ઝ્રઢજી જનરલ બિપિન રાવતે કહ્યું કે, સેનાની હોસ્પિટલમાં ૯ હજાર કરતા વધારે બેડ ઉપલબ્ધ છે. તેમણે જણાવ્યું કે, જૈસલમેર, જોધપુર, ચેન્નાઈ, માનસેર, હિંડન અને મુંબઈમાં ૧ હજાર કરતા વધારે લોકોને ક્વૉરિન્ટન કરવામાં આવ્યા છે. જેમની પિરીયડ ૭ એપ્રિલે ખતમ થઈ રહ્યો છે. માર્ચ ૨૦૧૮ સુધીના આંકડાઓ પ્રમાણે, દેશભરમાં સેનાની ૧૩૩ હોસ્પિટલ છે. જેમાંથી ૧૧૨ મિલિટ્રી, ૧૨ એરફોર્સ અને ૯ નેવીની છે.

કોરોનાના જંગમાં: એલઆઈસીએ પીએમ કેર ફંડમાં ૧૦૫ કરોડ આપ્યા

ન્યુ દિલ્હી

કોરોના સામેની લડાઈમાં વડાપ્રધાન મોદીની અપીલ પર કોર્પોરેટ જગત કરોડો રૂપિયા દાનમાં આપી રહ્યુ છે. પીએમ કેયર્સફંડમાં ભારતીય જીવન વીમા નિગમ (એલઆઈસી)એ ૧૦૫ કરોડ રૂપિયા આપ્યા છે. તે સિવાય જાણીતા ઉદ્યોગપતિ નારાયણમૂર્તિએ પણ કોરોના સામેની લડાઈમાં ૧૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. જોકે, તેઓ આ રકમ પીએમ કેયર્સફંડમાં ડોનેટ કરશે નહીં. કોરોના સંબંધિત રાહતકાર્યોમાં મદદ માટે એનઆર નારાયણમૂર્તિ અને તેમનો પરિવાર પોતાના પર્સનલ ફંડમાંથી અક્ષય પાત્ર ફાઉન્ડેશનને ૧૦ કરોડ રૂપિયા આપશે. આ ફંડ પ્રવાસી મજૂરો અને રોજગારી ગુમાવી ચૂકેલા દિહાડી મજૂરોને જમવાનું અને જરૂરી ચીજવસ્તુઓ આપવા પર ખર્ચ કરાશે. એલઆઈસીએ કોરોના વાયરસનની મહામારી સામે લડવા પીએમ કેયર્સ ફંડમાં ૧૦૫ કરોડ રૂપિયા દાનમાં આપ્યા છે. એલઆઈસીના ચેરમેન એમ.આર, કુમારે કહ્યું કે, ભારત આ મહામારીના કારણે ગંભીર પડકારનો સામનો કરી રહ્યું છે. નોંધનીય છે કે એલઆઈસી દેશની સૌથી મોટી વીમા કંપની છે અને તેની સંપત્તિ લગભગ ૩૧ લાખ કરોડ રૂપિયા છે.



નારાણય મૂર્તિએ ૧૦ કરોડનું દાન કર્યું

કોરોનાથી રાહત કાર્યમાં મદદ કરવા માટે એનઆર નારાયણમૂર્તિ અને તેમના પરિવારે પોતાના ખાનગી ફંડમાંથી અક્ષયપાત્ર ફાઉન્ડેશનને ૧૦ કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. આ ફંડ એવા પ્રવાસી મજૂરો અને દિહાડી કમાનાર લોકોને ભોજન કરાવવા અને જરૂરી સામાન ઉપલબ્ધ કરાવવા પર ખર્ચ કરવામાં આવશે. જે પોતાની જીવિકા ગુમાવી ચૂક્યા અને મુસીબતમાં છે.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતમમાં ફેલાયો વસમાતું ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (સા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.acorr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

કોરોના સંકટઃ કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક વીડિયો કોન્ફ્રેન્સિંગથી યોજાઇ

લોકડાઉન જરૂરી હતું, પણ અનિયોજિત રીતે લાગૂ કરાયુંઃ સોનિયા ગાંધી

ન્યુ દિલ્હી

કોરોના સંકટ અને લોકડાઉનના કારણે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક ગુરુવારે વીડિયો કોન્ફ્રેન્સિંગ દ્વારા યોજાઈ હતી. આ દરમિયાન કોંગ્રેસના અંતરિમ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોદી સરકાર પર નિશાન સાધ્યુ હતુ. સોનિયા ગાંધીએ કહ્યું છે કે, ૨૧ દિવસનું લોકડાઉન જરૂરી હતું, પરંતુ તેને અનિયોજિતરીતે લાગૂ કરવામાં આવ્યું. લોકડાઉનના કારણે લાખો પ્રવાસી મજૂરો હેરાન થઈ રહ્યા છે.

મોદી સરકારે માગ કરતા સોનિયા ગાંધીએ કહ્યું કે, સરકારે ડૉક્ટરો, નર્સો અને ચિકિત્સા કર્મચારીઓને વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો પ્રદાન કરવા જોઈએ. કોરોના વાયરસ માટે નક્કી કરેલી હોસ્પિટલો, બેડની સંખ્યા, ક્વોરેન્ટિન અને પરીક્ષણ સુવિધાઓ અને ચિકિત્સા આપૂર્તિ વિવરણ પ્રકાશિત કરવું જોઈએ. પાકની કાપણી માટે ખેડૂતો પર લગાવવામાં આવેલો પ્રતિબંધ હટાવી લેવો જોઈએ.

સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકારને મધ્યમ વર્ગ માટે એક સામાન્ય ન્યૂનતમ રાહત કાર્યક્રમ તૈયાર કરવા અને પ્રકાશિત કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે, કોંગ્રેસ સરકારો, ફ્રન્ટલ, સંગઠનો, આપણા નેતાઓ અને કાર્યકર્તાઓએ આગળ આવવું જોઈએ અને એ પરિવારોને પોતાની મદદ પૂરી પાડવી જોઈએ, જે ખૂબ જ જોખમમાં છે.

મજૂરોને રહેવા,ખાવા,અનાજની વ્યવસ્થા વિના લોકડાઉન લાગુ કરાયુઃ રાહુલ ગાંધી

મજૂરોના પલાયન પર રાહુલ ગાંધીએ મોદી સરકાર પર નિશાન સાધ્યુ. તેમણે કહ્યું કે, અમે બે મહિનાઓથી કોરોના પર નજર રાખી રહ્યા છીએ અને વિશેષજ્ઞો સાથે વાત કરી રહ્યા છીએ. દુનિયાનો કોઈ એવો દેશ નથી, જે મજૂરોને રહેવા, ખાવા અને તેમના માટે અનાજની વ્યવસ્થા કર્યા વિના લોકડાઉનની જાહેરાત કરી દે છે.

મજૂરોના પલાયનના ફોટા જોઈને દિલ દુઃખે છેઃ પ્રિયંકા ગાંધી

જ્યારે, ઉત્તર પ્રદેશ સરકાર પર નિશાનો સાધતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, યૂપીના મજૂરોના પલાયનના ફોટા જોઈને દિલ દુઃખે છે. અમારા કાર્યકર્તા આ મજૂરોને ખાવાનું અને દવાઓ આપી રહ્યા છે. આ મજૂરોને અમાનવીયરીતે ક્વોરેન્ટિન કરવામાં આવી રહ્યા છે અને તેમના પર કીટનાશકનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

નિઝામુદ્દીન મામલો

મરકઝમાં સામેલ થયેલા ૨૭૫ વિદેશીઓની ઓળખ થઈ, ક્વોરન્ટાઈન કરાયા

ન્યુ દિલ્હી

નિઝામુદ્દીન વિસ્તારમાં ધાર્મિક આયોજન મરકઝમાં સામેલ થયેલા ૨૭૫ તબલીગી જમાતના લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. આ તમામ લોકો વિદેશી છે અને હવે તેમને ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. દિલ્હી પોલીસથી મળતી જાણકારી મુજબ, ક્રાઇમ બ્રાન્ચ અને દિલ્હી સરકારે એક જોઈન્ટ ઓપરેશન ચલાવ્યા બાદ ૧૭૨ ઈન્ડોનેશિયન, ૩૬ કિર્ગિસ્તાન અને ૨૧ બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરી તેમને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ તમામ લોકો કોરોના વાયરસ સંક્રમણના સંદિગ્ધ છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલા બુધવારે સ્પેશલ સેલે ૨૦૦ વિદેશીઓના સંબંધમાં દિલ્હી સરકારને રિપોર્ટ પણ આપ્યો હતો જેઓ મરકઝમાં સામેલ થયા હતા. હવે ક્રાઇમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરતાં ૨૭૫ લોકોની ઓળખ કરી તેમને આઈસોલેટ કર્યા છે.

આઈસોલેશન સેન્ટરમાં તબલીગી જમાતની આડોડાઈ, મેડિકલ સ્ટાફ પર થૂંક્યા

મળતી માહિતી પ્રમાણે આ લોકો ત્યાં બિલકુલ પણ સહયોગ કરી રહ્યા નથી. સેન્ટરમાં આમ-તેમ ફરવાની સાથો સાથ બિન જરૂરી માંગણીઓ પણ ચાલુ છે. તેની સાથો સાથ તેઓ આમ-તેમ થૂંકવાની સાથો સાથ સ્ટાફ પર પણ થૂંકયા છે. કોરોના વાયરસને ફેલાવામાં થૂક મોટી ભૂમિકા નિભાવે છે.

દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ બુધવારે નિઝામુદ્દીન મામલામાં જણાવ્યું હતું કે પોલીસે એક અભિયાન હાથ ધરીને મરકજમાં સામેલ થયેલા ૨૩૬૧ લોકોને બહાર કાઢ્યા છે. સાથોસાથ તેઓએ જણાવ્યું હતું કે આ દરમિયાન ૬૧૭ લોકોમાં કોરોનાના લક્ષણ જોવા મળ્યા જેમને હૉસ્પિટલ મોકલવામાં આવ્યા છે. બીજી તરફ, અન્ય લોકોને પણ ક્વોરન્ટાઈન કરી દેવામાં આવ્યા છે. આ દરમિયાન સિસોદિયાએ તે તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો જે ઓપરેશનનો હિસ્સો બન્યા. તેઓએ કહ્યું કે ૩૬ કલાક ચાલેલા આ ઓપરેશનમાં જેઓએ પણ સહયોગ આપ્યો અને પોતાનો જીવ જોખમમાં નાખ્યો તેમના આભારી છીએ.

રેલ્વેએ રિઝર્વેશન મુદ્દે સ્પષ્ટતા કરીઃ ઓનલાઈન રિઝર્વેશન ચાલુ જ છે

ન્યુ દિલ્હી

હાલ કોરોના વાયરસના કારણે ભારતમાં લોકડાઉન છે. જેના કારણે લોકો પોતાના ઘરની અંદર કેદ છે અને પરિવાર સાથે સમય પસાર કરી રહ્યો છે. કોરોનાના કેસ દૈનિક ધોરણે વધી રહ્યા છે. તેથી કેન્દ્ર સરકારે કોનોરા સામેની લડાઈમાં સહકાર આપવા અને ઘરની બહાર ન નીકળવા દેશના નાગરિકોને નિર્દેશ આપ્યા છે.

લોકડાઉનના કારણે દેશની જીવાદોરી ટ્રેન સુવિધા પણ બંધ છે. જેમાં પેસેન્જર સેવાઓ ૨૨ માર્ચથી બંધ છે જ્યારે નૂર ટ્રેનો સામાન્ય રીતે ચાલી રહી છે. ત્યારે હવે લોકડાઉન સમાપ્ત થતા આગામી દિવસેથી એટલે કે ૧૫ એપ્રિલથી રિઝર્વેશન સુવિધા ફરી શરૂ થશે એવી અફવાહો પર રેલવેએ સ્પષ્ટતા કરી છે. રેલવે કહ્યું કે ૧૪ એપ્રિલ સુધી જ રિઝર્વેશન પર રોક લાગી હતી. ત્યાર બાદ એટલે કે ૧૫ તારીખથી રિઝર્વેશન પર રોક ક્યારે લાગી જ નહોતી. એટલે કે સ્પષ્ટ છે કે ૧૫ એપ્રિલથી રિઝર્વેશન ખુલવાની વાત એટલા માટે ખોટી છે કારણ કે જ્યારે રોક લાગી જ નથી તો હટવાનો સવાલ જ નથી થતો.

મીડિયા રિપોર્ટ મુજબ રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપી કે, આઈઆરસીટીસી ૧૫ એપ્રિલથી રેલવે ટિકટોની બુકિંગ શરૂ કરી દેશે પરંતુ એવું પણ કહેવામાં કે આ સુવિધા આંશિક રીતે શરૂ કરવામાં આવશે. ટ્રેનોનું સંચાલન સંપૂર્ણ રીતે શરૂ થવામાં હાલ સમય છે. રેલવે સ્પષ્ટતા કરી કે હાલના નિયમ હેઠળ મુસાફરીની દિવસથી ૧૨૦ દિવસ પહેલા જ રિઝર્વેશનની સુવિધા મળવા લાગે છે. આ નિયમ મુજબ ૧૫ એપ્રિલ અને આના આગાળની તારીખો માટે ૧૨૦ દિવસ પહેલાથી જ રિઝર્વેશન બુકિંગની સુવિધા આપવામાં આવી છે.

કરન જોહર-ભૂષણ કુમાર સાથે મળીને ફિલ્મ 'તખ્ત' બનાવશે

મુંબઇ

કરન જોહરનો અતિ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ 'તખ્ત' જ્યારથી શરૂ થયો ત્યારથી કોઈને કોઈ વાત ચર્ચામાં રહ્યો છે. આ ફિલ્મ ધર્મા પ્રોડક્શન તથા ફોક્સ સ્ટાર સ્ટૂડિયો સાથે મળીને બનાવતા હતાં. જોકે, ફોક્સ સ્ટાર સ્ટૂડિયોની 'છપાક', 'પંગા' તથા 'બાગી ૩' એમ ત્રણ ત્રણ ફિલ્મ ફ્લોપ ગઈ છે, જેને કારણે સ્ટૂડિયોએ કરનની આ મેગા બજેટ ફિલ્મમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. હવે, કરન આ ફિલ્મ ટી-સીરિઝ સાથે મળીને બનાવશે, તેવી ચર્ચા થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ફેબ્રુઆરીમાં કરને ફિલ્મનું ટીઝર લોન્ચ કરીને ફિલ્મ રિલીઝની જાહેરાત કરી હતી. કરનની આ ફિલ્મ આવતા વર્ષે ૨૪ ડિસેમ્બરે રિલીઝ થશે. કરન જોહર પોતાની આ બિગ બજેટ ફિલ્મ માટે પાર્ટનર શોધતો હતો. આ ફિલ્મ ખર્ચાળ હોવાથી સતત પૈસા આવતા રહે તે બાબત જરૂરી છે. કરન આ ફિલ્મને લાર્જર ધેન લાઈફ બનાવવા માગે છે. આથી જ તેણે અન્ય પાર્ટનરને સાથે લેવાનો નિર્ણય કર્યો હતો. કરને સાઉથના સ્ટૂડિયો એલવાયસીએ સાથે પણ કરી હતી. જોકે, વાતચીતનું કોઈ નક્કર પરિણામ આવ્યું નહોતું.

હું ડોક્ટર્સની સલાહ પર દિલ્હીમાં જ ક્વૉરિન્ટીન છું

તબલિગી જમાતના મૌલાના સાદના બદલાયા સૂર, ડોક્ટરોનુ માનવા અપીલ કરી

ન્યુ દિલ્હી

નિઝામુદ્દીનના તબલિગી જમાતના સેન્ટરમાં અનુયાયીઓને મસ્જિદથી સારુ મોત ક્યાંય નથી...નો પાઠ ભણાવનાર મૌલાના સાદ હવે પોતે જ કોરોનાના કારણે આઈસોલેશનમાં છે.

મૌલાના સાદ સામે પોલીસે મરકઝમાં લોકોને ભેગા કરવાની બેદરકારી દાખવવા બદલ કેસ કર્યો છે ત્યારે મૌલાનાએ આજે ઓડિયો ક્લિપ થકી સંદેશો આપ્યો હતો કે, ડોકટરે આપેલી સલાહ બાદ હું આઈસોલેશનમાં છું.

તેઓ ઓડિયોમાં હવે લોકોને સમજાવી રહ્યા છે કે, ડોક્ટર પાસે જવુ એ શરિયતની વિરુધ્ધ નથી. આ પહેલા તેમણે અગાઉ વાયરલ થયેલા ઓડિયોમાં કહ્યુ હતુ કે, એ જ ડોક્ટરની સલાહ માનજો જે અલ્લાહમાં વિશ્વાસ કરતો હોય. મૌલાના સાદે સંદેશો આપીને કહ્યુ હતુ કે, જમાતે સરકારની મદદ કરવી જોઈએ. ડોક્ટરની સલાહ લેવી જોઈએ અને ક્યાંય ટોળુ ના થાય તેનુ ધ્યાન રાખવુ જોઈએ.

જમાતના લોકોની સારવાર કરી રહેલા ડોકટરો અને નર્સો હેરાન પરેશાન છે. કારણકે ઘણા લોકો ઈલાજ માટે સહાકર આપી રહ્યા નથી. મૌલાનાની અપીલ બાદ હવે આ લોકો ઈલાજમાં સહકાર આપે છે કે નહી તે જોવાનુ રહે છે.

ફિલ્મમેકર સુધીર મિશ્રાના પિતા ડોક્ટર દેવેન્દ્રનાથ મિશ્રાનું નિધન

મુંબઇ

ફિલ્મમેકર સુધીર મિશ્રાના પિતા ડોક્ટર દેવેન્દ્રનાથ મિશ્રાનું આજે એટલે કે બીજી એપ્રિલ, ગુરુવારના રોજ સવારે નિધન થયું હતું સુધીર મિશ્રાએ ટ્વીટ કરીને પિતાના અવસાનની માહિતી આપી હતી. બોલિવૂડ સેલેબ્સે ટ્વીટ કરીને દેવેન્દ્રનાથ મિશ્રાને શ્રદ્ધાંજલી પાઠવી હતી. સુધીર મિશ્રાએ ટ્વીટ કરી હતી, મારા પિતા ડોક્ટર દેવેન્દ્રનાથ મિશ્રાનું આજ સવારે નિધન થયું હતું. લખનઉનો એક છોકરો, એક ગણિતશાસ્ત્રી અને પછી ગણિતના પ્રોફેસર, સાગર યુનિવર્સિટી, જોઈન્ટ એજ્યુકેશન એડવાઈઝર મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, ડેપ્યુટી ડિરેક્ટર સીએસઆઇઆર, એમપી સાયન્સ એન્ડ ટેકનોલોજીના હેડ, બનારસ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર.



કોલકાતામાં કોરોનાવાયરસ રોગચાળો માટે લાદવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉન દરમિયાન મજૂરો ખાદ્ય ચીજોવાળી ટ્રકની બોરીઓ ઉતારી રહ્યા છે.



માણસો કેદ થયા છે ત્યારે પ્રકૃતિ આઝાદ થઈ હોય તેમ લાગે છે. મુંબઈ જેવા કૉંક્રિટના જંગલ બની ગયેલા શહેરોમાં ગીચતા, પ્રદુષણ અને ઘોંઘાટમાં ચકલુ પણ ફરકવા માગતું નથી ત્યારે લૉકડાઉન દરમિયાન પ્રકૃતિ સોળે કળાએ ખિલી હોય તેમ લાગે છે. સોશિયલ મીડિયામાં લોકો મુંબઈની આ સુંદરતાની તસવીરો પોસ્ટ કરી રહ્યા છે, જેમાં સ્વચ્છ અને સુંદર જુહુનો કિનારો, સૂર્યાસ્ત અને બાબૂલનાથ વિસ્તારમાં રસ્તામાં રમી રહેલા મોર દેખાઈ રહ્યા છે. જોકે, આ માટે મહામારીની આફતની જરૂર નથી. આપણે સૌ નિશ્ચિચય કરીએ તો પર્યાવરણ અને પ્રકૃતિ સાથે સુંસંવાદિતા સાધી આવો નઝારો રોજ નિહાળી શકીએ તેમ છીએ.

વિદેશથી આવીને કર્યા હતા ભજન-કિર્તન

પદ્મશ્રી જ્ઞાની નિર્મલ સિંહ ખાલસાનું કોરોના વાયરસથી નિધન

અમૃતસર

દેશમાં કોરોના વાયરસે કાળો કેર વર્તાવ્યો છે જેને પગલે મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અમૃતસરના સુવર્ણ મંદિરના પૂર્વ હજૂરી રાગી અને પદ્મશ્રી જ્ઞાની નિર્મલ સિંહ ખાલસાનું ગુરુવારે સવારે ૪.૩૦ વાગ્યે હદય રોગના હુમલાથી નિધન થઈ ગયું છે. તેમની ઉંમર ૯૨ વર્ષ હતી અને તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હોવાથી હોસ્પિટલમાં એડમિટ કરાયા હતા. પંજાબના ડિઝાસ્ટર મેનેજમેન્ટ કોવિડ ૧૯ના અગ્ર સચિવ બી એસ સિધૂએ આ માહિતી આપી હતી. નિર્મલ સિંહનો બુધવારે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા.



ભાઈ નિર્મલ સિંહ ખાલસાના સંપર્કમાં આવેલી તેમની પત્ની, બન્ને દીકરીઓ, એક પુત્ર, એક ડ્રાઇવર, બે સેવાદાર, બે સાથી રાગીઓ સહિત પરિવારના બે અન્ય સભ્યોને પણ આઈસોલેશનાં રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમના એક સાથી રાગીના પરિવારના પાંચ સભ્યોને પણ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. આ તમામના સેમ્પલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. તંત્ર દ્વારા સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દેવામાં આવ્યો છે.

અમૃતસર સિવિલ સર્જન ડો. પ્રભદીપ કૌર જોહલે જણાવ્યું હતું કે નિર્મલ સિંહને બુધવારે રાત્રે વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. તેમને બ્રોંકાઈલ અસ્થમા હોવાથી તેમની સ્થિતિ લથડી હતી. પંજાબમાં કોરોના પોઝિટિવ દર્દીઓનો મૃત્યુઆંક છ થયો છે. ૩૦ માર્ચના ભાઈ નિર્મલ સિંહને શ્રી ગુરુ રામ દાસ હોસ્પિટલમાંથી ગુરુ નાનક દેવ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમને કોરોના સંક્રમણ કેવી રીતે થયું તે જાણવા મળ્યું નથી. ગત મહિને તેમના ઘરે અમેરિકાથી મહેમાન આવ્યા હતા આ ઉપરાંત તેઓ યુકે પણ ગયા હોવાનું જણાયું હતું.

લોકો કોરોના વાયરસ અંગે ચર્ચા કરશે તો પોલીસ ધરપકડ કરશે

તુર્કમેનિસ્તાને 'કોરોના વાયરસ' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો

અશબગત

દુનિયાભરમાં કોરોના વાયરસથી બચવા વધુને વધુ જાગૃતિ ફેલાવવા માહિતી આપવામાં આવી રહી છે. પરંતુ મધ્ય એશિયાના દેશ તુર્કમેનિસ્તાને પોતાને ત્યાં 'કોરોના વાયરસ' શબ્દના ઉપયોગ પર પ્રતિબંધ લગાવી દીધો છે. તુર્કમેનિસ્તાનની સ્વતંત્ર ન્યૂઝ એજન્સી 'તુર્કમેનિસ્તાન ક્રોનિકલ'ના અહેવાલ અનુસાર સરકાર તરફથી મીડિયા, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી ઓફિસોને કહેવામાં આવ્યું છે કે 'કોરોના વાયરસ' શબ્દનો ઉપયોગ કરવામાં આવે નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'કોરોના વાયરસ' શબ્દની જગ્યાએ 'બીમારી' કે 'શ્વાસની બીમારી' જેવા શબ્દોનો ઉપયોગ કરાઈ રહ્યો છે. યુરોપીયન ન્યૂઝ એજન્સી 'રેડિયો ફ્રી યુરોપ'ના અહેવાલ અનુસાર તુર્કમેનિસ્તાની રાજધાની અશબગતમાં જે લોકો રોડ પર કોરોના વાયરસ અંગે વાતચીત કરશે કે ચહેરા પર માસ્ક પહેરશે, તેમની પોલીસ ધરપકડ કરી શકે છે. અહેવાલ અનુસાર પોલીસ અધિકારીઓ રોડ પર સાદા કપડાંમાં ફરી રહ્યા છે અને તપાસ કરી રહ્યા છે કે કોણ કોરોના વાયરસને લઈને વાતચીત કરે છે.



તંત્રી લેખ

કોરોના વાયરસ સંકટ

કોરોના વાયરસ સાથે સંબંધિત અહેવાલોને નિયંત્રિત કરવાની ઈચ્છા સરકારની રહેલી છે પરંતુ આ બાબત ચિંતાજનક રહેલી છે. સરકાર દ્વારા કરવામાં આવેલી આવી રજૂઆત યોગ્ય દેખાતી નથી. લોકડાઉનથી પ્રભાવિત મજદુરો અને કામદારોના સંબંધમાં કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં બે અરજી દાખલ કરી હતી. પોતાના સ્ટેટસ રિપોર્ટમાં કેન્દ્ર સરકારે લોકડાઉનની જાહેરાત બાદ મજદુરોમાં ફેલાયેલી દહેશત માટે કેટલાક સામાજિક અને આર્થિક કારણોને રજૂ કર્યા હતા. જો કે તેનુ માનવુ છે કે પારંપરિક મિડિયા, સોશિયલ મિડિયા અને અન્ય માધ્યમ મારફતે આપવામાં આવેલી માહિતીના કારણે સ્થિતી વધારે ખરાબ થઇ હતી. આવી સ્થિતીમાં કેન્દ્ર સરકારે કોર્ટેને એવા નિર્દેશ આપવાની માંગ કરી છે કે કોરોના વાયરસ સાથે સંબંધિત કોઇ પણ અહેવાલનો પ્રસારિત કરતા પહેલા સરકારી તંત્ર પાસેથી ખાતરી કરવી જોઇએ. સારી બાબત એ છે કે સરકારે આ બાબતને સ્વીકાર કરી નથી. સાથે સાથે ૨૪ કલાકમાં તેને પોર્ટલ બનાવવા માટે કહેવામાં આવ્યુ છે. જેના કારણે લોકોને તેની સાથે જોડાયેલી માહિતી તરત જ મળી રહેશે. શહેરોથી સમાજના કમજોર વર્ગના લોકો પલાયન કરી ગયા છે. આના કારણે સરકારની ચિંતા વાજબી છે. તેની આ આશંકા પણ નિરાધાર નથી કે સોશિયલ મિડિયા પર આવેલી રિપોર્ટમાં અને અફવાના કારણે મજદુરોમાં દહેશત ફેલાવી ગઇ હતી. જેથી તેઓ દિલ્હી અને અન્ય શહેરોમાંથી ચાલતા જ રવાના થઇ ગયા હતા. પરંતુ સરકારને આ પ્રવાહને રોકવા માટે આજ તરકીબ દેખાય છે તો તે યોગ્ય નથી. સમાચાર પોતાના હાથમાં લેવાની બાબત યોગ્ય દેખાતી નતી. સંકટના સમયમાં લોકો તમામ પ્રકારના સમાચાર જાણવા માટે ઇચ્છુક હોય છે. માત્ર સરકારી તંત્ર આપે તે પ્રકારના સમાચાર લોકો જોઇ શકે તેમ બાબત યોગ્ય નથી. સરકારી સ્તર પર કરવામાં આવેલી કામગીરી અંગે માહિતી પણ જો લોકો સુધી સરકર પહોંચાડી દે તો ખુબ છે. જો સરકારી નિર્ણયો અંગેની માહિતી પણ યોગ્ય રીતે સરકાર સુધી પહોંચી જશે તો ખુબ છે. કોઇ ખાસ મુદ્દાને લઇને શુ બની રહ્યુ છે તેને લઇને તમામ માહિતી મેળવી લેવી અને તે આધાર પર આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. કોઇની આસપાસ શુ ઘટના બની રહી છે અને દરરોજની લાઇફમાં લોકોને કેવી તકલીફ પડી રહી છે તે સંબંધમાં જાણકારી યોગ્ય રીતે નિકળી શકે છે તો તે મિડિયા પાસેથી જ છે. મિડિયા કર્મચારીઓ આના માટે ટ્રેનિંગ મેળવેલા હોય છે. તેમની પાસે આ અંગે પુરતુ માળખુ છે. તેમની સંસ્થાઓ તમામ સમાચારના સંબંધમાં પાકી માહિતી એકત્રિત કરે છે. જો કોઇ મિડિયા પોતાના હેવાલને લઇને ગંભીર નથી તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. જેથી આ બાબતને સ્વીકાર કર્યા વગર જો કોરોના સાથે સંબંધિત માહિતી માત્ર સરકારી સોર્સ પર આધારિત કરવામાં આવે છે તો તેના ઘાતક પરિણામ હોઇ શકે છે. અફવા અને ફેક ન્યુઝની બોલબાલા પણ વધી જશે. જો આવુ થશે તો સાચી અને ખોટી બાબતમાં અંતર થઇ શકશે નથી. સરકારને સંકટને ધ્યાનમાં લઇને તમામ બાબતો પોતાના હાથમાં લેવાની બાબત યોગ્ય નથી. કટોકટીમાં સરકારની સાથે જ હમેંશા મિડિયા ચાલે છે.

કોરોના વાયરસને લઇ સમાચારો નિયંત્રિત કરવા ઇચ્છા સરકારની છે જે ચિંતાજનક

કોરોનાએ જ્ઞાતિ-જાતિ,કોમ ભુલાવી માનવતા યાદ કરાવી દરેકને એક કર્યા....!

ચીનમાંથી ઉદભવેલા કોરોના વાયરસ સમગ્ર વિશ્વના દેશોમાં ખાનાખરાબી સર્જી દીધી છે પાંચ-સાત દેશો છોડીને બાકીના ૧૮૩ દેશોમાં કોરોના વાયરસે તાડવ નૃત્ય શરૂ કરી દીધું છે.વિશ્વભરમા ૪૭ હજાર લોકોના મોત થવા તરફ આકડો આગળ વધી રહ્યો છે. ત્યારે કોરોના ચપેટમાં આવનારાઓનો આંકડો ૧૦ લાખ તરફ આગળ વધી રહ્યો છે .જોકે કોરોનાની સારવાર લઇ બચી જનારાઓનો આંકડો ૨ લાખ પર પહોંચવા પર છે. તો ટ્રમ્પની લાપરવાહીને કારણે અઢી લાખ ઉપરાંત અમેરિકનો કોરોનાની ચપેટમાં આવી ગયા છે. અમેરિકાના એક જહાજમાં ૭૦ જેટલા સૈનિકોમા કોરોના વાયરસ મળી આવતા જહાજમા રહેલા ૫ હજાર સૈનિકો ઉપર જોખમ તોળાઈ રહ્યું છે. ત્યારે બિઝનેસ માઈન્ડ ધરાવતા ડોનાલ્ડ ટ્રમ્પ આજે પણ lockdown જાહેર કરવા તૈયાર નથી. ૮૦ ટકા ઉપરાંત અમેરિકનો ર્ફ્હાર્ફ્હ માંગી રહ્યા છે પરંતુ ટ્રમ્પ તેમના પોતાના નાગરિકોની વાત સ્વીકારવા તૈયાર નથી.આ કારણે અમેરિકાની હાલત વધુ કફોડી બની જશે તેવું ત્યાંના લોકો અફસોસ સાથે કરી રહ્યા છે...ચીનથી તેમજ વિદેશમાંથી ભારત પરત આવેલા ભારતીયો દ્વારા કોરોના દેશમા પહોંચી ગયો જેમાં તબલિગી સમાજના વડાને કારણે દેશના અનેક રાજ્યોમાં કોરોના પહોંચી ગયો છે. દિલ્હીના તબલિગી આતરરાષ્ટ્રીય સેન્ટર ખાતે ધાર્મિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં પોલીસની અનદેખી સ્પષ્ટ દેખાઈ આવે છે....! જ્યારે આકરા પગલાં લેવાની જરૂર હતી ત્યારે ન લીધા પરંતુ વિવિધ રાજ્યોમાં તબલિગી ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપી પરત ફરેલાઓમાં મોટો ભાગના કોરોના ગ્રસ્ત બની ગયાનું બહાર આવતા ભારત સરકાર અને રાજ્ય સરકારો ફફડી ઊઠી અને પોતપોતાના તંત્રને તાકીદે તબલિગી કાર્યક્રમમાં ભાગ લેનારાને શોધવાના કામમાં લગાવી દીધા. જેમાં વિવિધ રાજ્યમાં પકડાયેલા તબલિગોમાં મોટા ભાગનાને કોરોના વાયરસ પોઝિટીવ હોવાનું બહાર આવતા સરકારો અને દેશની પ્રજાના મનમાં ડર ફરી વળ્યો છે.... તો મોદીજી દેશના દરેક રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ યોજીને વિગતો મેળવવાના તથા રાજ્યો દ્વારા લેવામાં આવેલ પગલાઓ, લોક સહાય સહિતની બાબતોની રજે રજની માહિતી મેળવવામાં ઓત પ્રોત બની ગયા છે. જે બતાવે છે કે કોરાનાની ભયાનકતા શું છે....?

દેશમાં એક સમયે કોમ કોમ,નાત- જાત, વચ્ચે તડા પડાવવાનો રાજકીય દાવ ખેલતા રહ્યા હતા ત્યારે કોરોનાએ પોતાનું અસલી રૂપ બતાવીને દરેક લોકોમાં એકતા નો ભાવ પેદા કરી દેવા સાથે દરેકને એક તાંતણે જોડી દીધા છે. કોરોનાએ કોમ, ગ્યાતી- જાતિ જોયા વગર અનેકને મોતના મુખમાં ધકેલી દીધા છે. ત્યારે દેશભરમાં લોકોએ જ્ઞાતિ-જાતિના ભેદ ભાવ ભૂલી ભૂખ્યા જનોને જમાડવા, ખાવા-પીવાનું પૂરું પાડવા પોતાનાથી બનતી તમામ મદદ કરી રહ્યા છે. લોકો જેની સામે અવારનવાર બાખડી પડતાં હતા તેવિ પોલીસો,ડૉક્ટર્સો- નર્સો, મેડિકલ કર્મચારીઓને સરકારી અધિકારીઓ આમ પ્રજાના બચાવમાં રાત-દિવસ જોયા વગર મેદાનમાં ઉતરી પડ્યા છે. સમગ્ર વિશ્વ અને દેશભરમાં પત્રકારો- મીડિયા જગત કોરોના વાયરસ અહી તહી પોતાના જીવના જોખમે રખડી રહ્યા છે અને દરેક લોકોને વિવિધ માધ્યમો દ્વારા સમાચારો પહોંચાડી રહ્યા છે. જોકે સરકાર આ મિડીયા-પત્રકારો માટે પેકેજ આપવા તૈયાર નથી.... તો સામે દેશના વિવિધ રાજ્યોમાં અનેક પત્રકારો સંગઠિત થઈને આમ ગરીબ લોકોને ખાવા-પીવાની કીટ, માસ્ક, દવાઓ, સેનેટાઈઝર વગેરેનુ ગામડાઓમાં વિતરણ કરી રહ્યા છે. કારણ નાના-મોટા શહેરોમાં નાના મોટા સંગઠનો, સંસ્થાઓ, ધર્મ સંસ્થાઓ લોકોને જમાડે છે કે અનાજ સહિતની સહાય આપે છે. ત્યારે ગામડાના લોકોનુ કોણ..? દાતાઓ ગામડાં તરફ કે લોઅર મધ્યમવર્ગનું જેઓ ભીખ પણ ના માગી શકે કે ના કોઈ પાસે હાથ લાંબો કરી શકે તેવા લોકોને તૈમના ઘર સુધી સહાર પહોંચાડવાની જરૂર છે.....પણ....કોણ વિચારશે...?

દેશભરમાં સાંસદો, ધારાસભ્યો, નગરસેવકો સહિતના પ્રજાના કરમાંથી પગાર-ભથ્થા સહિતની અન્ય સુવિધાઓ મેળવે છે અને પ્રજા હિતની વાતો કરી પ્રજાના મત મેળવી લીધા બાદ પ્રજાને જ ભૂલી જાય છે જે અત્યારના કપરા સમયમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે....! પ્રજા વચ્ચે તેઓ આવતા નથી તો ખિસ્સામાંથી એક પાઈની પણ મદદ કરતા નથી... જે કિઈ દાન આપે છે તે પોતાને મળતા બજેટમાંથી આપે છે. ત્યારે ર્ફ્હાર્ફ્હ માંથી બહાર આવીને પોતાના ખિસ્સાના પૈસાથી લોકોને સહાય કરે તે જરૂરી છે.... કેટલાક તો અનાજ કીટ આપતા ફોટા પડાવીને સોશિયલ મીડિયા પર મૂકીને ગરીબો- મજૂરોની મજાક ઉડાવતા હોય તેવું લાગે છે.....! એજ કારણે લોઅર મધ્યમવર્ગ સહાય લેવાથી દૂર રહે છે. અને ભુખમાં દિવસો પસાર કરે છે. તો હવે સરકાર કે ધર્મ સંસ્થાઓ જાગે અને લોઅર મધ્યમવર્ગની ખાનગી રાહે સહાય પહોંચાડે તે જરૂરી છે. બીજી તરફ ગુજરાતમાં જે પ્રકારે તેમાંય તબલિગીઓને કારણે કોરોના કેસો વધવાનો ડર પેસી ગયો છે તેમાં તબીબી જગતે આમ પ્રજામાં એક નવો વિશ્વાસ અને શ્રદ્ધા ઊભી કરી દીધી છે. જેથી કહેવું પડે કે કોરોનાથી ડરો નહીં તેની સામે લડો.... પરંતુ એકાંતમાં રહીને... ગરમ પાણી પીવાનું રાખીને.....યુએઈથી પરત આવેલા રાજકોટના દર્દીનો કોરોના પોઝૂટીવ રિપોર્ટ આવ્યો હતો અને હોસ્પિટલાઈઝ કર્યા બાદ ડોક્ટરોની ટીમે સારવાર કરી અને તેમના ૧૪ દિવસ પછી બે રિપોર્ટ કઢાવ્યા,બંન્ને રિપોર્ટનો અહેવાલ નેગેટીવ આવતા આ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપી સાત દિવસ માટે ઘરમાં રહેવાની સૂચના આપવામાં આવી છે આ સમાચારે દેશભરમાં આશાનું કિરણ પેદા થયું છે. તો તબીબોમાં ખુશી ફરી વળી છે. છતાંય આગામી પાંચ દિવસ ખૂબ અગત્યના છે...ઘર બહાર ન નીકળતા... સંપર્ક સમયે અંતર જાળવજો...


હાલમાં જ્યાં છે ત્યાં આ લોકો કોરોના ફેલાવવા થુંકવાનુ કામ કરે છે...

આ કોરોના જેહાદ નથી તો શુ છે ?



માનવરૂપી હિંસક પશુઓના કોરોનાગ્રસ્ત થવાથી દેશમાં કોરોના દર્દીઓની સંખ્યા એકાએક અનેક ગણી થઇ : ત્રીજા તબક્કાનો હવે ખતરો

દેશમાં હાલમાં જીવલેણ કોરોના વાયરસની સામે જંગ જારી છે. એક પછી એક નિર્ણય લેવામાં આવી રહ્યા છે. સૌથી પહેલા કોરોનાના ભારત સહિત દુનિયાના દેશોમાં ચાલી રહેલા મીટરને રોકવા માટે પહેલા કલમ ૧૪૪ અમલી કરવામાં આવી હતી. ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક દિવસ માટે જનતા કરફ્યુની જાહેરાત કરી હતી. ભારત સરકારે એક પછી એક નિર્ણયો લેવાનુ ચાલુ રાખીને કોરોનાના ખતરાને ધ્યાનમાં લઇને વધુ કઠોર નિર્ણય કર્યા હતા. વડાપ્રધાન મોદીએ સમગ્ર ભારતમાં ૨૧ દિવસ માટે લોકડાઉનની જાહેરાત કરી દીધી હતી. દેશના તમામ મંદિરો, મસ્જિદો, ચર્ચને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જો કે હજુ પણ અનેક મુસ્લિમો બેપરવાહ થઇને મસ્જિદોમાં સામુહિક નમાજ અદા કરતા રહ્યા હતા. કેટલાક સ્થળો પર પોલીસે તેમના પર બળ પ્રયોગ પણ કર્યો હતો. કેટલીક જગ્યાએ પોલીસ તેમને રોકવા માટે ગઇ ત્યારે પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જાણવા મળ્યુ કે દિલ્હીના નિઝામુદ્દીનમાં ભારત સરકારના આદેશને પાળવાનો ઇન્કાર કરીને ૨૦૦૦ કરતા વધારે દેશી વિદેશી મુસ્લિમો એકત્રિત થયા હતા. દિલ્હી પોલીસે ચેતવણી આપી હોવા છતાં તબલીગી જેવી કટ્ટરપંથી સંસ્થાના લોકો સરકારની ક્યાં સાંભળનાર હતા. ત્યારબાદ જ્યારે તેમનામાંથી કેટલાક હૈદરાબાદમાં મરી ગયા ત્યારે રાત્રે બે વાગ્યા મસ્જિદને ખાલી કરાવી દેવા માટેનુ ઓપરેશન શરૂ થયુ હતુ. આના માટે ભારત સરકારે કમાન્ડો ઓપરેશન માટેની પણ તૈયારી રાખી હતી. આ લોકો ભારત અને હિન્દુ લોકોની સાથે એટલી નફરત કરે છે કે આ લોકોએ બસની બારીમાંથી દિલ્હી પોલીસના જવાનો અને તબીબો પર તેમના કોરોનાગ્રસ્ત કરવા માટે થુંકી દેવાનુ ચાલુ કર્યુ હતુ. હજુ પણ તેમને જ્યાં રાખવામાં આવ્યા છે ત્યાં બિમારી ફેલાવવાના હેતુથી બસ થુંકી રહ્યા છે. હવે તો આ પણ જાણવા મળ્યુ છે કે તબલીગી પ્રધાન મુસ્લિમોને મસ્જિદમાં આવીને નમાજ અદા કરવા માટે કહે છે. મસ્જિદમાં આવીને મરવા માટે કહે છે. તેમનુ કહેવુ છે કે મરવા માટે મસ્જિદ સૌથી શ્રેષ્ઠ જગ્યા છે. આ માનવરૂપી હિંસક પશુઓના કોરોનાગ્રસ્ત થવાના કારણે જ દેશમાં એકાએક કોરોનાના કેસો વધી ગયા છે. તેમાં ૫૦૦થી વધારેની વૃદ્ધિ થઇ ગઇ છે. કોરોના ત્રીજા તબક્કામાં પ્રવેશ કરે તેવી સ્થિતી સર્જાઇ ગઇ છે. આમાંથી મોટી સંખ્યામાં લોકો દેશની જુદી જુદી મસ્જિદોમાં સંતાઇ ગયા છે. જેનાથી સાબિત થાય છે કે મસ્જિદોનો કઇ હદ સુધી ઉપયોગ કરવામાં આવે છે. આ રીતે હાલના સમયમાં એક પ્રકારે નવા જેહાદની શરૂઆત થઇ છે અને આ જેહાદનુ નામ છે કોરોના જેહાદ, આ લોકો કેટલી હદ સુધી પશુ બની ચુક્યા છે તે આ બાબતથી જાણી શકાય છે કે જે તબીબો અને તંત્રના લોકો તેમની જાન બચાવવા માટે લાગેલા છે તેમને જ આ લોકો મારવા માટે ઇચ્છુક છે. આજે સમજી શકાય છે કે તેમના દિમાગમાં ભારત અને બિન મુસ્લિમ લોકો પ્રત્યે કેટલા હદ સુધી ઝેર છે. તેમની સારખામણી માત્ર પાગલ થયેલા શ્વાસ સાથે કરવામાં આવી શકે છે. હદ તો એ છે કે સરકારી નિર્દેશોનો પાળ્યા વગર તેઓ પોતાના ઘર પરિવાર અને મિત્રોને પણ ખતરામાં મુકી રહ્યા છે. એંકદરે આવા લોકો દરેક પ્રકારની સ્થિતીમાં જેહાદ શોધી કાઢે છે. લવ જેહાદ, લેન્ડ જેહાદ, હવે કોરોના જેહાદની શરૂઆત કરવામાં આવી છે. એવુ નથી કે દેશના તમામ મુસ્લિમ આ પ્રકારના રહેલા છે. પરંતુ તેઓ કટ્ટરપંથી તાકાતનો વિરોધ પણ કરતા નથી. જે વાસ્તવિકતા છે. આ જ તબલીગી મામલાને લેવામાં આવે તો કેટલાક બુદ્ધીજીવી લોકો દલીલ આપી રહ્યા છે કે વૈષ્ણોદેવીમાં પણ ૪૦૦ શ્રદ્ધાળુઓ ફસાયેલા છે. જ્યારે વાસ્તવિકતા તો એ છે કે વૈષ્ણોદેવી માતા ટ્રસ્ટે ૧૮મી માર્ચના દિવલસે જ લોકડાઉનની જાહેરાત કરી દીધી હતી. જેથી ત્યાં કોઇ શ્રદ્ધાળુઓ જ નથી. ચિંતાજનક સ્થિતીમાં હવે સવાલ થાય છે કે શુ કરવામાં આવે. ચીનની જેમ તમામ મસ્જિદોને તોડી પાડવામાં આવે તેમ કોઇ બુદ્ધીજીવી કહેશે નહીં પરંતુ મસ્જિદોમાં નિયંત્રણ હવે જરૂરી છે. આના માટે કઇ પણ કરવામાં આવે તો સરકાર કરે તે જરૂરી છે. મદરેસાને તો ચોક્કસપણે બંધ કરાવી દેવાની જરૂર છે. તેમનામાં અભ્યાસ કરતા બાળકોને આધુનિક શિક્ષણ આપવાની જરૂર છે. સમાન નાગરિક સંહિતા બનાવવાની જરૂર ચે. વસ્તી નિયંત્રણ કાનુનની જરૂર છે. જે પણ મસ્જિદ ભારત વિરોધી ગતિવિધીમાં સામેલ દેખાય તેને હોસ્પિટલમાં બદલી નાંખવાની રજૂઆત કેટલાક નિષ્ણાંત લોકો કરે છે.



ન્યાયપાલિકાની પણ પાંખ કાપવાની જરૂર છે જે આવા મામલામાં દરમિયાનગીરી કરી શકે નહીં. ભારતમાં માત્ર ભારતની સંસ્કૃતિ રહે તે જરૂરી છે. જે વાસુદેવ કુટુમ્બકમમાં વિશ્વાસ રાખે છે. આવી બર્બર સંસ્કૃતિમાં વિશ્વાસ રાખતી નથી.

પુરૂષોનુ પણ તારણોને સંપૂર્ણપણે સમર્થન મળ્યુ

ફર્ટાયલ યુવતિઓ આકર્ષક

તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ફર્ટાઈલ યુવતીઓ વધારે આકર્ષક અને ખૂબસુરત દેખાય છે. પુરુષ પણ આ બાબત માનવા લાગ્યા છે. નવા અભ્યાસમાં હવે વૈજ્ઞાનિક રીતે પણ આ બાબત સાબિત થઈ ગઈ છે. ઘણી મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા નવા અભ્યાસ બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે હોર્મોનલ શિફ્ટના કારણે આ ખૂબસુરતી વધી જાય છે. મહિલાઓમાં જરૂરી ફેરફારો પણ આ હાર્મોનના કારણે થાય છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે તમામ મહિલાઓની ખૂબસુરતીની બાબત હાર્મોનના શિફ્ટ સાથે સંબંધિત થયેલી છે. આનાથી શરીરમાં જુદા જુદા ફેરફાર થાય છે અને વર્તનમાં પણ ફેરફાર થાય છે. ટૂંકમાં ફર્ટાઈલ યુવતીઓ વધારે ખૂબસુરત અને આકર્ષક દેખાય છે. સંશોધકોએ ૨૦૨ મહિલાઓને આવરી લઈને અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. જેના ભાગરૂપે આ તમામના ફોટાઓ પણ લેવામાં આવ્યા હતા. માસિક ચક્રના ગાળા દરમિયાન તેમના અવાજની નોંધણી પણ કરવામાં આવી હતી. સંશોધકોએ બંને સેશન દરમિયાન હાર્મોનની સપાટીને જાણવા માટે સલીવા સેમ્પલ લેવામાં આવ્યા હતા. ૫૦૦થી વધુ પુરુષોએ મહિલાના ચહેરા અને અવાજની અસરકારકતાની નોંધ લીધી છે. પ્રથમ સેશનના રેટીંગ અને બીજા સેશનના રેટીંગ જુદી જુદી રીતે જારી કરવામાં આવ્યા હતા અને આ બંનેની સરખામણી પણ કરવામાં આવી હતી. પુરુષોએ કહ્યું છે કે જ્યારે મહિલાની પ્રોગ્રેસ ટેરોનની સપાટી ઓછી હોય છે અને એસ્ટ્રા ડીઓલની સપાટી ઊંચી હોય છે ત્યારે મહિલા વધુ ખૂબસુરત દેખાય છે. અભ્યાસ મુજબ ચક્ર દરમિયાન મહિલામાં એસ્ટ્રા ડીઓલની સપાટી ખૂબ ઊંચી હોય છે. આ તારણો હવે પ્રકાશિત પણ કરવામાં આવી ચૂક્યા છે.

પૂજા કરવાના સ્થાને રણબીર ચપ્પલ પહેરીને આવતા ઋષિ કપૂરે થપ્પડ ઝીંકી..!!



મુંબઈ

બોલિવૂડ એક્ટર રણબીર કપૂરના જીવનની કહાની કોઈ ફિલ્મી કહાનીથી કંઈ ઓછી નથી. તેના જીવનમાં એવા કેટલાય ઉતાર ચઢાવ આવ્યા છે કે, જેના પર આવતા સમયમાં કદાચ ફિલ્મ પણ બની શકે. તેની ફેમિલી લાઈફ પણ એટલી જ રસપ્રદ છે. એક ઈન્ટરવ્યૂમાં રણબીર કપૂરે જણાવ્યું હતું કે, એની એક હરકતના કારણે એક વખત પિતા ઋષિ કપૂરે એક લાફો મારી દીધો હતો.

આમ પણ બધા જાણે જ છે કે, ઋષિ કપૂર થોડો ગુસ્સાવાળા સ્વભાવ ધરાવે છે. તેના આ ગુસ્સાના કારણે ઋષિ કપૂર ઘણી વખત ચર્ચામાં પણ આવ્યા છે. રણબીર સાથે પણ એક વખત થોડી બબાલ થઈ ગઈ હતી. બન્યું એવું કે, રણબીર કપૂરના ઘરે પૂજા હતી, અને રણબીર કપૂરને ખબર નહોતી કે પૂજા કરવાના સ્થાને ચપ્પલ પહેરીને ન જવાનું હોય. તો જેવી બાળકોની ભૂલ થાય એવી ભૂલ થઈ ગઈ.રણબીરની આ હરકત પર ઋષિ કપૂરને ગુસ્સો આવ્યો અને તેણે જોરદાર એક લાફો મારી દીધો. રણબીરને આ કિસ્સો આજે પણ યાદ છે અને ઋષિ કપૂર માટે જીવનના યાદગાર કિસ્સામાંનો આ એક કિસ્સો છે. ઉલ્લેખનીય છે કે રણબીર કપૂર જલ્દી જ આલિયા સાથે બ્રહ્માસ્ત્રમાં જોવા મળવાનો છે.

ભાજપ સાંસદ ગૌતમ ગંભીરે બે વર્ષનો પગાર પીએમ કેર ફંડમાં દાન કર્યો



ન્યુ દિલ્હી

ભારતના ભૂતપૂર્વ બેટ્સમેન અને સાંસદ ગૌતમ ગંભીરે કોરોના વાયરસ સામેની લડતમાં પ્રશંસનીય પહેલ કરી છે. પૂર્વ દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીરે પોતાનો બે વર્ષનો પગાર પીએમ કેર ફંડમાં દાન આપવાનો નિર્ણય લીધો છે. ગૌતમ ગંભીરે ટ્વીટ કરીને આ અંગે માહિતી આપી છે.ગૌતમ ગંભીરનું માનવું છે કે આપણે દેશ માટે શું કરી શકીએ તે અંગે વિચાર કરવો જોઈએ. તેમણે કહ્યું, 'દરેક જણ પૂછે છે કે દેશે આપણા માટે શું કર્યું છે. પરંતુ આપણે વિચારવું જોઈએ કે આપણે દેશ માટે શું કરી શકીએ. હું મારો બે વર્ષનો પગાર પીએમ કેર ફંડમાં આપું છું.

આ અંતર્ગત, ગંભીર તેના મત વિસ્તારના ગરીબ લોકોને ફૂડ પેકેટનું વિતરણ કરી રહ્યો છે. ગંભીરે કહ્યું કે તેમના ફાઉન્ડેશને ગરીબોમાં વહેંચવા માટે ૨૦,૦૦૦ ફૂડ પેકેટ તૈયાર કર્યા છે.

રોહિતે પંતની ઉડાવી,તને એક વર્ષ નથી થયું ક્રિકેટ રમતા અને....




મુંબઈ

કોરોના વાયરસના કારણે દેશમાં હાલ લોકડાઉન છે. જેના કારણે બધા સ્પોર્ટ્સ ઈવેન્ટ પણ રદ કરવામાં આવ્યા છે. જેથી બધા ખેલાડીઓ હાલ ઘરમાં રહી પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. આ દરમિયાન કેટલાક ખેલાડીઓ સોશિયલ મીડિયા પર વધુ એક્ટિવ રહેવા લાગ્યા છે અને ક્રિકેટર્સ ઈન્સ્ટાગ્રામ પર લાઈવ ચેટના માધ્યમથી ફેન્સ સાથે જોડાઈ રહ્યા છે. આ ક્રમમાં બુધવારે રોહિત શર્મા અને જસપ્રીત બુમરાહે ઈંસ્ટાગ્રામ પર લાઈવ ચેટ કરી. આ દરમિયાન બંને મળીને રિષભ પંતને જબરદસ્ત ટ્રોલ કર્યો. લાઈવ ચેટ દરમિયાન બુમરાહે રોહિતને કહ્યું કે પંત ઈચ્છે છે કે તે રોહિત સાથે મુકાબલો કરે કે કોણ વધારે મોટા શોટ્સ લગાવી શકે છે. આ અંગે રોહિતે પંતને ટ્રોલ કરતા કહ્યું કે, 'મારી સાથે મુકાબલો કરવો છે? એક વર્ષ થયું નથી ક્રિકેટ રમતા, અને તેને છગ્ગાનું કોમ્પ્લિશન કરવું છે.'

બુમરાહ અને રોહિત શર્માના લાઈવ ચેટનો આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર જબરદસ્ત રીતે વાયરલ થઈ રહ્યો છે અને ફેન્સ પોતાની અલગ-અલગ પ્રતિક્રિયા આપી રહ્યા છે. આપણે જણાવી દઈએ કે કોરોનાના કારણે ૨૯ માર્ચથી શરૂ થતી આઈપીએલ ટુર્નામેન્ટ પણ ૧૫ એપ્રિલ સુધી સ્થગિત કરવામાં આવી છે.

ઓલિમ્પિક્સ બાદ હવે વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ પણ સ્થગિત



પેરિસ

વિશ્વભરમાં કોરોના વાઇરસના સંક્રમણને કારણે ફેલાયેલા ડરને લીધે ટોક્યો ઓલિમ્પિક, ૨૦૨૦ને એક વર્ષ સુધી પાછળ ઠેલાવાથી ૨૦૨૧માં પ્રસ્તાવિત વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ હવે ૨૦૨૧ને બદલે ૨૦૨૨માં યોજાશે. વિશ્વ એથ્લેટિક્સે ટોક્યો ઓલિમ્પિકની નવી તારીખ જાહેર થયા પછી આ નિર્ણય લેતાં અમેરિકાના યુજિનમાં છથી ૧૦ ઓગસ્ટ, ૨૦૨૧ સુધી પ્રસ્તાવિત આ ચેમ્પિયનશિપનું આયોજન હવે ૨૦૨૨માં થશે. વિશ્વ એથ્લેટિક્સે કહ્યું હતું કે અને જાપાનના આયોજકો અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC)દ્વારા જાહેર કરવામાં આવેલી ઓલિમ્પિકની નવી તારીખોને આવકારીએ છીએ. આનાથી અમારા એથ્લિટોને પ્રશિક્ષણ (ટ્રેનિંગ) અને હરીફાઈ કરવા માટે વધારાનો સમય મળશે. તેમણે કહ્યું હતું કે દરેક જણે આના માટે સાનુકૂળ થવું પડશે અને અમે ઓરેગોનમાં થનારી એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે સ્થાનિક આયોજકોથી ચર્ચા કરીને નવી તારીખોની જાહેરાત કરીશું. વિશ્વ એથ્લેટિક્સે કહ્યું હતું કે તેઓ આના માટે કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશન સિવાય યુરોપિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપના આયોજકોથી પણ ચર્ચા કરી રહ્યા છે. કોમનવેલ્થ ગેમ્સ હાલમાં બર્મિંગહામમાં ૨૭ જુલાઈથી સાત ઓગસ્ટ, ૨૦૨૨ સુધી યોજાશે. જ્યારે યુરોપિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ મ્યુનિચમાં ૧૧-૨૧ ઓગસ્ટમાં યોજાશે.

બીસીસીઆઈ ખેલાડીઓના પગારમાં કાપ નહિ મૂકે: અરુણ ધુમાલની સ્પષ્ટતા

મુંબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ કોરોના વાઈરસના ફેલાવા વચ્ચે ખેલાડીઓના પગારમાં ઘટાડો કરવાની યોજના બનાવી રહ્યા નથી અને તે અંગેનો કોઈ વિચાર પણ નથી. બીસીસીઆઈના ટ્રેઝરર અરુણ ધુમાલે આ બાબતે સ્પષ્ટતા કરી છે.

ધુમાલે સ્પષ્ટ કર્યું કે, પગાર ઘટાડા બાબતે કોઈ ચર્ચા થઈ નથી અને જ્યારે રોગચાળોના કારણે મોટો આર્થિક ફટકો પડશે, ત્યારે પણ પગારમાં કોઈ જાતનો ઘટાડો કરવાની યોજના નથી.

ક્રિકેટ સંચાલક મંડળના સુત્રના જણાવ્યા મુજબ, કોવિડ-૧૯ ફાટી નીકળવાના કારણે મુલતવી રાખવામાં આવેલી ઈન્ડિયા પ્રીમિયર લીગ ત્યારે જ યોજાશે જ્યારે પરિસ્થિતિમાં સુધારો થશે.

આઈપીએલને અલગ વિંડો મળશે કે નહીં તે બાબતે સૂત્રએ જણાવ્યું કે, જુઓ અમે ગત વખતે ફ્રેન્ચાઈઝી સાથે મુલાકાત કરી હતી ત્યારે અમે કેટલાક ક્રમ્યુટેશન અથવા સંયોજન વિશે ચર્ચા કરી હતી, પરંતુ આ ફાઈનલ વિંડો પર આધારિત છે. જો ત્યાં થોડી વિંડો ઉપલબ્ધ છે, તો જ અમે કોલ કરી શકીએ છીએ. હમણાં, પરિસ્થિતિ બગડેલી છે ત્યારે આખા દેશએ ફક્ત ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.

યુ ટ્યૂબ ચેનલ ચલાવનાર ભુવન બામ માર્ચ મહિનાની કમાણી દાન કરશે




મુંબઈ

બીબી કી વાઈન્સ નામની યુ ટ્યુબ ચેનલ ચલાવનાર ૨૬ વર્ષીય ભુવન બામ આ સંકટના સમયમાં આર્થિક સહાય કરવા આગળ આવ્યો છે. મહામારી કોરોના સામેની લડતમાં તેણે પોતાની માર્ચ મહિનાની સમગ્ર આવક દાન કરી છે. એક્ટર, સિંગર અને યુ ટ્યુબર એવો ભુવન બામ તેની ચેનલ પર લોકોને કોરોના વાઈરસ અંગે જાગૃત પણ કરતો રહે છે. ભુવને કુલ ૧૦ લાખ રૂપિયા ડોનેટ કર્યા છે જેમાં ૪ લાખ રૂપિયા પીએમ રિલીફ ફંડ, ૪ લાખ રૂપિયા સીએમ રિલીફ ફંડ અને ૨ લાખ રૂપિયા ફીડિંગ ઈન્ડિયા ઈનિશિએટિવમાં આપ્યા છે.

આર્થિક સહાય કરવામાં બોલિવૂડ સેલેબ્સ પણ પાછળ રહ્યા નથી. અક્ષય કુમારે ૨૫ કરોડ રૂપિયા, ટી સિરીઝના ભૂષણ કુમારે ૧૨ કરોડ રૂપિયા, વિકી કૌશલ અને કાર્તિક આર્યને ૧ કરોડ રૂપિયા આપ્યા છે. આ સિવાય પણ ઘણા બધા સેલેબ્સે દાન કર્યું છે અમુકે રકમ જાહેર કરી છે તો અમુકે ગુપ્તદાન કર્યું છે. આ લિસ્ટમાં માધુરી દીક્ષિત, આલિયા ભટ્ટ, કેટરિના કૈફ, કરણ જોહર, ભૂમિ પેડનેકર, રાજકુમાર રાવ વગેરે છે. સાઉથ સેલેબ્સે પણ તેમનો ફાળો નોંધાવ્યો છે.

કોઈ પણ બીમારી ધર્મ,ઉંચ-નીચ નથી જોતોઃ નુસરત જહાં



કોલકાત્તા

ઘણા લોકો દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલીગી જમાતના મરકજ અંગે જાણી લોકો પ્રતિક્રિયા આપી રહ્યા છે. નવાઝુદ્દીન સિદ્દીકી અને ફરાહ ખાન જેવા કલાકારો બાદ હવે આ કેસમાં અભિનેત્રી અને સાંસદ નુસરત જહાંનું નિવેદન પણ સામે આવ્યું છે. નુસરતે મરકજની બેદરકારી અંગે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. નુસરતે કહ્યું કે દેશમાં ઘણા ધર્મ છે, કોઈ પણ કોઈ કાર્યક્રમમાં ભાગ નથી લઈ રહ્યા. મરકજના મામલાએ આપણાને ઘણા પાછળ લાવીને ઉભા કરી દીધા છે. તાજેતરમાં જ, મરકજના મૌલાના સાદની એક ઓડિયો ટેપ વાયરલ થઈ છે, જેમાં સાદ લોકોને સલાહ આપી રહ્યો છે કે લોકોને કોરોના વાયરસના ડરથી મસ્જિદો ન છોડવી જોઈએ. આ અંગે વાત કરતાં નુસરતે કહ્યું કે હું હાથ જોડીને કહીશ કે આપણે આજે જે સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ, આપણે રાજકીય, ધાર્મિક અને જાતિ સંબંધિત વાતો બંધ કરી દેવી જોઈએ.

તેણે વધુમાં કહ્યું કે તમે તમારા ઘરમાં રહો, ક્વોરેન્ટાઈનમાં રહો અફવાઓ ન ફેલાવો તો સારું રહશે. ધર્મ બાદમાં આવે છે પરંતુ સતર્ક રહેવું પહેલી પ્રાથમિકતા હોવી જોઈએ કારણકે કોઈપણ બીમારી ધર્મ, ઉંચ-નીચ જોઈને એટેક નથી કરતી. આ આપણા માટે ખૂબ સંવેદનશીલ સમય છે અને તમે કોઈપણ ધર્મના હોય તમારે આ ખતરનાક વાયરસને સમજવો જોઈએ.

જમાતના જલસા પર એ.આર.રહેમાન ગુસ્સે ભરાયા

ડોક્ટરો,નર્સો બીજાની જિંદગી બચાવવા પોતાની જિંદગી સાથે ખિલવાડ કરી રહ્યા છે



મુંબઈ

દિલ્હીના નિજામુદ્દીન વિસ્તારમાં આવેલી મરકજમાં આયોજિત તબ્લીગી જમાતમાં ધાર્મિક જલસાને લઈ દેશભરમાં કોરોના વાયરસનો ખતરો વધી રહ્યો છે. જેમાં લગભગ ૨૦૦૦ લોકો સાથે રહી રહ્યા હતા. આખો દેશ આ વાત પર ભડક્યો છે. હવે આ જ અરસામાં સિંગર એ.આર. રહેમાન પણ આગળ આવ્યો અને લાલચોળ થઈ બે શબ્દો કહ્યા છે. સિંગરે કહ્યું કે, આ મેસેજ એ બધા ડોક્ટરો, નર્સો અને એ કર્મચારીઓને ધન્યવાદ કહેવા માટે છે કે જે આખા દેશમાં હોસ્પિટલ અને ક્લિનિકમાં દિલ દઈ જાન દાન પર લગાવીને કામ કરે છે. આપણી જિંદગી બચાવવા માટે એ લોકો તેની જિંદગી સાખે ખિલવાડ કરી રહ્યા છે.

રહેમાને આગળ લખ્યું કે, આ સમય એકબીજાના મતભેદો ભૂલીને અદશ્ય દેખાતા દુશ્મનો સામે લડવાનો છે, કે જેણે આખી દુનિયા સામે તબાહી મચાવી દીધી છે. આ એ સમય છે કે જ્યારે માનવતા અને આધ્યાત્મિકતા પર આપણે અમલ કરવો જોઈએ. આ સમયે આપણે આપણા પડોશી, વરિષ્ઠો, ગરીબો અને પ્રવાસી શ્રમિકોની મદદ કરવી જોઈએ.

આગળ વાત કરતાં જણાવ્યું કે, ઈશ્વર તમારા હૃદયમાં છે. માટે ધાર્મિક સ્થળોએ એકઠા થઈને આરાજકતા ફેલાવવાનો આ સમય નથી. સરકારની સલાહ માનો. કેટલાક અઠવાડિયાનું આઈસોલેશન તમને જિંદગીના કેટલાક વર્ષો આપી શકે છે. વાયરસને ફેલાવો નહીં અને પોતાના જ સાથીઓનું નુકસાન ન પહોંચાડો. આ સમય અફવાઓ ફેલાવવાનો અને ચિંતા વધારવાનો નથી. આવો દયાવાન અને વિચારશીલ બનીએ. લાખો લોકોની જિંદગી આપણા હાથમાં છે.

'કોરોના વૉરિયર' મહિલાઓની મદદ માટે ૧ લાખ ડોલર આપશે પ્રિયંકા ચોપરા



મુંબઈ

કોરોના વાયરસના કારણે દુનિયામાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધી રહી છે. આ મહામારી સામે લડવા માટે સેલેબ્સે મદદ માટે પોતાના હાથ આગળ કર્યા છે. બોલિવુડ સેલેબ્સ હમણા સુધી સોશિયલ મીડિયા પર લોકોને જાગૃત કરી રહ્યા હતા અને હવે તેમણે ડોનેટ કરવાનું શરૂ કર્યું છે. આ કામમાં ઈન્ટરનેશનલ સેન્સેશન પ્રિયંકા ચોપરા પણ આગળ આવી છે.

અક્ષય કુમાર, આલિયા ભટ્ટ, સારા અલી ખાન, વિકી કૌશલ, કેટરીના કૈફ્સ અનુષ્કા શર્મા સહિતના સેબેલ્સ પીએમ કેર ફંડમાં પૈસા ડોનેટ કરી ચૂક્યા છે. તો પ્રિયંકા આ દરમિયા મહિલાઓના સપોર્ટમાં આગળ આવી છે. જે મહિલાઓ કોઈ પણ રીતે મહામારીને દૂર કરવામાં લાગી છે, પ્રિયંકા તેમની મદદ કરશે. આ માટે તે કુલ ૧૦૦૦૦૦ એટલે કે ૭૬,૫૨,૦૦૦ રૂપિયા ખર્ચ કરશે.

તેણે ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટ મૂકતાં તેમ પણ કહ્યું છે કે, જો કોઈ તેવી મહિલાને જાણે છે, તો તેના વિશે પ્રિયંકાએ ઈન્સ્ટા બાયોમાં એક લિંક મૂકી છે, તેને ચેક કરી શકે છે. આપને જણાવી દઈએ કે પ્રિયંકા ચોપરા આ પહેલા પીએમ કેર ફંડ સહિતની સંસ્થાઓમાં દાન આપી ચૂકી છે.

લૉકડાઉનઃ અભિનેત્રી નફીસા અલી ગોવામાં ફસાઈ,કેન્સરની દવા ખૂટી

પણજી

કોરોના વાઈરસને કારણે દેશભરમાં ૧૪ એપ્રિલ સુધી લૉકડાઉન કરવામાં આવ્યું છે અને તેની સીધી અસર ગરીબો તથા મજૂરો પર પડી છે. આ દરમિયાન એક્ટ્રેસ નફીસા અલીને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. નફીસા અલી હાલમાં ગોવામાં છે અને તેને શાકભાજી તથા દવા વગર ચલાવવું પડે તેમ છે. ૬૩ વર્ષીય નફીસા અલીએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું હતું કે છેલ્લાં છ દિવસથી કરિયાણાની દુકાનો બંધ છે. તે કેન્સર સર્વાઈવર છે અને તેના માટે યોગ્ય ભોજન જરૂરી છે. તે છેલ્લા કેટલાંય સમયથી શાકભાજી તથા ફ્રૂટ્સ વગર ચલાવે છે. તે તથા તેનો પરિવાર બધાથી કટ-ઓફ થઈ ગયા છે. તેમનો પરિવાર હાલમાં ગોવાના મોરજીમ વિસ્તારમાં છે અને અહીંયાના લોકો ઘણી જ મુસીબતોનો સામનો કરી રહ્યાં છે. પણજીમાં સ્થિતિ સારી છે. હાલની પરિસ્થિતિ જોઈને મન દ્રવી ઉઠે છે. વધુમાં નફીસા અલીએ કહ્યું હતું કે આ મહિનાની શરૂઆતમાં તેણે તથા તેની દીકરીના પરિવારે અહીંયા ૧૦ દિવસ પસાર કરવાનું નક્કી કર્યું હતું પરંતુ લૉકડાઉનને કારણે તેમણે વધુ રોકાવું પડ્યું. જોકે, હવે પરિસ્થિતિ એવી છે કે દવા પણ પૂરી થઈ ગઈ છે.

જસ્ટિન બીબરે કોરોના વાયરસને કારણે ૨૦૨૦ના મ્યૂઝિક પ્રોગ્રામ સ્થગિત કર્યા

લોંસ એંજલ્સ

ગાયક-ગીતકાર જસ્ટિન બીબરે ગુરુવારે જાહેરાત કરી કે, તે કોરોના વાઈરસના વૈશ્વિક પ્રકોપને કારણે પોતાના ચેંજેસ ટૂર માટે ૨૦૨૦ના તમામ કાર્યક્રમોને સ્થગિત કરી રહ્યો છે. આ ઉપરાંત આ અંગે ઘોષણા કરતા જસ્ટિને પોતાના નિવેદનમાં કહ્યું હતું કે, હાલની સાર્વજનિક સ્વાસ્થય સંકટની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તે તમામ લોકોની ચિંતા કરે છે અને જસ્ટિ ચેંજેસ ટૂર માટે વર્તમાનમાં નિર્ધારિત ૨૦૨૦ તારીખોને સ્થગિત કરી છે.

વધુમાં તેણે જણાવ્યું હતું કે, પોતાના બેન્ડની સાથે જસ્ટિન, ડાંસર્સ અને ક્રુ-એક કમાલનો શો તૈયાર કરવામાં મોટી મહેનત કરી રહ્યા છે. તેમણે હંમેશા પોતાના પ્રશંસકોના સ્વાસ્થય અને કલ્યાણ માટે કામ કર્યું છે. વધુમાં તેણે કહ્યું કે, કોલ્ડ વોટર ગાયક, ઉત્સુક્તાથી રસ્તા પર પરત જવ અને દરેક માટે સુરક્ષિત જગ્યાએ પ્રદર્શન કરવાના અવસરની રાહ જોઈ રહ્યા છે.

૫૨ વર્ષીય હૉલીવૂડ સિંગર એડમ શ્લેશિંગરનું કોરોના વાયરસથી નિધન

લોંસ એંજલ્સ

છેલ્લા કેટલાય દિવસથી હૉસ્પિટલમાં કોવિડ-૧૯ની સામે લડ્યા બાદ આખરે દમ તોડ્યો હતો. એમી વિજેતા ગાયક શ્લેસિંગરનું ૫૦ વર્ષે કોરોના વાઈરસના કારણે મોત થયું છે. લોકપ્રિય અભિનેતા ટૉમ હૈક્સને સોશિયલ મીડિયા પર 'ફાઉન્ટન ઑફ દ વેન'ના સભ્યની મોતની પુષ્ટી કરી હતી. સાથે જ તેઓએ સિંગરની મોત પર શોક વ્યક્ત કરતાં પોસ્ટ કરી હતી.

પોતે કોવિડ-૧૯ની સારવાર લઈને આવેલા હૈક્સે લખ્યું હતું કે, એડમ શ્લેસિંગરને આપણે આ ભયંકર વાઈરસના કારણે ગુમાવ્યા છે. ખૂબ દુ:ખની વાત છે. નોંધનીય છે કે, ક્રેઝિ એક્સ ગર્લફ્રેન્ડ ગાયકે વ્યંગાત્મક ગીત લખીને ઘણી લોકપ્રિયતા મેળવી હતી.

યુએસમાં મૃત્યુઆંક વધીને ૪૪૦૦ને પાર,. ૨ લાખથી વધુ લોકો સંક્રમિત

કોરોના સામે જગતજમાદાર અમેરિકા ઘૂંટણિયેઃ એક જ દિવસમાં ૮૮૪ લોકોના મોત

૬ મહિનાના બાળકના મોતથી ચિંતા, વિમાનવાહક જહાજથી ૩૦૦૦ નૌસૈનિકોને બહાર કઢાશે

વોશિંગ્ટન

કોરોના વાયરસનો સૌથી મોટો ગઢ બની ચૂકેલા અમેરિકામાં એક જ દિવસમાં ૮૮૪ લોકોના મોત થયા છે. જેના કારણે દેશમાં મૃત્યુઆંક વધીને ૪૪૭૫ પર પહોંચી ગયો છે. અમેરિકામાં ૨,૧૩,૩૭૨ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે. જે દુનિયામાં સૌથી વધુ છે. સમગ્ર દુનિયાની વાત કરીએ તો કોરોના વાયરસથી સંક્રમિત થયેલા લોકોનો આંકડો ૯,૩૦,૦૦૦ પર પહોંચી ગયો છે. જ્યારે ૪૭૦૦૦થી વધુ લોકોના મોત થયા છે.

જહોન હોપકિન્સ યુનિવર્સિટીના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં ૮૮૪ લોકોનું કોરોના વાયરસથી મોત થયા છે. અમેરિકામાં એક દિવસમાં જીવ ગુમાવનારાઓનો અત્યાર સુધીમાં આ સૌથી મોટો આંકડો છે. આ બધા વચ્ચે અમેરિકામાં કોરોના વાયરસનો ગઢ બની ગયેલા ન્યૂયોર્ક શહેરમાં મૃતકોનો આંકડો ૧૩૦૦ પાર થઈ ગયો છે. આ મહાસંકટમાં અમેરિકામાં હોસ્પિટલોમાં માસ્ક અને અન્ય ચિકિત્સકિય સામાનોમાં ભારે અછત જોવા મળી રહી છે.

આ બધા વચ્ચે અમેરિકાએ નિર્ણય લીધો છે કે તે પોતાના વિમાનવાહક જહાજ થિડોડોર રૂઝવેલ્ટથી ૩૦૦૦ નૌસૈનિકોને બહાર કાઢશે. આ નૌસૈનિકોને ગુઆમની હોટલોમાં ક્વોરન્ટાઈન કરવામાં આવશે. જહાજ પર કોરોના સંક્રમિત નૌસૈનિકોની સંખ્યા વધીને ૧૦૦ થઈ ગઈ છે. કોરોના વાયરસથી અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં પીપીઈ કિટની ભારે અછત થઈ છે. અહીં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ ૧૦૦૦૦ જેટલા છે.

અમેરિકામાં માત્ર ૬ અઠવાડિયાના નવજાત બાળકના મોતથી ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. કોરોના વાયરસના સંક્રમણથી ચેપગ્રસ્ત બન્યા બાદ આ બાળકનું મોત થયું છે. અમેરિકી રાજ્ય કનેક્ટિકટના ગવર્નરે કહ્યું હતું કે, કોરોના વાયરસથી થયેલા મોતોમાં આ સૌથી ઓછી ઉંમરનું મોત છે. ગવર્નર નેડ લામોન્ટે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, નવજાતને ગત અઠવાડિયે એક હોસ્પિટલમાં દાખલ કરાવ્યો હતો પરંતુ તેને બચાવી શકાયો નહીં.

કોરોના ફંડઃ કંગના રનૌતે ૨૫ લાખ,અજય-રોહિતે ઈન્ડસ્ટ્રીના વર્કર્સ માટે ૫૧-૫૧ લાખ આપ્યા

મુંબઈ

મહામારી કોરોના સામે લડવા માટે સેલેબ્સ બને એટલી આર્થિક સહાય કરી રહ્યા છે. હવે આ સહાય માટે કંગના રનૌત, રોહિત શેટ્ટી, અજય દેવગણ પણ આગળ આવ્યા છે. કોઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પીએમ-કેર્સ ફંડમાં, કોઈ વિવિધ રાજ્યના સીએમ રિલીફ ફંડમાં દાન કરી રહ્યું છે. કોઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ડેઈલી વેજર્સ માટે યોગદાન આપી રહ્યા છે.

કંગના રનૌત

કંગના રનૌતે પીએમ ફંડમાં ૨૫ લાખ રૂપિયા આપ્યા છે. તેણે ડેઈલી વેજ અર્નર્સના પરિવારને કરિયાણું પણ દાન કર્યું છે. કંગનાની માતાએ પણ તેમનું એક મહિનાનું પેન્શન પીએમ ફંડમાં આપ્યું છે.

અજય દેવગણ

અજય દેવગણે પીએમ ફંડમાં અગાઉ ૧.૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું છે. હવે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના વર્કર્સની સહાયે આવ્યો છે. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોય્સને ૫૧ લાખ રૂપિયા આપ્યા છે. પ્રોડક્શન અને શૂટિંગ બંધ થવાને કારણે ઈન્ડસ્ટ્રીના અસરગ્રસ્ત વર્કર્સની મદદ માટે આ યોગદાન છે.

રોહિત શેટ્ટી

ફિલ્મમેકર રોહિત શેટ્ટીએ ઈન્ડસ્ટ્રીના વર્કર્સ માટે ૫૧ લાખ રૂપિયા આપ્યા છે. ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોય્સને આ યોગદાન આપ્યું છે.

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પનો દાવોઃ ઈરાન હુમલાની તૈયારી કરી રહ્યું છે

વોશિંગ્ટન

અમેરિકા કોરોના વાયરસથી દુનિયામાં સૌથી વધારે પ્રભાવિત દેશ છે ત્યાંજ ઈરાન એશિયાનો સૌથી વધારે સંક્રમિત દેશ છે અને બંને દેશ કોરોના પર રોક લગાવવા માટે કામ કરી રહ્યા છે. પરંતુ બંને શત્રુ દેશની લડાઈ આ મહાસંકટની વચ્ચે પણ ચાલું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને ધમકી આપી છે જો તેમના સૈનિકો પર કોઈપણ હુમલો કરવામાં આવ્યો તો તેહરાન અને તેમના સહયોગીઓએ ભારે કિંમત ચૂકવવી પડશે.

ટ્રમ્પે બુધવારે મોડી રાત્ર ટ્વીટ કર્યુ કે, એવી સૂચના મળી છે અને મારા મતે ઈરાન અને તેમના સહયોગી ઈરાકમાં અમેરિકાના સૈનિકો અને સંપત્તિઓ પર હુમલા કરવાની યોજના બનાવી રહ્યા છે. જો આવું થાય છે તો ઈરાને ભારે કિંમત ચૂકવવી પડશે.

ઈરાનના કમાન્ડર કામિસ સુલેમાનીના અમેરિકાના એર સ્ટ્રાઈકમાં મૃત્યું બાદથી જ ઈરાકમાં સ્થિત અમેરિકાના દૂતાવાસ અને સૈન્ય ઠેકાણાઓ પર હુમલા થઈ રહ્યા છે. હાલમાં જ ઈરાકમાં અમેરિકાના દૂતાવાસની નજીક એક રોકેટ હુમલો કરવામાં આવ્યો હતો. માનવામાં આવી રહ્યું છે કે આ હુમલો દૂતાવાસને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો.

પંજાબ-હરિયાણામાં સેનિટાઈઝરની બોટલો પર મુખ્યમંત્રી-ના.મુખ્યમંત્રીના ફોટાથી વિવાદ

ચંડીગઢ

ગરીબોને વહેંચવામાં આવેલી સેનિટાઈઝરની બોટલો પર સીએમ-ડેપ્યુટી સીએમનો ફોટો લગાવવા પર વિપક્ષે પ્રશ્નો કર્યા છે. હરિયાણામાં સેનિટાઈઝરની બોટલો પર મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર અને નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની તસવીર લગાવીને સપ્લાઈ કરાઈ રહી છે તો પંજાબમાં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનો ફોટો લગાવવામાં આવ્યો છે.

કોરોના સંક્રમણના જોખમથી બચવા માટે હરિયાણાની ભાજપ સરકાર અને પંજાબની કોંગ્રેસ સરકાર પોત-પોતાના રાજ્યોની જનતામાં સેનિટાઈઝરની બોટલો વહેંચી રહ્યા છે. આ સેનિટાઈઝરની બોટલો પર મુખ્યમંત્રીના ફોટો લગાવવા પર વિપક્ષે પ્રશ્ન કર્યા છે. હરિયાણામાં સેનિટાઈઝરની બોટલો પર મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટર અને નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની તસવીરો લગાવીને સપ્લાય કરાઈ રહ્યુ છે તો પંજાબમાં મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહનો ફોટો લગાવાયો છે.

કોરોના વાયરસને કારણે સીઓપી ૨૬ સંમેલન સ્થગિત

લંડન

કોરોના વાયરસના પ્રકોપને ધ્યાનમાં રાખીને સંયુક્ત રાષ્ટ્રના વાતાવરણ પરિવર્તન પર થવાની કોન્ફરન્સ સીઓપી ૨૬ને મુલતવી રાખવામાં આવી છે. બ્રિટિશ સરકારે આ માહિતી આપી હતી.

નવેમ્બરમાં સ્કોટલેન્ડના શહેર ગ્લાસગોમાં સીઓપી ૨૬ યોજાવાની હતી. સરકારે કહ્યું કે હવે આ કોન્ફરન્સ વર્ષ ૨૦૨૧માં યોજાશે અને તેની તારીખોની ઘોષણા પછીથી કરવામાં આવશે. બ્રિટીશ સરકારે એક નિવેદનમાં કહ્યું કે કોવિડ -૧૯ ની અસર સમગ્ર વિશ્વ પર પડે તે જોતાં નવેમ્બર ૨૦૨૦માં સીઓપી૨૬ નું આયોજન કરવું શક્ય નથી.

વધતા વૈશ્વિક તાપમાનને રોકવા માટેના પગલાઓની ચર્ચા કરવા માટે આ દસ દિવસીય પરિષદ યોજાવાની હતી, જેમાં વિશ્વભરના ૨૦૦ નેતાઓ સહિત આશરે ૩૦,૦૦૦ લોકો ઉપસ્થિત રહેવાના હતા છે.

દિલ્હીમાં એમ્સનો એક ડૉક્ટર કોરોના પોઝિટિવ, પરિવારની પણ તપાસ

ન્યુ દિલ્હી

દિલ્હીમાં વધુ એક ડૉક્ટર કોરોનાથી સંક્રમિત થઈ ગયો છે. ઓલ ઈન્ડિયા મેડિકલ ઈંસ્ટીટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (એમ્સ)નો એક ડૉક્ટર આ વાયરસની ઝપટમાં આવી ગયો છે, તેણે અત્યારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ડૉક્ટરના પરિવારની પણ તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીના કેટલાક ડૉક્ટર કોરોનાની ઝપટમાં આવી ગયા છે. ડૉક્ટર સતત દર્દીઓની સારવાર કરી રહ્યા છે પરંતુ આ ભયાનક વાયરસની ઝપટમાં આવતા તે ખુદને બચાવી શક્યા નહતા. દિલ્હીમાં બુધવારે કોરોના વાયરસના વધુ ૩૨ કેસ વધી ગયા છે, જેમાં ૨૯ મરકજના છે. હવે પાટનગરમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૧૫૨ થઈ ગઈ છે. દિલ્હીમાં હજુ ૭૦૦ આશરે કોરોનાના શંકાસ્પદ કેસ છે.

ક્રિકેટ તમારી આભારી રહેશેઃ ઈસીબી

ડકવર્થ-લુઈસ નિયમ બનાવનારા ગણિતશાસ્ત્રી ટોની લુઈસનું નિધન

વોશિંગ્ટન

ક્રિકેટ જગતને ડકવર્થ-લુઈસ નિયમ આપનારા ગણિતશાસ્ત્રી ટોની લુઈસનું નિધન થઈ ગયું છે. તેઓ ૭૮ વર્ષના હતા. તેમણે ગણિતશાસ્ત્રી ફ્રેંક ડકવર્થની સાથે મળીને વરસાદને કારણે ૨૬ થનારી ક્રિકેટ મેચ માટે ૧૯૯૨માં ડકવર્થ-લુઈસનો ફોર્મૂલા આપ્યો હતો. ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)એ જણાવ્યું છે કે, ટોની અને ફ્રેંકના યોગદાનને કોઈ ભૂલાવી શકતું નથી. ક્રિકેટ આ બંને લોકોની હંમેશા આભારી રહેશે.

ટોની અને ફ્રેંકના ફોર્મૂલાને અનેક વખત ટિકાનો સામનો પણ કરવો પડ્યો હતો. ત્યારે ઓસ્ટ્રેલિયાના એક ગણિતશાસ્ત્રી સ્ટીવન સ્ટર્ને હાલના સ્કોરિંગ-રેટ મુજબ આને ફોર્મૂલાને રિવાઈઝ કર્યો હતો. ત્યારબાદ ૨૦૧૪થી ડકવર્થ-લુઈસ-સ્ટર્ન તરીકે ઓળખાવવા લાગ્યું.

૧૯૯૨ વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની સેમીફાઈનલ દરમિયાન આ ફોર્મૂલાને લાગુ કરવા વિચાર કરવામાં આવ્યું હતું. આ મેચમાં જીત માટે આફ્રિકાની ટીમને ૧૩ બોલમાં ૨૧ રનની જરૂર હતી. પરંતુ વરસાદને કારણે મેચ રોકવામાં આવી હતી. ત્યારબાદ આફ્રિકાના ખેલાડી સ્કોર બોર્ડ પર ૧ બોલમાં ૨૧ રનનો લક્ષ્યાંક જોઈને હેરાન થઈ ગયા હતા. આ મેચ આફ્રિકા ૧૯ રનથી હારી ગઈ હતી. ત્યારબાદ આઈસીસીએ ડકવર્થ-લુઈસ સિસ્ટમ પર વિચાર કર્યું હતું.

ઈઝરાયેલના સ્વાસ્થ્ય મંત્રી અને તેમની પત્ની કોરોના પોઝિટિવ, આઈસોલેશનમાં રખાયા

જેરુસલેમ

ઈઝરાયેલના સ્વાસ્થ્ય મંત્રી અને તેમના પત્ની પણ કોરોનાથી સંક્રમિત છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના નજીકના સહયોગી ૭૧ વર્ષીય યાકોવ લિત્જમેન કોરોના વાયરસ વિશે અપડેટ આપતા હતા પરંતુ હવે તેઓ પોતે કોરોનાથી સંક્રમિત હોવાથી તેમને આઈસોલેશનમાં જવું પડ્યું છે. વડાપ્રધાન નેતન્યાહૂ પણ ટેસ્ટ કરાવી ચૂક્યા છે જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

ઈઝરાયેલના સ્વાસ્થ્ય મંત્રાલયે ગુરૂવારે આ માહિતી આપી હતી. કોરોના અંગે યાકોવ લિત્જમેન અપડેટ આપતા રહેતા હતા. જોકે ગત અઠવાડિયાથી તેઓ દેખાતા ન હતા અને તેમની જગ્યાએ મંત્રાલયના મહાનિદેશક મીડિયાને બ્રીફ આપતા હતા. મંત્રાલય તરફથી જાહેર નિવેદનમાં કહેવાયું છે કે યાકોવ લિત્જમેન અને તેમના પત્ની સ્વસ્થતા અનુભવી રહ્યા છે. આ કેસની તપાસ કરવામાં આવશે અને છેલ્લા બે અઠવાડિયામાં તેમની સંપર્કમાં આવેલા લોકોને આઈસોલેશનમાં રહેવા માટે જણાવ્યું છે.

૧૫મીએ લોકડાઉન ખતમ પણ પ્રતિબંધો યથાવત રહેશેઃ અ.પ્રદેશના મુખ્યમંત્રીનો દાવો

ઈટાનગર

દેશમાં સતત પગપસારો કરી રહેલ કોરોના વાયરસના સંક્રમણ વિરુદ્ધ રણનીતિ બનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુરુવારે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા વાત કરી. આ બેઠક બાદ અરુણાચલ પ્રદેશના મુખ્યમંત્રી પેમા ખાંડૂએ ટ્વીટ કરીને દાવો કર્યો કે ૧૫ એપ્રિલે લૉકડાઉન સમાપ્ત થશે, પરંતુ એનો એવો મતલબ નથી કે તમે રસ્તાઓ પર અવર જવર કરવા માટે સ્વતંત્ર છો. કોવિડ-૧૯થી લડવાની એકમાત્ર રીત લૉકડાઉન અને સામાજિક દૂરી છે. પેમા ખાંડૂએ કહ્યું કે હજી યુદ્ધ શરૂ થયું છે. આપણે કોઈ વિવાદ કે ભૂલ નથી કરવી. ૨૪ કલાક આપણે સતર્ક રહેવું જોઈએ અને એકજુટ થઈ આપણે કોવિડ ૧૯ના પ્રકોપને હરાવવા માટે લડવું પડશે. તેમણે વધુ એક ટ્વીટમાં કહ્યું કે આ એક એવી લડાઈ છે, જેને આપણે બધાએ લડવી જોઈએ. આ એક યુદ્ધ છે જેને માત્ર સ્વાસ્થ્ય કાર્યકર્તાઓ, પોલીસકર્મીઓ અથવા સરકાર પર ના છોડી શકાય. આ સમય અલગ અલગ વિચારધારાઓના લોકોને માનવ જાતિના દુશ્મનોને હરાવવા માટે એકજુટ થઈ લડવાનો છે.

કોરોનાના સંક્રમિતોની તપાસ કરવા પહોંચેલી ડોક્ટરોની ટીમ પર લોકોનો પથ્થરમારો

ઈન્દોર

અહીંયાના ટાટપટ્ટી બાખલમાં બુધવારે કોરોના સંક્રમિતોની તપાસ કરવા પહોંચેલી સ્વાસ્થ વિભાગની ટીમ પર લોકોએ પથ્થરમારો કર્યો હતો. સ્વાસ્થ્ય કર્મચારીઓ જેમ તેમ કરીને જીવ બચાવીને ભાગ્યા હતા. ઉપદ્રવીઓએ બેરિકેડ્સ પણ તોડી દીધા હતા. પોલીસે તેના વિરુદ્ધ શાસકીય કાર્યમાં અડચણ ઊભી કરવાનો કેસ નોંધી લીધો છે. છત્રીપુરા પીઆઈના જણાવ્યા પ્રમાણે, આ ઘટના બપોરે સવા બાર વાગ્યે ટાટપટ્ટી બાખલમાં બની હતી. સિલાવટપુરામાં એક કોરોના પોઝિટિવનું મોત થયા બાદ સ્વાસ્થ્ય વિભાગની ટીમ સતત સ્ક્રીનિંગ કરી રહી છે. શંકાસ્પદોની તપાસ કરાઈ રહી છે. આ દરમિયાન અહીંયા લોકોએ પથ્થરમારો કરી દીધો હતો.

સ્વાસ્થ્ય વિભાગની એક મહિલાકર્મીએ પોલીસને જણાવ્યું કે, બુધવારે એક પોઝિટિવના કોન્ટેક્ટની હિસ્ટ્રી મળી હતી. તેઓ તેને જોવા માટે ગયા હતા. ટીમે જેવું એમના વિશે પુછવાનું શરૂ કર્યું તો સામે રહેલા ઉપદ્રવીઓએ તેમની પર પથ્થરમારો કરી દીધો. ટીમ કંઈ પણ સમજી શકે એ પહેલા આ લોકો ચહેરા પર રૂમાલ બાંધીને ઘણા લોકો આવી ગયા અને બુમો પાડીને પથ્થર ફેંકવા લાગ્યા. આ લોકોથી બચવા માટે મહિલા તથા પુરુષ સ્વાસ્થ્યકર્મી અને ડોક્ટર્સ તેમની કાર લઈને ભાગ્યા હતા.

સારા અલી ખાને ક્લાસિકલ ડાન્સનો થ્રોબેક વીડિયો શેર કર્યો

મુંબઈ

સારા અલી ખાને હાલમાં જ ઈન્સ્ટાગ્રામમાં ઓડિસી ક્લાસિકલ ડાન્સનો જૂનો વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં તે બ્રેક લીધા વગર ઓડિસી ડાન્સની પ્રેક્ટિસ કરતી જોવા મળી હતી. આ વીડિયો ૧૧ મિનિટથી લાંબો હતો. સારાએ આ વીડિયો શેર કરીને સારાએ ઉત્કલ દિવસ (ઓરિસ્સા દિવસ)ની શુભકામના પાઠવી હતી. સારાએ વીડિયો શેર કરીને કેપ્શનમાં લખ્યું હતું કે બટ્ટુ...હેપ્પી ઉત્કલ દિવસ. ઉલ્લેખનીય છે કે પહેલી એપ્રિલના રોજ ઉત્કલ દિવસ એટલે કે ઓરિસ્સા સ્થાપના દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પહેલી એપ્રિલ, ૧૯૩૬માં ઓરિસ્સા, બિહાર રાજ્યથી અલગ થયું હતું. વીડિયોમાં સારા અલી ખાને પીંક તથા વ્હાઈટ કોટન ચુડીદાર કુર્તા પહેર્યો છે. તે દરેક સ્ટેપ એકદમ પર્ફેક્ટ રીતે કરે છે. આટલું જ નહીં તે અઘરા સ્ટેપ્સ પણ એકદમ સરળતાથી કરતી જોવા મળે છે. સારા અલીનો આ વીડિયો જોયા બાદ ચાહકોએ તેની ડાન્સિંગ સ્કિલ્સના ભરપૂર વખાણ કર્યા હતાં. એક ચાહકે સવાલ કર્યો હતો કે એવી કોઈ વસ્તુ છે, જે સારા ના કરી શકતી હોય? લૉકડાઉનને કારણે સારા અલી હાલમાં રોજ ઘરે રહીને વર્કઆઉટ કરે છે. સારા નિયમિત રીતે જીમમાં જતી હતી પરંતુ હાલમાં તે ટ્રેનર સાથે ઓનલાઈન ટ્રેનિંગ લઈને ઘરમાં એક્સરસાઈઝ કરે છે.

આવો સાથે મળીને પહેલા પાનાનું ચાલું

સ્વાસ્થ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખવાનું કહ્યું હતું.

આ અગાઉ, ૨૯ માર્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં દેશનું સંબોધન કર્યું હતું. જેમાં તેમણે માફી માંગતા કહ્યું હતું કે આજે વિશ્વમાં કોરોના સંકટની ચર્ચા છે. એવામાં બીજી વાત કરવી તે યોગ્ય ગણાશે નહિ. કેટલાક એવા નિર્ણય લેવા પડ્યા છે, જેનાથી ગરીબો હેરાન થયા. તમામ લોકોની ક્ષમા માંગુ છું.

કોરોના વાયરસના ખતરાના કારણે દેશમાં લાગુ કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વીડિયો કોન્ફરન્સ પર ચર્ચા કરી હતી. આ દરમિયાન અરૂણાચલના મુખ્યમંત્રી પેમા ખાંડૂની એક જ ટ્વિટે લોકડાઉનને લઈને ચર્ચા છેડી દીધી હતી.

સીએમ પેમા ખાંડુએ ટ્વિટ કરીને દાવો કર્યો હતો છે કે, લોકડાઉનનો ૧૫ એપ્રિલે અંત આવી શકે છે. જોકે થોડી જ વારમાં તેમણે આ ટ્વિટ હટાવી દીધુ હતું અને બાદમાં સ્પષ્ટિકરણ આપ્યું હતું.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આજે સવારે થયેલી વિડિયો કોન્ફરન્સ બેઠકનો એક વીડિયો શેર કરતા પેમા ખાંડૂએ લખ્યું હતું – લોકડાઉન ૧૫ એપ્રિલે પુરૂ થશે, પણ તેનો અર્થ એ નથી કે લોકો રસ્તાઓ પર ફરવા માટે આઝાદ હશે. કોરોના વાયરસની અસરને ઓછી કરવા માટે દરેક વ્યક્તિએ જવાબદારી દાખવવી પડશે. લોકડાઉન અને સોશિયલ ડિસ્ટેંસિંગ કોરોના સામે લડવાના શ્રેષ્ઠ ઉપાય છે. પેમા ખાંડૂના આ ટ્વિટ બાદ એ ચર્ચાએ દેશભરમાં જોર પકડ્યું હતું કે, ૧૫ દિવસ બાદ પણ લોકડાઉન યથાવત જ રહેશે.

આ ટ્વિટને ડિલીટ કર્યા બાદ પેમા ખાંડૂએ એક ટ્વિટ કર્યું હતું, જેમાં ખંડન કરવામાં આવ્યું હતું. નવા ટ્વિટમાં પ્રેમા ખાંડૂએ લખ્યું હતું કે – લોકડાઉનના સમયને લઈને કરવામાં આવેલુ અગાઉનું ટ્વિટ એક અધિકારીએ કર્યું હતું, જેમને હિંદી ભાષાનું જ્ઞાન મર્યાદિત છે. માટે આ ટ્વિટને હટાવી દેવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશના તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરનન્સિંગ દ્વારા ચર્ચા કરી હતી. આ દરમિયાન કોરોના વાયરસને લઈને ઉભા થયેલા સંકટ, લોકડાઉન અને વર્તમાન સ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હતી.

૨૪ કલાકમાં પહેલા પાનાનું ચાલું

આવ્યા છે. જ્યારે ૮૭ ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે અને ૯ ટેસ્ટ પેન્ડિંગ છે. ૮૭ પોઝિટિવ કેસમાં ૨ દર્દી વેન્ટિલેટર પર છે, ૭૧ દર્દી સ્ટેબલ છે. ૭ દર્દી સાજા થયા છે અને ૭ દર્દીના મૃત્યુ થયા છે.

રાજયમાં અમદાવાદ હોટસ્પોટ જાહેર થયું છે. અમદાવાદમાં સૌથી વધારે ૩૧ કેસ અને ૦૩ મૃત્યુ નોંધાયા છે. ત્યારબાદ સુરતમાં ૧૨ કેસ અને ૧ મૃત્યુ, ગાંધીનગરમાં ૧૧ કેસ, રાજકોટમાં ૧૦ કેસ, વડોદરામાં ૦૯ કેસ અને ૧ મૃત્યુ, ભાવનગરમાં ૬ કેસ અને ૨ મૃત્યુ, પોરબંદરમાં ૩ કેસ, ગીર સોમનાથમાં ૨ કેસ જ્યારે કચ્છ, મહેસાણા અને પંચમહાલમાં ૧-૧ કેસ નોંધાયા છે.

અમદાવાદમાં સૌથી વધારે ૩૧ કેસ અને ૦૩ મૃત્યુ નોંધાયા છે. ત્યારબાદ સુરતમાં ૧૨ કેસ અને ૧ મૃત્યુ, ગાંધીનગરમાં ૧૧ કેસ, રાજકોટમાં ૧૦ કેસ, વડોદરામાં ૦૯ કેસ અને ૧ મૃત્યુ, ભાવનગરમાં ૬ કેસ અને ૨ મૃત્યુ, પોરબંદરમાં ૩ કેસ, ગીર સોમનાથમાં ૨ કેસ જ્યારે કચ્છ, મહેસાણા અને પંચમહાલમાં ૧-૧ કેસ નોંધાયા છે.

મુંબઈના પહેલા પાનાનું ચાલું

છે ત્યાં હજારોની સંખ્યામાં ઝૂંપડીઓ આવેલી છે. એવામાં આ વિસ્તારમાં સંક્રમણ ખૂબ જ ઝડપથી ફેલાવાની આશંકા વ્યક્ત થઈ રહી છે.

જેના કારણે પ્રશાસન દોડતું થઈ ગયું છે. એશિયાના સૌથી મોટા સ્લમ વિસ્તારમાં લાખોની સંખ્યામાં લોકો રહી રહ્યા છે. જેના કારણે તેમાંથી કોરોના સંક્રમિત દર્દીની પુષ્ટી થવાનો મામલો ખરેખર અત્યંત ગંભીર છે. બીએમસી ત્યાં સંક્રમણના ખતરાને ફેલાતો રોકવા માચે તનતોડ મહેનત કરી રહી છે.

મુંબઈના આ વિસ્તારમાં હજારોની સંખ્યામાં ઝૂંપડીઓ અને ચાલીઓ આવેલી છે. જેમાં આ જીવલેણ કોરોના વાયરસ ખૂબ જ ઝડપથી ફેલાઈ શકવાનો ડર છે. આ વિસ્તારમાં કોરોના પર કાબુ મેળવવો તેને પ્રશાસન માટે સૌથી મોટો પડકાર ગણવામાં આવે છે.

માસ્ક ન પહેરનાર લોકો સાવધાનઃ બોપલ પોલીસે બે લોકો વિરુદ્ધ ગુનો નોંધ્યો

અમદાવાદ

તમને નોવેલ કોરોના વાયરસનો ચેપ ના લાગ્યો હોય અથવા સામાન્ય શરદી-ઉધરસ ના હોય તો પણ તમારે માસ્ક પહેરવા પડશે. આવું માનવું છે અમદાવાદ જિલ્લા પોલીસનું કારણે તેમણે માસ્ક ન પહેરનારા બે શખ્સો સામે ગુનો દાખલ કર્યો છે. મંગળવારે બોપલમાં પોતાના સ્કૂટર પર જઈ રહેલા આ બંને શખ્સો સામે પોલીસે ચેપી રોગ ફેલાવવાનો ગુનો નોંધ્યો છે.

પોલીસનું કહેવું છે કે, તેમને ઉપરથી ઓર્ડર આવ્યા છે કે, ઘરની બહાર નીકળતા દરેક વ્યક્તિએ માસ્ક પહેર્યા હોય તે સુનિશ્ચિત કરવું. જો કે, આવી કોઈ જ ગાઈડલાઈન વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન કે સરકાર દ્વારા બહાર પાડવામાં આવી નથી. સ્વસ્થ વ્યક્તિએ માસ્ક પહેરવું તેવો ઉલ્લેખ ક્યાંય નથી.

પહેલા કેસની વાત કરીએ તો, પાણીના પંપના ડીલર ૨૮ વર્ષીય મનીષભાઈની બોપલ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. વસ્ત્રાપુરના મનીષભાઈ પોતાના સ્કૂટર પર કરિયાણું અને શાકભાજી લેવા નીકળ્યા ત્યારે તેમણે માસ્ક પહેર્યું નહોતું. પરિણામે પોલીસે તેની ધરપકડ કરી.

મનીષે કહ્યું, "હું સામાન્ય રીતે જે વેપારી પાસેથી કરિયાણું અને શાકભાજી ખરીદું છું ત્યાં ગયો હતો. હું સોબો સેન્ટર પાસેથી પસાર થતો હતો ત્યારે પોલીસે મને રોક્યો અને માસ્ક કેમ નથી પહેર્યું તે વિશે પૂછ્યું હતું. હું શાક અને કરિયાણું ખરીદ્યા પછી માસ્ક પહેરવાનો હતો. પરંતુ પોલીસે મારી આ વાત પર વિશ્વાસ ના કર્યો અને ધરપકડ કરી. મનીષને એ પણ નહોતી ખબર કે, તેની સામે આઇપીસીની કલમ ૨૬૯ (બેદરકારીપૂર્વક કોઈ જીવલેણ ચેપી રોગનો ફેલાવો કરવો) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. મનીષે કહ્યું, મારી સામે આઇપીસીની કલમ ૧૮૮ હેઠળ ગુનો નોંધાયો છે. આ બંને એફઆઇઆર બોપલ પોલીસ દ્વારા નોંધવામાં આવી હતી.

અમરેલીના કિરાણા સ્ટોર્સમાં વધુ ભાવ લેવાતા દુકાન સીલ

અમરેલી

કોરોના વાઈરસની મહામારીને ફેલાતી રોકવા માટે ૨૧ દિવસનું દેશભરમાં લોકડાઉન ચાલી રહ્યું છે. આવા સમયે બજારોમાં માત્ર આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો જ ખોલી શકવાની પરવાનગી મળી છે ત્યારે દુકાનદારો ગ્રાહકો પાસેથી વધુ ભાવ લેતા તેમના વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

અમરેલી શહેર ખાતે યોગેશ્વર કિરાણા સ્ટોર્સમાં વસંતભાઈ હરિભાઈ સતાસીયા પાંચ કિલો બાસમતી ચોખાની ખરીદી કરવા જતાં બજાર કિંમત કરતા વધુ ભાવ લેવાતા તેમણે આ દુકાનના માલિક નીતિનભાઈ નટવરભાઈ ખખર વિરુદ્ધ ડી.વાય.એસ.પી. ને ફરિયાદ કરી હતી. આ બાબત તરફ પુરવઠા તંત્રનું ધ્યાન દોરતા કલેક્ટરની સૂચના મુજબ તેમની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. તેમની પાસેથી લોકડાઉન દરમિયાન દુકાન ખુલ્લી રાખવાનો પાસ જપ્ત કરી અને હાલ તેમની દુકાન સીલ કરવામાં આવી છે.

કોરોના સંકટમાંથી ઉગરી ગયા બાદ ઉદ્યોગો અને સરકાર માટે પણ મુશ્કેલી ઉભી થશે

ચેમ્બર દ્વારા ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએસએમઈ પોસ્ટ કોવિડ-૧૯ સિચ્યુએશન વિશે વેબીનાર યોજાશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએસએમઈ પોસ્ટ કોવિડ–૧૯ સિચ્યુએશન' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ એમએસએમઈના સ્પેશિયલ સેક્રેટરી એન્ડ ડેવલપમેન્ટ કમિશનર શ્રી રામ મોહન મિશ્રા (આઈએએસ), અતિથિ વિશેષ તરીકે ગુજરાતના એમએસએમઈ કમિશનર શ્રી રણજીથ કુમાર જે (આઈએએસ) તથા અતિથિ તરીકે ભારત સરકાર અંતર્ગત ગુજરાતની એમએસએમઈ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટયુટના એકટીંગ ડાયરેકટર શ્રી કે.એચ. શાહ અને ડેપ્યુટી ડાયરેકટર શ્રી પી.એન. સોલંકી ઉપસ્થિત રહયા હતા.

આ વેબીનારમાં એમએસએમઈના ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ કોરોનાની સ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ લઘુ ઉદ્યોગોને ફરીથી બેઠા થવા માટે પડનારી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેમજ તેમના માટે ઉભી થતી નવી તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. સાથે જ હાલમાં ઉદ્યોગકારોને પડી રહેલી આર્થિક મુશ્કેલીઓના નિરાકરણ માટે પણ સરકારશ્રીનું ધ્યાન દોરવાની ખાતરી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, કોરોનાની પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ ભારતમાં નાના – નાના ઉદ્યોગોને ફરીથી બેઠા થવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આથી આ પ્રશ્નોના નિરાકરણ માટે એમએસએમઈના ઉચ્ચ અધિકારીઓ પાસેથી માર્ગદર્શન મેળવવા માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ભારતનું અર્થતંત્ર મોટાભાગે લઘુ ઉદ્યોગો ઉપર જ નિર્ભર છે એમ કહી શકાય. પણ હાલની સ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ આગળ શું થશે તેના માટે ઉદ્યોગ ચિંતામાં છે. બે–ત્રણ વર્ષથી એમએસએમઈની સ્થિતિમાં જોઈએ તે રીતે સુધારો આવ્યો નથી. કોરોનાને કારણે લેબર વર્ગ, માર્કેટીંગ, પ્રોડકટ ડેવલપમેન્ટ અને ફાયનાન્સ વિગેરે બાબતે મુશ્કેલીઓ સર્જાશે.

શ્રી રણજીથ કુમારે જણાવ્યુ હતુ કે, કોરોના સંકટમાંથી બહાર નીકળ્યા બાદ માત્ર ઉદ્યોગોને જ નહીં પણ સરકારને પણ તકલીફ પડવાની છે. લઘુ ઉદ્યોગોને ફરીથી બેઠા કરવા માટે એમએસએમઈની સ્પેશિયલ સ્કીમને બહાર પાડવી પડશે. નવી ટેકનોલોજીને કારણે માસ પ્રોડકશન કરવુ પડશે અને આ બધું કોમન ફેસિલિટી સેન્ટરના માધ્યમથી શકય બનશે. તેમણે વધુમાં કહયુ કે ઈ–કોમર્સનું ભવિષ્ય ઉજવળ બનશે. વિડિયો કોન્ફરન્સ, ઓટોનોમસ, રેડીકયુલસ, ડિજીટલ પેમેન્ટ્સ અને ૩ડી પ્રિન્ટીંગ ટેકનોલોજી ઉપર વધારે ફોકસ કરવામાં આવશે. લઘુ ઉદ્યોગોની પ્રગતિ માટે ટેકનોલોજી ટ્રાન્સફર ખૂબ જ મહત્વનું બની રહેશે.

શ્રી રામ મોહન મિશ્રાએ સૌપ્રથમ ચેમ્બરને વેબીનાર માટે શુભેચ્છા આપી હતી. તેમણે સરકાર તરફથી જે ઈનીશિએટીવ લેવામાં આવ્યા છે તેની માહિતી આપતા જણાવ્યુ હતુ કે બધાને સંગઠીત થઈને ઉદ્યોગોની મુશ્કેલીને નિવારવી પડશે. લોજીસ્ટીક, ફાયનાન્સ, માર્કેટ સ્થિતિ અને લેબર વર્ગને પરત લાવવા માટે રાજયોને વિનંતી કરવામાં આવશે. દેશભરમાં ઝોનવાઈઝ અને સ્ટેટવાઈઝ લીડ લઈ કો–ઓર્ડીનેટ કરવા માટેની જવાબદારી લેવી પડશે. રાષ્ટ્રીય સ્તર ઉપર ડયુલઅ નેટવર્ક ઉભુ કરવુ પડશે. સરકારી સંગઠન, રાજકીય સંગઠન, ઔદ્યોગિક સંગઠનોના સભ્યો અને એસોસિએશનોને સૂચનાઓનું આદાન – પ્રદાન કરવુ પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ખાસ કરીને લેબર ફોર્સને પરત લાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડશે. નાના–નાના વિડિયો બનાવી વોટ્સએપના માધ્યમથી એસોસિએશન તેમજ વોલીએન્ટરોની મદદથી તેઓ સુધી પહોંચાડવામાં આવશે અને તેઓને કામધંધા ઉપર પરત લાવવા માટે પ્રયાસ કરવો પડશે. એના માટે નેટવર્કના માધ્યમથી બધાને સંગઠીત કરી લેબર વર્ગને આઉટરીચ કરવાનો પ્રોગ્રામ કરવો પડશે.

શ્રી મિશ્રાએ વધુમાં કહયુ કે, ગ્લોબલ વેલ્યુ ચેઈનમાં ઘણા ડિસ્રપ્શન થયા છે. આગામી સમયમાં બજાર ખુલશે ત્યારે નવી ટેકનોલોજીની જરૂર પડશે. એના માટે આપણે સૌને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશિપથી આગળ વધવુ પડશે. આ દિશામાં કામ કરીશુ તો જ માઈક્રો લેવલના સંકટમાંથી બહાર આવી શકીશું તેમજ કલસ્ટર, માર્કેટીંગ અને પ્રોડકટ ડેવલપમેન્ટના પ્રશ્નો દૂર થશે. એના માટે સરકાર અને વિભાગો હંમેશા ઉદ્યોગોની સાથે જ રહેશે.

શ્રી પી.એન. સોલંકીએ જણાવ્યુ હતુ કે, પ્રોડકટ સ્પેસિફીક કલસ્ટર બનાવવા માટે એમએસએમઈની સ્કીમનો લાભ લઈને આ બધુ શકય બની શકશે. વર્ક ટુગેધરના કોન્સેપ્ટ સાથે કામ કરીશુ તો આપણી પ્રોડકટને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવીને ગ્લોબલ માર્કેટમાં મુકી શકીશું. ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીમાં વિવર્સ અને પ્રોસેસર્સ માટે સ્પેશિયલ સ્કીમ લાવવા માટે પ્રયાસ કરીશુ તેમજ એમએસએમઈના રજિસ્ટ્રેશન માટે ગાઈડલાઈન આપવા સુરતમાં ખાસ ટીમ ડેપ્યુટ કરીશું તેમ જણાવ્યુ હતુ.

વેબીનારમાં ઉદ્યોગકારો દ્વારા અસંખ્ય સવાલો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. જેવા કે લઘુ ઉદ્યોગો માટે સૌથી મોટો મુદ્દો ફાયનાન્સનો છે. આથી સરકારે વક'ગ કેપીટલ, કરન્ટ લોન, જીએસટીના પ્રશ્નો, પ્રોફેશનલ ટેક્ષ અને ઈલેકટ્રીસિટીમાં ઉદ્યોગોને રાહત આપવી પડશે વિગેરે મુદ્દાઓ અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. એમએસએમઈ પીએસયુને ૪૫ દિવસમાં પેમેન્ટ કરવામાં આવે છે તેને હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને તુરંત જ પેમેન્ટ કરવા આદેશ આપવા માટે અધિકારીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. હાલ વિપુલ પ્રમાણમાં માસ્ક અને સેનીટાઈઝર બનાવવામાં આવી રહયુ છે તેના વેચાણ માટે ગુજરાત સ્ટેટ મેડીકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડનો સંપર્ક સાધવા અધિકારીઓએ ઉદ્યોગકારોને સૂચન કર્યુ હતુ. તદુપરાંત લઘુ ઉદ્યોગોના આર્થિક પ્રશ્નોના નિરાકરણ માટે તેઓને ફંડ આપી એક વર્ષ માટે મોરેટોરિયમ પિરિયડ આપી શકાય કે કેમ તે અંગે પણ પ્રયાસ કરવાની ખાતરી અધિકારીઓએ આપી હતી.

મોડાસા યુવતી અપમૃત્યુ કેસ

ત્રણમાંથી બે આરોપીઓને પુરાવાના અભાવે ક્લિનચીટ મળતા મુક્ત કરાયા

મોડાસા

અરવલ્લીનાં મોડાસાનાં સાયરની યુવતીના અપમૃત્યુ કેસ મામલામાં પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા ૩ આરોપી પૈકી દર્શન અને જીગરને તમામ આરોપમાંથી મુક્ત કરાયા છે. આપને જણાવી દઈએ કે અરવલ્લીનાં મોડાસાનાં સાયરની યુવતીની લાશ ઝાડ પરથી લટકતી મળી હતા. સાયરા કેસમાં અપહર, રેપ, હત્યા સહિતનાંઆરોપ લાગ્યા હતા. અને સમગ્ર વિસ્તારમાં આ મામલે હડકંપ મચી જવા પામ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, બોલીવુડ સ્ટાર અને અન્ય સેલિબ્રીટીઓ દ્વારા પણ આ મામલે પોલીસને અને સરકારને યોગ્ય કરવા સોદશિયલ મિડીયામાં ટહુકો કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા સ્થાનીક અને યુવતીના પરિજનો દ્વારા કરવામાં આવેલી માંગને અને પ્રાથમિક પુરાવાને જોતા ૩ સ્થાનિક યુવકોની ધરપકડ કરવામાં આવી હતી. તો એક યુવકની શોધખોળ કરવામાં આવી રહી હતી.

અતી સંવેદનશીલ જણાતા આ મામલામાં લોક લાગણીને માન આપીને તપાસ સીઆઈડીને સોંપવામાં આવી હતી. સીઆઈડી દ્વારા તપાસનાં અંતે કહેવામાં આવ્યું હતું કે, યુવતી સાથે દુષ્કર્મ થયુ નથી, તો તેની હત્યા કરવામાં આવી હોય તેવા પણ કોઈ પુરાવા સામે આવી રહ્યા નથી. તપાસ એજન્સી દ્વારા સમગ્ર મામલે ઉંડાણ પુર્વક તપાસ પછી મોતનું પ્રાથમીક તારણ આત્મહત્યા હોવાનું જણાવવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ દ્વારા જે ચાર લોકો કે યુવકો પર ગુનો દાખલ કરવામાં આવ્યો હતો, તેમાં એક યુવકનાં તપાસ દરમિયાન બે નામ હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર કેસમાં પુરાવાના અભાવે જિલ્લા કોર્ટે બંને યુવાનોને મુક્ત કરવા આદેશ કર્યો હતો. કોર્ટ દ્વારા મુક્તીનાં આદેશ સાથે બંન્ને આરોપીને સબજેલમાંથી મુક્ત કરાયા છે.

શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા

મુખ્યમંત્રી રાહત ફંડ માટે રૂ. ૨૫ લાખની સહાયનો ચેક અર્પણ

અમદાવાદ

ગરવી ગુજરાતનો ગેબીનાદ ગગનગોખે ગુલાબી ગીતોનું ગૂંજન ગર્જી રહ્યો છે. એ જ ગરવી ગુજરાતની ગૌરવવંતી ગરીમા છે. સાંપ્રત સમય વિશ્વવ્યાપી કોરોનાનો કકળાટ કાળો કેર વર્તાવી રહ્યો છે ત્યારે આવા કપરા સમયે સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન , શ્રીજી સ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી અને સનાતનધર્મસમ્રાટ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ નિર્દિષ્ટ કરેલ માનવ મૂલ્યોના જતન અર્થે - સેવાયજ્ઞ માટે મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સદૈવ કટિબદ્ધ રહે છે. વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજના આદેશ અનુસાર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન તન, મન, ધનથી કાર્યરત છે. સમર્પિત સંતો અને સ્વયંસેવકો દ્વારા શુદ્ધ અને સાત્વિક ભોજન, પાણી અને ઔષધ વગેરેથી ભૂખ્યા, દુઃખિયા દીનજનોની સેવા કરવાનો લાભ ખૂબ જ ઉમંગ અને ઉત્સાહથી ઉઠાવી રહ્યા છે. બાહોશ અને બહાદુર વડાપ્રધાનશ્રીએ ભાતીગળ ભારતના નાગરિકોના હિતાર્થે લોક ડાઉનનો નિર્ણય લીધો છે તે સરાહનીય છે. કોરોના આફતનો સામનો કરવામાં સહભાગી થવા આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, રૂપિયા ૨૫ લાખની સહાય મુખ્યમંત્રી રાહત ફંડમાં સાદર અર્પણ કરાઈ. ગુજરાત અને ભારતભરમાં મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનની જયાં જયાં શાખા અને પ્રશાખાઓ છે ત્યાં ત્યાં અનાજ-પાણી, દૈનિક ૪૮૦૦ ઉપરાંત જરૂરિયાતમંદોને ભોજન તથા ફુડપેકેટ્સ, લીલા શાકભાજીનું વિતરણ વગેરે તેમજ વિદેશમાં પણ વિવિધ જગ્યાએ સેવા યજ્ઞ ચાલુ છે.

મુંબઈમાં ત્રણ દિવસનો બાળક બન્યો કોરોનાનો દેશનો સૌથી નાની ઉંમરનો દર્દી

મુંબઈ

મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૩૩ નવા કેસમાં ૩ દિવસનું એક બાળક પણ સામેલ છે. તેની ૨૬ વર્ષની માતા અને એક નર્સને પણ કોરોનાની બીમારી થઈ ગઈ છે. તેની સાથે જ રાજયમાં બીમારીથી ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૩૩૫ થઈ ગઈ છે. અહીં ૫ નવા મોતની સાથે મૃતકોની કુલ સંખ્યા ૧૬ થઈ ગઈ છે.

બાળકના પિતા વી.સિંહે કહ્યું કે ૨૬મી માર્ચના રોજ બાળકનો જન્મ ચેમ્બુરની એક હોસ્પિટલમાં થયો હતો. ત્યાં એક દર્દી બાદમાં કોરોના પોઝિટીવ જોવા મળ્યો હતો.

સિંહે કહ્યું કે અમને તાત્કાલિક હોસ્પિટલ છોડવાનું કહ્યું, જેને ક્વારેન્ટાઈન કરાઈ રહ્યા હતા અને ડૉકટર્સે અમારી દેખભાળની ના પાડી દીધી. મારી પત્ની અને મારા બાળકનો રિપોર્ટ લગભગ અડધી રાત્રે જ પોઝિટીવ આવ્યો. ત્યારથી અમે કસ્તૂરબા હોસ્પિટલમાં છીએ.

તેમણે સરકાર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેને અનુરોધ કર્યો છે કે તેમના બાળક અને પત્નીને યોગ્ય સારવાર આપવાનું કહ્યું.

લોકડાઉનના અમલ કરવાની અનિવાર્યતા સમજાય નહીં તો કરફયુ નાખવો જ રહ્યો

બીજા દેશોની જેમ ભારતમાં પણ કોરાનાની સ્થિતિ વળસી રહી છે,આંકડા જે રીતે વધી રહ્યા છે તે આવનારી બીહામણી સ્થિતિનો નિર્દેશ આપી રહ્યા છે, કોરોનાની સાંકળ તોડવા માટે કેન્દ્ર સરકારે ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યુ છતાં હજી દેશના અનેક વિસ્તારો અને બજારોમાં કીડીયારાની જેમ માણસો ઉભરાઈ રહ્યા છે, હમણાં સુધી આપણે કોરાના માટે વિદેશથી આવેલા ભારતીયોને જવાબદાર ગણાવી રહ્યા હતા, પણ હવે દેશ અને ગુજરાતમાં કોરોનાના જે કેસ સામે આવી રહ્યા છે તે સ્થાનિકોના સંપર્કોને કારણે ફેલાયેલા કોરાના છે. આ સ્થિતિ ગંભીર છે છતાં આપણને તેની ગંભીરતા સમજાઈ રહી નથી, લોકડાઉન સરકાર માટે નથી પણ તમારા અને મારા જીવનને સલામત રાખવા માટે છે આટલી સાદી સમજ પણ આપણામાં નથી,ગરીબ તો ઠીક મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમવર્ગ પણ જાણે રોજનું કમાઈ રોજ ખાતો હોય તે રીતે બજારમાં રોજ ખરીદી કરવા નિકળી રહ્યો છે. સરકારના લાખ પ્રયત્ન છતાં લોકડાઉનનું પરિણામ કેરોનાના કેસમાં ઘટાડા સ્વરૂપે જોવા મળતુ નથી,વિશ્વના જે દેશોએ આર્થિક કારણ આગળ ધરી લોકડાઉન કર્યુ નથી તેઓ મોતના રસ્તે આગળ વધી રહ્યા છે, આપણી લડાઈ જીવવા માટેની છે. જીવવા માટે તકલીફ વેઠવી પડશે આપણે બહાર નિકળી માત્ર આપણને નહીં,આપણે જેના માટે જીવીએ છીએ, અને જેમને પ્રેમ કરીએ છીએ તેવા આપણા પરિવાર-મિત્રો અને પડોશીઓ માટે જીવતો બોમ્બ સમાન બની રહ્યા છે, ગુજરાત બીજા કરતા પ્રગતીશીલ હોવાનો આપણે અનેક વખત દાવો કરીએ છીએ પણ લોકડાઉનની સ્થિતિ જોતા લાગે છે આપણે ખુબ પછાત છીએ લોકડાઉનના અમલ માટે પોલીસને રસ્તા ઉપર ઉભા રહેવુ પડે આપણને આપણો સ્વાર્થ પણ સમજાતો નથી,અમદાવાદના એક વિસ્તારમાં તો લોકડાઉનનો અમલ કરવી રહેલી પોલીસ ઉપર પથ્થરમારો થાય આટલી મુર્ખતા તો વિશ્વમાં કયાં નહીં હોય. આ સ્થિતિમાં અપણે હમણાં ૧૪મીએ લોકડાઉન પુર્ણ થશે કે નહીં તેની ચર્ચા અને ચીંતા કરી રહ્યા છીએ પણ ગુજરાત અને અમદાવાદમાં આંકડા જે રીતે વધી રહ્યા છે તે બતાડે છે જો લોકડાઉનની અસરકારતા ના રહે તો રાજય અને કેન્દ્ર સરકાર પાસે લોકડાઉન નહીં કરફયુ નાખવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહીં તમને શુ લાગે છે કરફયુ નાખવો જોઈએ તમારો મત પણ જણાવો.

ચારિત્રની શંકા રાખી દિયરે ભાભીની છરીના ઘા ઝીંકી હત્યા કરી

ચોટીલા

હાલમાં સમગ્ર દેશ-દુનિયામાં કોરોના વાયરસનો હાહાકાર છે લોકો ઘરમાં પૂરાયા છે અને અત્યારે આ વાયરસ વિશે જ ચર્ચા કરી રહ્યા છે ત્યારે ચોટીલાનાં રાજપરા ગામે ભાભીની છરીનાં ઘા મારી હત્યા નિપજાવી, દિયરે વિજળીના થાંભલે લટકી આત્મહત્યા કરી લીધી છે. આ ચોંકાવનારી ઘટનાના કારણે સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. માત્ર એક શંકાના કારણે દિયરે ભાભીને મોતને ઘાટ ઉતારી દીધી હોવાની લોકચર્ચા ચાલી રહી છે. ચોટીલાનાં રાજપરા ગામે સગા ભાભીની હત્યા નિપજાવી દિયરે આત્મહત્યા કર્યાનો બનાવ બનતા પંથકમાં ચકચાર ફેલાઈ છે. સ્થાનિક પોલીસનાં જણાવ્યાનુસાર, રાજપરા ગામે ખેતરમાં કપાસ વિણતી મહિલા ભારતીબેન કાળાભાઈ જાદવને તેના સગા દિયર મનસુખ નાથાભાઈએ બોલચાલ કરી હતી અને બાદમાં તેની પાસે રહેલ છરીથી ભાભી પર તૂટી પડ્યો હતો અને પાંચ ઘા મારી કુરતા પૂર્વક ઘટના સ્થળે જ હત્યા નિપજાવી દીધી હતી. બાદમા તેણે પણ નજીકમાં આવેલ વિજ થાભલે ચડી જઈ પસાર થતી વિજ લાઈનને પકડી આત્મહત્યા કરી લેતા સનસનાટી મચી છે. આ હત્યા અંગે નજરે જોનાર ફરીયાદી એવા ભોગ બનનારનાં સાસુ અને આત્મહત્યા કરનાર આરોપીની માતા પાખીબેને પોલીસને જણાવેલ કે બાજુનાં ખેતરમાં તેઓ કામ કરતા હતા અને તેમનો નાનો પુત્ર તેના ભાભી સાથે વાતચીત કરતો હતો. થોડા સમયમાં પુત્ર છરી વડે ભાભી ઉપર તૂટી પડેલ અને પાંચેક ઘા મારી દોડી જઈ થાંભલે ચડી જઈ જીવતા વિજતાર પકડી લીધા હતા. આત્મહત્યા કરી નીચે પટકાઈ પડેલ આ ઘટના પાછળ મનસુખને તેના ભાભીને કોઈ સાથે સબંધ હોવાની શંકાને કારણે તેને હત્યા કરી હતી.

દાહોદમાં હોર્ન વગાડવા જેવી નજીવી બાબતે યુવકની હત્યાથી ચકચાર

દાહોદ

જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના ઉધવાળા ગામે રહેતા વિજયભાઈ બાઈકનું હોર્ન મારતા પસાર થઈ રહ્યા હતા. ત્યારે ફળિયામાં રહેલા અજય મુડેલ, પ્રવીણ બારિયા, મોહન બારીયા અને રમેશ બારીયા નામના આ યુવકોએ છુટા હાથે પથ્થરમારો કર્યો હતો અને વિજયભાઈ પર હુમલો કર્યો હતો.

આજુબાજુના સ્થાનિકોએ તાત્કાલિક ૧૦૮ને ફોન પર જાણ કરી હતી, ત્યારબાદ ઈજાગ્રસ્તને લઈને દેવગઢબારિયા દવાખાને પહોંચતા ફરજ પરના તબીબે વિજયને મૃત જાહેર કર્યો હતો.

આ ઘટના સંદર્ભે દેવગઢબારિયા પોલીસે હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી ફરાર આરોપીઓની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

સીએમઓના સચિવ અશ્વિનીકુમારે માહિતી આપી

૧૪ એપ્રિલ સુધી ફેક્ટરી-ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓને ટર્મિનેટ નહિ કરી શકાય

ગાંધીનગર

કોરોના વાયરસ અંગેના ગુજરાતના લેટેસ્ટ અપડેટ અંગે સીએમઓના સચિવ અશ્વિનીકુમારે પ્રેસ કોન્ફરન્સમાં મહત્વની માહિતી આપી કે, રાજયમાં આવેલી ફેક્ટરી તથા ઈન્ડસ્ટ્રીઝના એકમોના કર્મચારીઓ ૧૪મી એપ્રિલ સુધી કોઈને પણ ટર્મિનેટ કે પગાર આપવાની વાત નહિ આવે. ઘરે કામ કરતા લોકો માટે પણ આ કાયદો લાગુ પડશે. કોઈ પણ કંપની ફેક્ટરીના માલિક આ નિયમનો ભંગ કરશે તો કરો કલમ ૫૧ હેઠળ પોલીસ ફરિયાદ નોંધવામાં આવશે.

તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા ચર્ચા કરી છે. ત્યારે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતમાં કોરોના વાયરસમાં લીધેલા પગલાઓ અંગે તેઓને માહિતગાર કર્યા છે. અમદાવાદ, સુરત ખાતે વડોદરા અને રાજકોટ ખાતેની હોસ્પિટલમાં ચાલી રહેલ સારવાર અંગેની વિગતો આપી હતી. તમામ જિલ્લાઓની પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરાઈ છે.

મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, ખાનગી ડેરીનો વિસ્તાર બંધ હોય તેવા સંજોગોમાં પશુપાલકે સહકારી મંડળીઓમાં પણ દૂધ ભરાવી શકે છે. સભાસદ ન હોય તેમ છતા તેઓ દૂધ જમાવી કરાવી શકશે. આ ઉપરાંત વૃદ્ધો વિધવા બહેનો સહિતની એડવાન્સમાં પેન્શન આપવાની હતી. તેઓના ખાતામાં ૨૧ કરોડ જેટલી રકમ જમા કરાવી દેવામાં આવી છે.

જેલપુર અનાજ માર્કેટમાં શિફ્ટ કરવામાં આવશે

લોકડાઉન સુધી અમદાવાદના જમાલપુર શાકમાર્કેટનું સ્થળાંતર કરાશે

અમદાવાદ

અમદાવાદમાં કોરોના લઈને એપીએમસીએ નિર્ણય લીધો મોટો લીધો છે. જમાલપુર શાક માર્કેટને અમદાવાદ શહેરથી બહાર ખસેડવાનો નિર્ણય કર્યો છે..જમાલપુર માર્કેટમાં થઇ રહેલી ભીડને લઈને નિર્ણય કરવામાં આવ્યો છે. બે દિવસ જમાલપુર શાક માર્કેટ બંધ રહેશે. જમાલપુર શાક માર્કેટને જેતલપુર અનાજ માર્કેટમાં શિફ્ટ કરવામાં આવશે. શાક માર્કેટમાં આવતા તમામ ખેડૂતો અને વેપારીઓને જાણ કરવામાં આવી છે. ૧૩ થી૧૮ હજાર ક્વિન્ટલ શાકભાજી માર્કેટમાં રોજ આવે છે. હાલની જગ્યા નાની પડી રહી છે. કોરોનાની સ્થિતિમાં માર્કેટ ખસેડવું જરૂરી હતું. સોમવારથી માર્કેટ જેતલપુર અનાજ માર્કેટ ખાતે ચાલશે. કોરોનાની સ્થિતિ સામાન્ય બનતા જ માર્કેટ જમાલપુર પરત લાવવામાં આવશે. જમાલપુર માર્કેટ શનિવારના રોજ બંધ રહેશે. હાલ જમાલપુર માર્કેટમાં ૫ હજાર લોકોનું આવાં જાવન છે. ૫૦૦ થી વધુ વાહનોની અવર જવર રહે છે.

નાયબ મુખ્યમંત્રીનું જીએનએસ દ્વારા ધ્યાન દોરાતા લેવાયો તરત જ નિર્ણય

લાખો મા કાર્ડધારકોના હિતમાં સરકારે લંબાવી મુદત...

• સમાજસેવાના ભેખધારી નીતિન પટેલે તરત જ લાખો કાર્ડધારકોમાં કર્યો આદેશ...

ગાંધીનગર

કોરોના મહામારીમાં સમગ્ર ભારત ૨૧ દિવસના લોકડાઉનમાં બંધ છે ત્યારે નાણાંકિય વર્ષના છેલ્લાં દિવસે ૩૧ માર્ચના રોજ સંખ્યાંબંધ સરકારી યોજનાઓ –નિયમો વગેરેની મુદત પણ પૂર્ણ થાય છે. ગુજરાતમાં લાખો ગરીબો માટે આશિર્વાદસમાન મા કાર્ડ યોજનામાં આવકનિં પ્રમાણપત્ર ૩ વર્ષના અંતે ૩૧ માર્સ સુધીમાં રજૂ કરવું અનિવાર્ય હોઈ આ અંગે જીએનએસ ન્યૂઝ એજન્સી દ્વારા લાખો કાર્ડધારકોના હિતમાં સરકારનું ધ્યાન સમયસર ધ્યાન દોરવામાં આવ્યું અને આરોગ્યમંત્રી તથા નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલ દ્વારા તાત્કાલિક નિર્ણય લઈને તેની મુદત ૩૦ જૂન સુધી વધારી આપી છે. સરકારના આ નિર્ણયોથી જેઓ ૩૧ માર્ચ બાદ કોઈ બિમારીની સારવારથી વંચિત રહી જાય તેમ હતા તેમના માટે આ નિર્ણય આશિર્વાદરૂપ નિવડશે.

લોકડાઈનને કારણે આરોગ્ય તંત્ર સિવાય અન્ય વહીવટીય સેવાઓ બંધ છે ત્યારે જેમને ૨૦૧૭માં મા કાર્ડ આપવામાં આવ્યાં અને ૩ વર્ષની મુદત બાદ ૩૧ માર્ચ ૨૦૨૦ સુધીના આવકનું નવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું હતું તેઓ લોકડાઉનમાં અટવાયા હતા. નવુ પ્રમાણપત્ર મેળવવાની કે આપવાની કામગીરી કરનાર તંત્ર જ બંધ છે ત્યારે કોઈને તાકીદે સારવારની જરીર પડે તો શું થાય તેનો વિચાર કરીને જીએનએસ દ્વારા તાકીદે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલનો ટેલિફોનિક સંપર્ક કરીને તેમને જાણ કરી હતી અને ગરીબ કાર્ડધારક નવા પ્રમાણપત્રના અભાવે મા કાર્ડની આરોગ્ય સેવાથી વંચિત ના રહે તેવુ ધ્યાન દોરતા તેમમએ તરત જ તેની ગંભીરતા સમજીને જે તે સત્તાવાળાઓને તરત જ મુદત લંબાવવા આદેશ આપ્યો હતો અને વિભાગે પણ તાકીદે પરિપત્ર કરીને મા કાર્ડધારકોને ૩૦ જૂન સુધીમાં નવુ પ્રમાણપત્ર રજૂ કરવાનો સમય આપ્યો છે. તથા ત્યાં સુધી આરોગ્ય સેવાઓનો લાભ યથાવત ચાલુ રાખવા જણાવ્યું છે.

સૂત્રોએ કહ્યું કે નાયબ મુખ્યમંત્રી સંવેદનશીલ સરકારના એક કર્મઠ અને ખરા અર્થમાં સામાજિક સેવાભાવ ધરાવનાર છે. રાજકારણમાં પોતે સમાજની સેવા માટે આવ્યાં છે એમ તેઓ જાહેર કરે છે કોઈ મંચ પરથી ત્યારે તે તેમનામાં રહેલી સામાજિક ભાવના કે લાગણીને રચનાત્મક રીતે પ્રદર્શિત કરે છે. પાટીદાર સમાજ કે અન્ય કોઇપણ સમાજ પર જ્યારે કોઇ આપત્તિ આવી પડી હોય ત્યારે તેમણે ધારાસભ્ય તરીકે કે મંત્રી કે નાયબ મુખ્યમંત્રી તરીકે પોતાની ફરજ બજાવી છે. મા કાર્ડની મુદત વધારવાની જાણ જીએનએસ દ્વારા કરવામાં આવી ત્યારે તરત જ તેમણે જો મુદત ન લંબાવાય તો ૬ લાખ કાર્ડધારકો કે જેમને નવુ પ્રમાણપત્ર આપવુ અનિવાર્ય છે તેમના હિતમાં કોઈ નોટીંગની પ્રક્રિયામાં પડ્યા વગર તરત જ નિર્ણય લઈને ઉદારતા દાખવી છે.

યુવાનને બીજા કોઈ ઈન્ફેકશન ન લાગે તે માટે હોમ ક્વોરન્ટીન કરાયો

રાહતના સમાચારઃ રાજકોટમાં પોઝિટિવ કોરોના દર્દી સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યો

રાજકોટ

લોકોનો સાથ અને આરોગ્ય વિભાગની મહેનત રંગ લાવી છે. રંગીલા રાજકોટ માટે સારા સમાચાર એ છે કે ગુજરાતનો પ્રથમ કોરોના પોઝિટિવ દર્દી આજે સાજો થઇ ગયો છે. તેને હોસ્પિટલમાંથી રજા આપી ઘરે પણ મોકલી દેવામાં આવ્યો છે. એ સિવાય છેલ્લા બે દિવસથી એટેલે કે ૪૮ કલાકમાં લેવામાં આવેલા સેમ્પલના તમામ રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. રાજકોટ અને અહીંના લોકો પોઝિટિવ એટલે જ તમામ કોરોના રિપોર્ટ નેગેટીવ આવી રહ્યા છે. રાજકોટ શહેરમાં પોલીસ હોય, મેડિકલ સ્ટાફ હોય, સામાજીક અને સેવાભાવીઓ સંસ્થા હોય તે પોતાની મહેનત ખડેપગે કરી રહી છે. રાત-દિવસ જોયા વગર કામ કરી રહી છે એટલે જ કોરોનાના પ્રથમ દર્દીને સાજો કરવામાં સિવિલ હોસ્પિટલ અને તેના સ્ટાફની મહેનત રંગ લાવી છે. તેમજ ૩૧ માર્ચે રાજકોટમાં ૧૬ રિપોર્ટ અને ૧ એપ્રિલે ૧૨ દર્દીના કોરોનાના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા. રિપોર્ટ નેગેટિવ આવતા જ રાજકોટવાસીઓમાં એક પોઝિટિવીટી આવી રહી છે.

રાજયમાં કોરોનાનો પ્રથમ કેસ રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં દેખાયો હતો. યુવાનને ૧૭મીએ દાખલ કરાયો હતો અને ત્યારથી સારવાર ચાલી રહી હતી. સિવિલના તબીબો અને નર્સિંગ સ્ટાફની રાત-દિવસના અથાક પરિશ્રમના પરિણામે હવે યુવાન કોરોનાગ્રસ્ત નથી. તેના સતત બે રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. યુવાન ખરેખર સ્વસ્થ થયો છે અને જોખમ બહાર છે તેની સાબિતી આપવા માટે બુધવારે રાત્રે સિવિલના તબીબી સ્ટાફ ગર્વભેર યુવાનને આઈસોલેશન વોર્ડમાંથી બહાર લાવ્યા હતા અને એકસાથે કોઇપણ પીપીઇ કિટ વગર યુવાનની સાથે રહીને પ્રતીતિ કરાવી હતી કે, તેનામાં હવે કોઇપણ પ્રકારના કોરોનાના વાઇરસ નથી. આજે ૨ એપ્રિલે સવારે તેને હોસ્પિટલમાંથી રજા અપાઇ છે.

લોકડાઉન છતાં પાન મસાલા અને દારૂની હેરાફેરી કરતા શખ્સો ઝડપાયા

અમદાવાદ

કોરોના વાઈરસનો ફેલાવો અટકાવવા પોલીસે જાહેરનામું બહાર પાડી લોકડાઉન કર્યું હોવા છતાં શહેરના વિવિધ વિસ્તારોમાં હજુ પણ કેટલાક લોકો ગંભીરતા સમજી રહ્યા નથી. કેટલાક લોકો રિક્ષામાં દારૂની હેરાફેરી અને ગલીઓમાં પાન-મસાલાનું વેચાણ કરતા મળી આવ્યા હતા. પોલીસે આવા લોકોની ધરપકડ કરી છે. સોલામાં ચાણક્યપુરી સુમતિ સ્કૂલ પાસે રિક્ષામાં દારૂનો જથ્થો લઈને જઈ રહેલા સની સોલા પોલીસે ધરપકડ કરી હતી. મહેશ ડી પુરબીયા નામના શખ્સને દારૂ ક્યાંથી લાવ્યો અને કોને પહોંચાડવાનો હતો. તે અંગે પોલીસે હવે તપાસ હાથ ધરી છે. બીજી તરફ વસ્ત્રાપુરમાં સિધુભવન રોડ પર જાહેરમાં પાન મસાલા વેચતા શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. તે સિવાય વસ્ત્રાપુરમાં જાહેરમાં ફરતાં નવ શખ્સોની પોલીસે ધરપકડ કરી હતી. જાહેરનામાનો ભંગ કરનારા અન્ય બનાવમાં વાહનો લઈને ફરતાં ત્રણ શખ્સની પોલીસે ધરપકડ કરી હતી. તે સિવાય વેજલપુરમાં જ જાહેરનામું હોવા છતાં મોબાઈલની દુકાન ચાલુ રાખનારા શખ્સની ધરપકડ કરી હતી. એલિસ બ્રિજમાં પણ દેશી દારૂની હેરાફેરી કરતા શખ્સોની ધરપકડ કરીને પોલીસે છ લિટર દેશી દારૂનો જથ્થો કબજે કર્યો હતો.

લોકડાઉનમાં ૮૪૨ ગુના નોંધ્યા, ૨૪૯૦ લોકોની ધરપકડ કરીઃ અમદાવાદ પો.કમિશનર

અમદાવાદ

પોલીસ કમિશનર આશિષ ભાટિયા પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, અમદાવાદમાં લોકડાઉનમાં કુલ ૮૪૨ ગુના નોંધાયા છે. ૨૦૦૦થી વધુની ધરપકડ કરી છે. લોકડાઉનનો કડક અમલ કરાવવામાં આવ્યો છે. એપિડેમીક ડિસિસ એક્ટ મુજબ ૬૦ ગુના અને ૮૨ લોકોની ધરપકડ કરી છે. ડ્રોનની મદદથી કેસો થયા છે. ૮ ડ્રોનથી ૮ ગુના અને ૩૯ લોકોની ધરપકડ કરી છે. સીસીટીવી મારફતે પણ કેસો કરવામાં આવી રહ્યા છે. ૧૦૦ નંબર પર ૨૬૪ જેટલા કોલ આવ્યા હતા.

ભાટીયાએ વધુમાં જણાવ્યું હતું કે, ૬ જગ્યાએ ક્વોરન્ટીન, ૩ આઈસોલેશન સેન્ટર પર ૧ પીએસઆઈ અને ૪ લોકોનો બંદોબસ્ત રખાયો છે. ૨૪૦૦ લોકો હાલમાં હોમ ક્વોરન્ટીનમાં છે. દરરોજ સી ટીમ સિનિયર સિટિઝનોની મુલાકાત લે છે. તેઓને દવા, માસ્ક, શાકભાજી કરિયાણું આપી રહી છે. ૯૦ વર્ષના સિનિયર સિટિઝનએ કંટ્રોલરૂમમાં ફોન કરી દવા માંગી પોલીસે ત્યાં જઈ પહોંચાડી હતી. ૮૦ ટકા પોલીસ બંદોબસ્તમાં છે. ચેકપોસ્ટ, શાકભાજી, ભીડભાડ થાય તેવી જગ્યા પર પોલીસ હોય છે. ૭૫૦ અનાજ વિતરણના સેન્ટર છે જયાં ટીઆરબી જવાન અને હોમ ગાર્ડ રાખવામાં આવ્યા છે.

રાણીપ પોલીસ સ્ટેશનમાં સામ સામે ગુનો નોંધવામાં આવ્યો

સાબરતી જેલમાં કેદીઓના બે જૂથ વચ્ચે અથડામણઃ બે ઘાયલ

અમદાવાદ

શહેરની સાબરમતી સેન્ટ્રલ જેલની હાઈસિક્યુરિટી બેરેક પાસે બુધવારે જમવાનું ગરમ ખાવા બાબતે કેદીઓના બે જૂથો વચ્ચે અથડામણ સર્જાઈ હતી આ ઘટનામાં ૨ કેદીઓને ગંભીર ઈજા પહોંચી છે. હાલ રાણીપ પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, સાબરમતી જેલમાં હાઈ સિક્યુરિટી બેરેકમાં કાચા કામના કેદી તરીકે હત્યાના ગુનામાં સજા કાપી રહેલા રોનક રાવળ બુધવારે સવારે કોન્સ્ટેબલ ચંદ્રકાંતની હત્યાના આરોપી મનીષ બલઈ સાથે જમવા બેઠો હતો. આ સમયે અબ્બાસ, યાસિનપેપો, શક્તિસિંહ અને ચેતન રાવળે ત્યાં પહોંચી રોનક પર કાપણાથી (ઝાડની ડાળીમાં દાઢી કરવાની બ્લેડ કે લોખંડની પતરી ભરાવી તૈયાર થતું હથિયાર) હુમલો કર્યો હતો. આ હુમલાના પગલે બંને જૂથો વચ્ચે અથડામણ થઈ હતી.

આ અથડામણ રોકવા વચ્ચે પડેલા ફરજ પરના અમલદાર અને જવાનોને પણ કેદીઓએ મારમાર્યો હતો. જે બાદ સિટી વગાડી જેલ પોલીસ જવાને અધિકારી અને સહકર્મીઓ ને જાણ કરી મદદ મેળવી હતી. આ બનાવમાં રોનક અને સામા પક્ષે અબ્બાસને ઈજાઓ થતા સારવાર કરાઈ હતી. હાલ રાણીપ પોલીસે રોનક અને અબ્બાસની સામસામે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

૧૭ સુધીમાં દેશના ઉત્તરીય પશ્ચિમી ભાગોમાં કમોસમી વરસાદની સંભાવના

કોરોનાના કહેર વચ્ચે ૭-૮ એપ્રિલે હવામાનમાં પલટો આવવાની આગાહી

ગાંધીનગર

આગામી દિવસોમાં પશ્ચિમી વિક્ષેપથી થયેલી વિપર્યાયથી જનજનમાં હાનિ થવામાં હતી ત્યારે આગામી દિવસોમાં ગરમી વધી શકે તેમ છે. તારીખ ૪-૫-૬માં અમદાવાદ, વડોદરા, સુરેન્દ્રનગર, અમરેલી, રાજકોટ, ડીસાના ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૪૧ ડિગ્રી સેલ્સિયસને પાર કરી શકે તેમ છે.

જૂનાગઢ, સુરત, ભુજના ભાગોમાં પણ ગરમી રહી. તા.૭-૮માં હવામાન પલટો આવી શકે છે. વાદળછાયું રહે. પુનઃ તા ૧૩થી ૧૫માં હવામાનમાં પલટો આવી શકે અને તા. ૧૭ સુધીમાં દેશના ઉત્તરીય પશ્ચિમી ભાગોમાં કમોસમી વરસાદ કે કરાં પડી શકે તેમ છે. ૨૦મી એપ્રિલ બાદ સાગરમાં પણ હવાના દબાણો ઉભા થાય તેમ છે. ૨૦૨૦ના ચોમાસા અંગે જોતા આ વખતે સમુદ્રના પ્રવાહો તટસ્થ રહેવાની ધારણા રહે. જેના લીધે ગત સાલના ચોમાસા કરતા આ વખતના ચોમાસાના સ્વરૂપમાં બદલો પણ આવી શકે. ગત વખતે ૧૪૫ ટકા વરસાદ થયો હતો પરંતુ આ વર્ષે ચોમાસાનું સ્વરૂપ બદલાઈ શકે. આ વર્ષે ચોમાસાનું સ્વરૂપ બદલાઈ શકે છે. આ વર્ષે માપસરનો પડે કારણ કે બંગાળાના ઉપસાગર અને અરબી સાગરની ગરમીનું પ્રમાણ જળવાઈ રહે.

ચૈત્ર માસ શરૂ થવા છતાં પણ હજુ સુધી ગરમી શરૂ થઈ નથી. રાત્રિના સમયે ગુલાબી ઠંડીનો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. દિવસે ગરમી અને રાત્રે ગુલાબી ઠંડીના કારણે બેવડી ઋતુથી રોગચાળાને આમંત્રણ આપતું વાતાવરણ સર્જાયું છે. હવે ચૈત્રના દનૈયા તપે તેની હવામાન ખાતાના નિષ્ણાતો રાહ જોઈ રહ્યા છે.

દાહોદ જિલ્લામાં ૪૦૯ પરપ્રાંતિયોને શેલ્ટર હોમમાં રખાયાં

દાહોદ

ગુજરાત રાજ્યના વિવિધ શહેરમાંથી પોતાના વતન જવા માટે આવેલા મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના લોકોને દાહોદ જિલ્લામાં જ રોકી લેવામાં આવ્યા છે. આ માટે વિવિધ સ્થળે શેલ્ટર હોમ બનાવીને આવા ૪૦૯ લોકોને અહીં આશરો આપવામાં આવ્યો છે.

આ સાથે તંત્ર દ્વારા તેમના બંને સમયના ભોજનની વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. સરકાર દ્વારા સ્થળાંતર રોકવાની સુચના આપી છે. ત્યારે ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાંથી પોતાના વતન જવા માટે દાહોદ આવેલા મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના શ્રમિકોને દાહોદ જિલ્લામાં જ રોકી લેવામાં આવ્યા છે.

દાહોદ શહેરમાં ખરેડી સ્થિત જવાહર નવોદય વિદ્યાલયમાં મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશના ૨૭૦ લોકોને રાખવામાં આવ્યા છે. તેવી જ રીતે દેવગઢ બારિયાની મોડેલ સ્કુલમાં ૯૯, ઝાલોદના ટીટોડી આશ્રમમાં ૪૦ લોકોને રાખવામાં આવ્યા છે. કોરોનાનો વ્યાપ દિવસે દિવસે વધતો જાય છે ત્યારે અન્યત્રથી આવેલ નિરાશ્રિતોને કે મજૂરી કામ કરતા જે તે લોકોને વહીવટી તંત્ર તરફથી જે તે તાલુકાના જે તે સ્થળોએ આશરો આપી ઉમદા કાર્ય કરવામાં આવ્યું છે.



સમગ્ર દેશમાં આજે રામ નવમીને પગલે ભગવાન શ્રીરામની આરતી કરવામાં આવી છે. જો કે કોરોનાના હાહાકારને કારણે મંદિરમાં ભીડ જમા થઈ નથી અને ગણતરીના ભક્તો જ મંદિરમાં જોવા મળ્યા છે. જ્યારે અમદાવાદમાં એક રામજી મંદિરમાં આજે રામનવમીને લઈ ભગવાન શ્રીરામની આરતી કરવામાં આવી હતી. આરતી દરમિયાન મંદિરમાં લોકોએ સોશિયલ ડિસ્ટન્સનું પણ પાલન કર્યું હતું. મંદિરમાં કુંડાળા બનાવવામા આવ્યાં હતા. આ કુંડાળામાં જ શ્રદ્ધાળુઓએ ઉભા રહી અને ભગવાન રામની આરતી કરી હતી.

માછીમારી બંધ થઈ જતા ૫ હજાર કરોડથી વધુના નુકસાનની ભીતિ

સૌરાષ્ટ્રનાં દરિયા કિનારે ૫૦ હજાર જેટલા માછીમારો બોટમાં જ ક્વોરન્ટાઈન કરાયા

પોરબંદર

કોરોના વાયરસનાં કારણે સૌરાષ્ટ્રનાં આશરે ૫૦ હજાર માછીમારો માંગરોળ, વેરાવળ, પોરબંદર અને ઓખા સુધીના કિનારા પર બોટમાં જ ક્વોરન્ટાઈન છે. આ માછીમારો પોતાના પરિવારોને મળી નથી શકતા અને તેમની આવક પણ બંધ છે. મળતી માહિતી પ્રમાણે, માછીમારી બંધ થઈ જતા આશરે પાંચ હજાર કરોડથી વધુ નુકશાન આ ઉદ્યોગને થયાનું આગેવાનો જણાવી રહ્યાં છે.

સૌરાષ્ટ્રમાં હાલ માંગરોળમાં આશરે ૯ હજાર, પોરબંદરમાં ૧૦ હજાર, વેરાવળમાં ૧૫ હજાર અને ઓખાની આસપાસ આશરે ૧૫ હજાર માછીમારો હાલ કિનારા પરની બોટમાં જ ક્વોરન્ટાઈન છે. આ લોકોની તમામ વ્યવસ્થા બોટ માલિકો દ્વારા કરવામાં આવી રહી છે. મળતી માહિતી પ્રમાણે માંગરોળમાં આશરે ૮૦૦, પોરબંદરમાં ૨૫૦૦, વેરાવળમાં ૨૫૦૦ અને ઓખામાં પણ ૨૫૦૦ જેટલી બોટ હાલ કિનારા પર છે. જેમાં ૫૦ હજારથી વધુ માછીમારો ક્વોરન્ટાઈન છે.

આ કપરી પરિસ્થિતિ અંગે ઓલ ઈન્ડિયા ફિશરમેન એસોસિએશનનાં પ્રમુખનાં જણાવ્યાં મુજબ, કોરોના વાયરસની આ સ્થિતિમાં માછીમારોની હાલત સૌથી ખરાબ છે. હજારો માછીમાર પરિવારો બેકારીમાં જીવી રહ્યાં છે. ફિશીંગ માટે ગયેલા માછીમારો કિનારે આવીને અટવાયા છે જેથી તેમના પરિવારોને બે ટંક ખાવાનાં સાંસા પડી રહયા છે. ફિશીંગમાં ગયેલી બોટને વહીવટી તંત્રએ પરત બોલાવી લેવા આદેશ કરતા બોટ સાથે માછીમારો પરત તો આવી ગયા છે પણ તેમને કિનારે જ અટકાવી દેવામાં આવ્યા છે. બોટમાં જ ક્વોરન્ટાઈન કરાયા છે કારણ કે તેમના પરિવાર પર કોઈ જોખમ ઉભુ ન થાય.

બનારસ ફસાયેલા રાજપીપળાનાં ૩૦ પ્રવાસીઓ પરત ફર્યા, તમામને ક્વૉરન્ટાઈન કરાયા

નર્મદા

રાજપીપળાનાં ૩૦ જેટલા ભાઈ-બહેનોનો સમૂહ દસેક દિવસ પહેલા વારાણસી, બનારસ, આગ્રાના પ્રવાસે ગયા હતા. પરંતુ કોરોના મહામારીના પગલે આ તમામ વારાણસીમાં અટવાતા મુશ્કેલીમાં મુકાયા હતા. જોકે, ગુજરાત ટુરિઝમમાં એમડી જેનું દેવન દ્વારા વારાણસીનાં કલેક્ટરનો કોન્ટેક્ટ કરતા તમામ અટવાયેલા પ્રવાસીઓને ગઈ કાલે બનારસથી રાજપીપળા આવવા દીધા હતા. જે બાદ ગઈકાલે મોડી રાત્રે તેઓ પોતાના વતન આવી પહોંચ્યા હતા.

નર્મદા જિલ્લા આરોગ્ય ખાતા દ્વારા તમામને હોમ ક્વૉરન્ટાઈન કરવામાં આવ્યા છે. પરંતુ કેટલાક વ્યક્તિઓ પોતાના ઘરની બહાર નીકળતા આરોગ્ય વિભાગ દ્વારા તમામનાં ઘરે પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે. ૬૦ વર્ષની ઉપરની ઉંમરના ૯ જેટલાને પોલીસ દ્વારા ડિટેન કરી તમામને ક્વોરન્ટાઇન કરવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા તમામને સૂચના આપવામાં આવી છે કે, ઘરની બહાર નીકરવવાળાની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મહત્વનું છે કે, રાજપીપળાના કેટલાક વ્યક્તિઓ બનારસ ખાતે દર્શન કરવા ગયા હતા. લૉકડાઉન થતા તેઓ ત્યાં ફસાયા હોવાને કારણે તેમણે તંત્ર પાસે મદદ માંગી હતી. રાજપીપળાનાં ૩૦ જેટલા પ્રવાસીઓ બનારસ ખાતે ફસાયાનો એક વીડિયો પણ વાયરલ કરી પોતાની હાલત જણાવી હતી.

વલસાડ જિલ્લાની વાજબી ભાવની દુકાનોમાંથી અનાજ વિતરણ શરૂ

દુકાનો પર સોશિયલ ડિસ્ટન્સ જાળવવાની વ્યવસ્થા

સુરત

કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ હોઈ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને કોઈપણ પ્રકારની તકલીફ ઊભી ન થાય તે માટે વિવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા તમામ રેશનકાર્ડ ધારકોને નિયત જથ્થો પૂરો પાડવાનો નિર્ણય લીધો છે. જે પૈકી અંત્યોદય કાર્ડધારકો, અગ્રતા ધરાવતા કુટુંબો તેમજ એન. એફ. એસ. એ. કાર્ડધારકોને વિનામૂલ્યે રાશનનો જથ્થો વિતરણ કરાશે. દુકાનો ખાતે ભીડ ન થાય અને સોશીયલ ડીસ્ટબન્સ જળવાઇ રહે તે માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના ખારવેલની વાજબી ભાવની દુકાનના સંચાલક આશીષ પટેલ જણાવે છે કે, તેમની દુકાનના ૩૩૦ એન.એફ.એસ.એ. રેશનકાર્ડ ધારકો છે. દુકાનમાં ખોટી ભીડ એકત્ર ન થાય જે પૈકી ત્રણ દિવસમાં દરરોજ ૧૧૦ વ્યક્તિઓને વોર્ડ તેમજ ફળિયાવાઇઝ આવવા માટે અગાઉથી સૂચના આપી દેવામાં આવી છે. દુકાનમાં આવતા ગ્રાહકો એક મીટરના અંતરે ઊભા રહે તે માટે ગોળ કુંડાળા કરવાની સાથે દુકાનમાં સેનેટાઇઝરની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

વલસાડની નાના પારસીવાડ, છીપવાડ, બંદરરોડ તેમજ તરિયાવાડ વિસ્તારની વાજબીભાવની દુકાનોમાં પણ કાર્ડધારકોને રાજયન સરકારની સૂચના મુજબ રાશન પૂરું પાડવામાં આવ્યું છે. આ રાશન આપવા માટે એક મીટરના અંતરે ઊભા રહેવાની તેમજ સેનેટાઇઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી.

કોરોના વાયરસથી વડોદરામાં પ્રથમ મોતઃ રાજ્યમાં મૃત્યુઆંક સાત પર પહોંચ્યો

વડોદરા

ગુજરાતમાં કોરોનાના વધુ એક દર્દીનું વડોદરામાં મોત થયું છે. આ સાથે રાજ્યમાં કુલ મૃત્યુઆંક સાત પર પહોંચ્યો છે. વડોદરામાં નિઝામપુરાના ૫૨ વર્ષીય પુરૂષનું મોત થયું છે. આ શખ્સ તાજેતરમાં શ્રીલંકા પ્રવાસથી પરત આવ્યા હતા અને તેમને કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા. આ ઉપરાંત તેમના પરિવારના ચાર લોકોનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા ખળભળાટ મચી ગયો હતો. વડોદરામાં આ સૌપ્રથમ કોરોનાગ્રસ્ત દર્દીનું મોત છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ચેપગ્રસ્ત લોકોની સંખ્યા ૮૭ પર પહોંચી ગઈ છે. સરકારના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતિ રવિએ આપેલી માહિતી મુજબ છેલ્લા ૧૨ કલાકમાં એકપણ નવો કોરોના પોઝિટિવ કેસ નોંધાયો નથી. આગામી ચારથી પાંચ દિવસ ગુજરાત માટે મહત્વના પુરવાર થશે. પ્રાપ્ત વિગતો મુજબ નિઝામપુરામાં રહેતા શ્રીલંકાથી આવેલા આધેડના સંપર્કમાં આવવાથી તેમના પરિવારના ચાર લોકોને પણ કોરોનાનો ચેપ લાગ્યો હતો. હાલ આ ચારેય લોકો આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. જોકે, પુત્ર અને પુત્રવધૂનો રિપોર્ટ પહેલા પોઝિટિવ આવ્યો હતો અને અને બીજો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે.

વડોદરામાં કોરોના પોઝિટિવનાં કેસ વધી રહ્યાં છે ત્યારે શંકાસ્પદ દર્દી ભાગવાનો મામલો સામે આવ્યો છે. અલી હુસૈન સીદીકી નામનો તાંદલજાનો ક્વોરન્ટાઈન કરેલો યુવક શંકાસ્પદ કોરોના દર્દી હતો. ગોત્રી હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાંથી તે ભાગી ગયો હતો. આ અંગે હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસરે એફઆઈઆર નોંધાવી હતી અને બાદમાં મોજી રાત્રે પોલીસે યુવાનને ઝડપીને ગોત્રી હોસ્પિટલમાં આઈસોલેશન વોર્ડમાં ખસેડ્યો હોવાની વિગતો મળી હતી.

વડોદરાના નિઝામપુરાના ૫૨ વર્ષીય આધેડ શ્રીલંકાથી પરત આવ્યા હતા, ઘરના અન્ય ચારના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા હતા

અમદાવાદમાં લોકોને મફતમાં માસ્ક આપતા યુવકને હથિયારનાં ઘા ઝીંક્યા

અમદાવાદ

શહેરના દરિયાપુર વિસ્તારમાં એક તરફ તબલીગ જમાતના લોકો દિલ્હીથી આવ્યા અને એ માટે પોલીસ તે લોકોને શોધી રહી હતી. ત્યારે એક યુવક પ્રેમ દરવાજા પાસે મફત માસ્ક વહેંચતો હતો ત્યારે સ્થાનિક ટપોરીએ મફતમાં માસ્ક કેમ આપે છે કહી ઝગડો કરી હથિયારના ઘા ઝીકી દીધા હતા. પ્રેમ દરવાજા પાસે રહેતો કૃણાલ દંતાણી ગારમેન્ટ દુકાનમાં નોકરી કરે છે. પણ હાલ કોરોના વાયરસને લઈને તેની નોકરીમાં રજા હતી. અને બીજી બાજુ તેના શેઠે તેને રસ્તે આવતા જતા લોકોને ફ્રીમાં માસ્ક આપવાનું કહી તેને અનેક માસ્ક આપ્યા હતા. જેથી તે માસ્ક વહેંચવા બેઠો હતો. તે દરમિયાન ત્યાં રહેતો ટપોરી અતુલ દંતાણી આવ્યો હતો. અતુલે કૃણાલને ધમકાવ્યો હતો અને, કેમ મફતમાં માસ્ક વહેંચે છે એમ કહી ઝગડો કર્યો હતો. બાદમાં કૃણાલને છરી મારી દીધી હતી. કૃણાલ ઈજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે ખસેડ્યો હતો. આ અંગે દરિયાપુર પોલીસને જાણ થતા પોલીસ ત્યાં પહોંચી અને કૃણાલની ફરિયાદ નોંધી આરોપીને શોધવા તજવીજ હાથ ધરી છે.

સરકારી મંડળીઓ ૨૦ ટકા અનામત ભંડોળ રાહત માટે દાન કરી શકે

સરકારી સંસ્થાઓ માટે અગત્યની સૂચના

વલસાડ

હાલમાં કોરોના વાયરસ અંગે ચાલી રહેલા લૉકડાઉનના સમયમાં રાજ્યમ સરકારના કૃષિ, ખેડૂતકલ્યૂણ અને સહકાર વિભાગ દ્વારા દાન કે અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય સહકારી મંડળી અધિનિયમ હેઠળ સંસ્થાહના સરવૈયામાં એકત્રિત થયેલા અનામત ભંડોળના ૨૦ ટકા સુધી કોરોના વાયરસને નાથવા માટે મુખ્ય મંત્રીશ્રીના રાહતફંડમાં દાન ફાળો આપવા રાજ્યય સ્થાોનિક જાહેર હેતુ માટે વાપરવાની તમામ સહકારી સંસ્થાખઓને મંજૂરી આપી છે. જે ધ્યાનને લઇ મુખ્યફમંત્રી રાહતફંડમાં દાન ફાળો આપવા તમામ સહકારી સંસ્થાતઓ તત્પંર બને તેવો સહકારી મંડળીઓ વલસાડના જિલ્લા રજિસ્ટ્રા ૨ એસ.ડી. ભોયે દ્વારા અનુરોધ કરવામાં આવ્યોમ છે. આ મંજૂરી કોરોના વાયરસ સંક્રમણને અટકાવવા માટેની સમય અવધિ સરકાર દ્વારા નિયત કરવામાં આવે તે તારીખ સુધી અમલમાં રહેશે.

બાઈક ઉપર એક જ સવારી ચલાવી શકાશે દાહોદમાં લોકડાઉનનું કડક પાલનઃ ફોર વ્હિલર્સ પર પ્રતિબંધ

દાહોદ

કોરોના વાઈરસને પગલે સમગ્ર દેશમાં જારી કરવામાં આવેલા લોક ડાઉનને ૯ દિવસ થયા છે. અલબત્ત, કેટલાક લોકો એવા પણ છે જેઓ લોક ડાઉન છતાં કામ વિના બહાર નીકળી ના કેવળ પોતાનો બલ્કે અન્યનો જીવ પણ જોખમમાં મૂકે છે.

આ રીતે કામ વિના બહાર નીકળનારા સામે દાહોદ જિલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું છે. જેના અનુસાર ૧૪ એપ્રિલ સુધી માલ વાહક વાહનો સિવાયના ફોર વ્હીલરના ઉપયોગ પર ૧૪ એપ્રિલ સુધી પ્રતિબંધ ફરમાવ્યો છે. ટુ વ્હીલર પર એકથી વધુ વ્યક્તિના પ્રવાસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

આ મામલે Dy. SPથી પોલીસ કોન્સ્ટેબલ સુધીને FIR દાખલ કરવા અધિકૃત કરાયા છે. આ સાથે જાહેરનામામાં એવી પણ નોંધ કરાઈ છે કે આ હુકમનો ભંગ કરનારા સામે આઇપીસી ની કલમ ૧૮૮, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠલમાનુની કાર્યવાહી હાથ ધરાશે અને તે હેઠળ સજાને પાત્ર થશે.

ઈટાલીમાં કોરોનાથી હાહાકાર પરંતુ એક એવું ગામ જ્યાં વાયરસનું નામો નિશાન નથી

ઈટાલીમાં કોરોના વાયરસ કોવિડ -૧૯ ને કારણે લગભગ ૧૩,૦૦૦ લોકોનાં મોત નીપજ્યાં છે. ૧ લાખથી વધુ લોકો કોરોના વાયરસથી સંક્રમિત છે. આખું ઈટાલી ચોંકી ઉઠ્યું છે અને પરેશાન છે. તબીબી વ્યવસ્થા અને સરકાર હચમચી ઉઠી છે. ડોકટરો મરી રહ્યા છે. દરરોજ સેંકડો લોકો માર્યા જાય છે, ઈટાલીમાં એક એવું ગામ પણ છે, જ્યાં કોરોના વાયરસ પણ પહોંચ્યો નથી. અહીંના બધા લોકો સલામત છે.

આ સ્થાનનું નામ મોન્ટાલ્ડો ટોરીનીસ છે. તે એક એવું ગામ છે જે ઈટાલીના પૂર્વી ભાગમાં આવેલા પિયોદમોન્ટના તુરિન શહેરની અંદર આવે છે. તમને જાણીને આશ્ચર્ય થશે પરંતુ અહીંના લોકોનું માનવું છે કે આ ગામના સ્વચ્છ પાણી અને હવાને કારણે કોરોના અહીં આવ્યો નથી.

લોકો કહે છે કે આ ગામમાં પાણી જાદુઈ છે. તેથી કોરોનાનો એક પણ કેસ હજી સામે આવ્યો નથી. ૧૮૦૦માં નેપોલિયન બોનાપાર્ટના સૈનિકોએ આ પાણી પીને ન્યુમોનિયા મટાડ્યો હતો. ૧૮૦૦ ના મહિનામાં નેપોલિયનની સેનાએ અહીં પડાવ કર્યો હતો.

મોન્ટાલ્ડો ટોરીનીસ ગામ તુરીન શહેરથી ૨૦ કિલોમીટર દૂર છે. આશ્ચર્યજનક વાત એ છે કે તુરીન શહેરમાં કોરોનાના ૩૬૦૦ થી વધુ કેસ છે. પીયોદમોન્ટની હાલત ખરાબ છે. અહીંના કોરોના વાયરસથી ૮૨૦૦ થી વધુ લોકો પ્રભાવિત છે. પરંતુ મોન્ટાલ્ડો ટોરીનીસમાં એક પણ કેસ નથી.

તુરીન શહેર હેઠળના મોન્ટાલ્ડે ટોરીનીસમાં કોરોનાનો એક પણ કેસ નથી. કહેવામાં આવે છે કે નેપોલિયનની સેનાએ આ ગામના કુવાઓમાંથી નીકળતા પાણીથી ન્યુમોનિયા મટાડ્યો હતો. અહીંની સુંદરતા આશ્ચર્યજનક છે.

પિયોદમોન્ટના મેયર સેરગેઈ જિયોતિએ જણાવ્યું હતું કે મોન્ટાલ્ડો ટોરીનીસની શુધ્ધ હવા અને કૂવાના પાણીને કારણે નેપોલિયનની સેના સ્વસ્થ થઈ ગઈ હતી. શક્ય છે કે આ કૂવાના પાણીના કારણે લોકો હજી સલામત છે.

સેરગેઈએ જણાવ્યું કે આ ગામના ઘણા લોકો તુરીન શહેર જાય છે. ટ્યુરિનમાં કોરોના ચેપ ખૂબ જ વધારે છે. પરંતુ ત્યાંથી પાછા આવીને પણ આ ગામના લોકો સ્વસ્થ છે. તેમને કોઈ પણ પ્રકારનો ચેપ લાગતો નથી.

જો કે, આ હોવા છતાં મેયર સેરગેઈએ મોન્ટાલ્ડો ટોરીનીસ ગામમાં માસ્ક અને સેનિટાઈઝરોનું વિતરણ કર્યું છે. કોરોના વાયરસ કહેવામાં આવ્યું છે જેથી લોકો આ રોગચાળા વિશે જાગૃત થાય. મોન્ટાલ્ડો ટોરીનીસ ગામમાં કુલ ૭૨૦ લોકો રહે છે. સેરગેઈએ કહ્યું કે અહીંના લોકોની જીવનશૈલી ખૂબ જ સામાન્ય અને સ્વસ્થ છે. અહીંના લોકો કોઈ પણ રીતે ગંદકી સાથે સમાધાન કરતા નથી. પછી ભલે તે પોતાનું હોય કે ગામ.

લોન્ડ્રી ચલાવતા વૃદ્ધનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા કાર્યવાહી

સુરતના રાંદેરમાં અધધ..૫૦ હજારથી વધુ લોકો હોમ ક્વોરન્ટાઈન હેઠળ

માસ ક્વોરન્ટીનના કડક અમલ માટે પોલીસ ફોર્સ પણ તૈનાત કરી દેવામાં આવી

સુરત

શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવનો આંકડો ૧૨ પર પહોંચ્યો છે. જેમાં પૈકી એકનું મોત થયું છે. બે દિવસ પહેલા રાંદેર વિસ્તારમાં લોન્ડ્રી ચલાવતા વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું હતું. લોન્ડ્રીના કારણે મોટી સંખ્યામાં લોકો સંપર્કમાં આવ્યા હોવાની શંકાને લઈને આખા રાંદેર વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી દેવામાં આવ્યો છે. આ ગુજરાતનું સૌથી મોટું માસ ક્વોરન્ટીન હોવાનું માનવામાં આવે છે. જેમાં આરોગ્ય વિભાગ દ્વારા રાંદેરનો એક કિલોમીટરનો વિસ્તાર બેરિકેટથી બંધ કરી ૧૬ હજારથી વધુ ઘરોનો ડોર ટુ ડોર સર્વે પણ કરવામાં આવ્યો છે. હાલ ૫૦ હજારથી વધુ લોકો હોમ ક્વોરન્ટીનમાં છે.

રાંદેરના ૬૭ વર્ષીય વૃદ્ધ લોન્ડ્રી ચલાવે છે. થોડા દિવસથી તેમને શરદી, ખાંસી, તાવ હોવાથી પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થયા હતા. જ્યાં તેમને શંકાસ્પદ લક્ષણો જણાતા સેમ્પલ લઇ રિપોર્ટ કરાયો હતો. જે સોમવારે પોઝિટિવ આવ્યો હતો. વૃદ્ધનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું હતું અને તેમના સંપર્કમાં આવેલા લોકોને ટ્રેસ કરવાનું શરૂ કરી દીધું હતું. આરોગ્ય વિભાગે વૃદ્ધ અને તેમના સંપર્કમાં આવેલા પત્ની, સાળો, ભત્રીજો તેમજ પ્રાઈવેટ ડોક્ટર અને તેમના સ્ટાફ સહિત પને ક્વોરન્ટીન કરી દીધા છે. જ્યારે આ વૃદ્ધ લોન્ડ્રી ચલાવતા હોવાના કારણે અનેક ગ્રાહકો પણ તેમના સંપર્કમાં આવ્યા હોવાથી આરોગ્ય વિભાગના તબીબોએ તેમના નામો પૂછ્યા હતા. પરંતુ તેઓ નામ જાણતા ન હોવાથી પાલિકા દ્વારા વિસ્તારમાં સર્વે શરૂ કરાવ્યો છે. ત્યારબાદ રાંદર વિસ્તારને માસ ક્વોરન્ટીન કરી દેવાયો છે.

રાંદેરમાં મળેલા પોઝિટિવ કેસને લઈને તેમની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ન હોવાથી તેમના રહેઠાણ આસપાસ એક કિલોમીટર વિસ્તારને ક્વોરન્ટીન કરવામાં આવ્યું છે. સાથે જ એક કિલોમીટરના વિસ્તારમાં બેરીકેટ પણ મુકી દેવામાં આવ્યા છે અને રેડ ફ્લેગ પણ લગાવવામાં આવ્યો છે. માસ ક્વોરન્ટીનના કડક અમલ માટે પોલીસ પણ તૈનાત કરી દેવામાં આવી છે.

ઓલપાડમાં અનાજ,તેલ અને ખાંડનું સફળતા પૂર્વક વિતરણ

ગોલ કુંડાળામાં રહીને લાભાર્થીઓએ જાગૃતિ સાથે શિસ્તબદ્ધ રીતે પુરવઠો મેળવ્યો

સુરત, તા. ૨

રાજ્યમાં લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતિ સમયે એન. એફ.એસ.એ. રેશનકાર્ડધારક ગરીબ પરિવારોને અન્નનો પુરવઠો સરળતાથી મળી રહે તે આજરોજ ૧લી એપ્રિલથી રાજ્યવ્યાપી અનાજ વિતરણ કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત સુરત જિલ્લાના ઓલપાડ ખાતે એન. એફ. એસ. એ. રેશનકાર્ડધારકોને આજે વહેલી સવારથી જ રાજ્ય સરકારશ્રીના આદેશ મુજબ વિનામૂલ્યે અનાજ, ખાંડ, ખાદ્યતેલનું સરળતાપૂર્વક વિતરણ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં ઓલપાડના નગરજનોનો અભૂતપૂર્વ સહકાર જોવા મળ્યો હતો. ખાસ કરીને લાભાર્થીઓ સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવીને વિનામૂલ્યે અનાજ સહિતનો પુરવઠો મેળવી રહ્યા છે.

ઓલપાડ તાલુકા મથકે પરા વિસ્તારમાં આવેલી પંડિત દીનદયાળ ઉપાધ્યાય સરકાર માન્ય વાજબી ભાવની દુકાન ૫૨ નાગરિકો વિનામૂલ્યે અનાજ સહિતનો પુરવઠો મેળવવા પહોંચ્યા હતા. દુકાન પર કરાયેલા ગોળ કુંડાળામાં ઊભા રહીને તેઓ કોરોના વાઈરસના સંક્રમણથી બચી રહ્યા છે, અને જાગૃત્તિ રાખી શિસ્તબદ્ધ રીતે નિયત કરાયેલો અનાજ પુરવઠો મેળવ્યો હતો.

ઓલપાડ પરા વિસ્તારમાં સસ્તા અનાજની દુકાન ધરાવતાં સમીર અબ્દલ સમદ શેખ દ્વારા લાભાર્થીઓ માટે પીવાના પાણી અને સેનીટાઈઝરની વ્યવસ્થા કરવામાં આવી હતી. રેશન કાર્ડ રજૂ કરતાં સમયે ફરજિયાતપણે સેનીટાઈઝરથી હાથ સાફ કરાવવામાં આવતાં હતા. આ દુકાનધારકની સસ્તા અનાજની દુકાને અનાજ લેવા આવેલા ઓલપાડના રહેમતનગરમાં રહેતા ૨૯ વર્ષીય બી.પી.એલ. લાભાર્થી શ્રી રીઝવાન ઈકબાલે ગરીબોને વિનામૂલ્યે અનાજ આપવાની રાજ્ય સરકારની ઉમદા ભાવનાની પ્રશંસા કરતાં જણાવ્યું કે, કોરોના વાઈરસના કારણે લોકડાઉન ચાલુ છે, જેમાં રાજ્ય સરકારે અમારા જેવા ગરીબ નાગરિકોને વિનામૂલ્યે જીવનજરૂરી અનાજ, ખાંડ, ખાદ્યતેલ આપીને અમારા માટે ખુબ ઉપયોગી મદદ કરી છે. લોકડાઉનના ૨૧ દિવસ દરમિયાન આ પુરવઠો અમારા માટે સંજીવની સમાન બની રહેશે.

ઓલપાડના શિવનગર સ્થિત સસ્તા અનાજની દુકાન ધરાવતા રાજુભાઈ શાહની દુકાને પુરવઠો લેવા આવેલા બી.પી.એલ.કાર્ડ ધારક મંજુલાબેન રાઠોડે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે અમારા જેવા ગરીબ પરિવારોને વિનામૂલ્યે અનાજ સહિતની વસ્તુઓ આપીને અમારી પડખે રહી છે. કોરાના જેવી મહામારી વચ્ચે પણ કોઈ ભુખ્યુ ન રહે તે માટે ગરીબ પરિવારોને અનાજનો જથ્થો સમયસર પહોચાડીની વ્યવસ્થા કરવા બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. અને સૌને ઘરમાં રહીને સુરક્ષિત રહેવાનો સંદેશો મંજુલાબેને આપ્યો હતો.

નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ૬૦ લાખ રેશનકાર્ડધારક પરિવારોના ૩ કરોડ ૨૫ લાખ લાભાર્થી પરિવારોને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રાલય હેઠળ સસ્તા અનાજના દરોની દુકાન પરથી મફત અનાજ આપવામાં આવશે જેમાં વ્યક્તિ દીઠ ૩.૫ કિલો ઘઉં, ૧.૫ કિલો ચોખા અને કુટુંબ દીઠ ૧ કિલો ખાંડ ૧ કિલો દાળ અને ૧ કિલો મીઠું વિનામૂલ્યે આપવામાં આવશે.

રાજકોટમાં મનપાને ૪ હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયર મશીન મળ્યા

રાજકોટ

કોરોના વાઈરસન મહામારીમાં દેશભરમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ત્યારે ગીરસોમનાથના માઢવાડ બંદરે એક બોટમાં ૫૦થી વધુ માછીમારો પરત ફર્યા છે. ઓખાથી ગીર સોમનાથ બંદરે પહોંચ્યા હતા અને બાદમાં માઢવાડ બંદરે પહોંચ્યા હતા. જીવના જોખમે દરિયાઈ મુસાફરી કરી માછીમારો પરત ફર્યા છે. તંત્રએ બાય રોડ વ્યવસ્થા ન કરતા દરિયાઈ માર્ગે માછીમારો ઓખાથી માઢવાડ બંદરે પહોંચ્યા હતા. રાજકોટ નજીક ખેતીના સાધનો બનાવતી શક્તિમાન રોટાવેટર કંપનીએ મનપાને ૪ આદુનિક મશીનો આપ્યા છે. આ મશીનો શહેરના વિવિધ વિસ્તારોમાં ફરી રસ્તા પર સેનિટાઈઝર અને દવાનો છંટકાવ કરશે. હાલ ૪ મશીનો દ્વારા કામગીરી હાથ ધરવામાં આવશે અને જરૂર પડ્યે વધુ મશીન વિકસાવામાં આવશે. શહેરના ૧૮ વોર્ડમાં આ મશીનથી ફોગીંગ કરવામાં આવશે.

રાજકોટ શહેરમાં મહાનગરપાલિકાના તંત્ર દ્વારા પગલા લેવાઈ રહ્યા છે ત્યારે શહેરના તમામ વોર્ડમાં મશીનથી દવા છાંટી શકાય તે માટે શક્તિમાન બ્રાન્ડના પ્રોટેક્ટર ટાઈપના હાઈ ક્લીયરન્સ બુમ સ્પ્રેયર મશીનોથી દવા છાંટવાની કામગીરીની શરૂઆત પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ હસ્તે શરૂ કરાવવામાં આવી છે.

સુરત શહેર જિલ્લામાં એક હજાર દુકાનોમાંથી અનાજનું વિતરણ

લોકોની સુવિધા માટે અનાજ દળવાની ઘંટી ફ્લોર મિલ્સ ચાલુ રહેશે

સુરત

કોરોના વાયરસની વૈશ્વિક મહામારીની વ્યાપક અસરને ધ્યાને લઈ સમગ્ર દેશ સહિત રાજય સરકારે પણ અનેક પગલાઓ દ્વારા કોરોનાને નાથવા માટેના સઘન પગલાઓ ભર્યા છે. અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોને અનાજ આપવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં સુરત શહેર-જિલ્લામાં સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી ઘઉં, ચોખા, ખાંડ, મીઠું વિનામૂલ્યે વિતરણ કરવાની શરૂઆત કરવામાં આવી છે.

આ અંગે જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલે જણાવ્યું હતું કે, નેશનલ ફુડ સિક્યુરીટી એકટ(NFSA) યોજના અંતર્ગત અંત્યોદય અને અગ્રતા ધરાવતા કાર્ડધારકોને જેટલું અનાજ મળતુ હતું તેટલુ અનાજ વિનામૂલ્યે મળશે. જે લોકોનો આ યોજના હેઠળ નોંધાયેલા નથી તેઓને સસ્તા અનાજની દુકાનો પરથી જથ્થો મળશે નહી જેથી ખોટી ભીડ ન કરવાનો અનુરોધ કલેકટરશ્રીએ કર્યો હતો.

જિલ્લામાં ફુડ સિકયુરીટી એકટ હેઠળ નોંધાયેલા અંત્યોદય અને P.H.H રેશન કાર્ડ ધરાવતા ૨.૯૪ લાખ પરિવારોને ૧૦૦૦થી વધુ સરકાર માન્ય પંડિત દિનદયાળ સસ્તા અનાજની દુકાનો પરથી ઘઉં, ચોખા, ખાંડ, મીઠું અને દાળનું એપ્રિલ માસ પૂરતું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવી રહ્યું છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય રહે તે માટે પુરવઠા તંત્ર દ્વારા ખાસ તકેદારી લેવામાં આવી રહી છે. સૂરત શહેરની ૫૨૮ સહિત જિલ્લાના નવ તાલુકાઓ મળી એક હજાર જેટલી વ્યાજબી ભાવની દુકાનોમાં વિતરણ કરવામાં આવી રહ્યું છે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય રહે તે માટે દુકાનો ઉપર પોલીસ અને શિક્ષકો ફરજ બજાવી સહયોગ આપી રહ્યા છે. લોકોને ટોકન દ્વારા રૂબરૂ બોલાવવામાં આવી રહ્યા છે જેથી દુકાનો પર ખોટી ભીડ ન કરવા પુરવઠા વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ લોકડાઉનની સ્થિતીમાં નાગરિકો-પ્રજાજનોને ઘરમાં રહેલા અનાજને દળાવવાની, લોટની સગવડ મળી રહે તે માટે શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં આવેલી અનાજ દળવાની ઘંટી-ફ્લોર મિલ્સ ચાલુ રહેશે.

કોરોના વાઈરસ અંગે સુરત પોલીસ કમિશનર દ્વારા પ્રતિબંધક આદેશ

નિર્ધારિત સમય સુધી લોકડાઉનનું પાલન કરવું

સુરત

વિશ્વભરમાં નોવેલ કોરાના વાયરસ વૈશ્વિક મહામારી અંગે ભારત તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે વાયરસના ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. જેને ધ્યાને લઈ ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગરૂપે સૂરત શહેરના પોલીસ કમિશનરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટે એક જાહેરનામા દ્વારા સમગ્ર પોલીસ કમિશનરશ્રીની હદ વિસ્તારમાં તા.૧/૪/૨૦૨૦ થી તા.૧૫/૪/૨૦૨૦ સુધી પાલન કરવાનું પ્રતિબંધો ફરમાવ્યા છે.

જાહેરનામા અનુસાર સક્ષમ અધિકારીની પરવાનગી વગર અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કે તેથી વધુ વ્યકિતઓએ એક સાથે કોઈપણ જગ્યાએ એકઠા થવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગૌદળ અગ્નિવીર સંસ્થા દ્વારા જરૂરિયાતમંદોને અનાજકીટનું વિતરણ

વલસાડ,

સુરત કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની પરિસ્થિતિ હોઈ શ્રમિકોને ધંધા-રોજગારી બંધ હોવાથી આવા કપરા સમયે વલસાડ જિલ્લામાં સેવાભાવી સંસ્થાઓ આગળ આવી જરૂરિયાતમંદ લોકોને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પૂરી પાડવામાં આવી રહી છે. વલસાડની ગૌદળ અગ્નિવીર સંસ્થા દ્વારા ધોબી તળાવ વિસ્તારમાં રાશનકાર્ડ ન ધરાવતા શ્રમિકોને અનાજકીટોનું વિતરણ કરાયું હતું. આમ આપત્તિના સમયે સેવાભાવી સંસ્થાાઓ વહીવટીતંત્ર સાથે સંકલન કરીને ઉમદા કાર્ય કરી રહી છે.

ભોજનની વ્યવસ્થા માટે સુડા કચેરીનો સંપર્ક કરો

સુરત

સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત પ્રવર્તમાન વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે કેન્દ્ર સરકાર દ્વારા તા.૧૪ એપ્રિલ સુધી લોકડાઉન જાહેર કરાયું છે. લોકડાઉનના સમય દરમ્યાન જરૂરિયાતમંદો માટે ભોજનસંબંધી વ્યવસ્થાની જરૂરિયાતના માર્ગદર્શન માટે સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીના કંટ્રોલ રૂમના ટેલિફોન નં.૨૬૧-૨૫૦૦૦૫૦,૨૫૦૦૦૫૧ પર સવારે ૮.૦૦ થી રાત્રે ૧૦.૦૦ વાગ્યા દરમિયાન સંપર્ક કરી શકાશે. અન્ય કોઇ બાબતો માટે ડિઝાસ્ટર શાખાના કંટ્રોલ રૂમ નં.૧૦૭૭ પર સંપર્ક કરવા સુરત શહેરી વિકાસ સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

રાજપીપળામાં રક્તદાન શિબિર : સોશિઅલ ડિસ્ટન્સનું પાલન કરી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, નર્મદા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ સમગ્ર ભારત માં લોકડાઉન ચાલી રહ્યું છે અને સમગ્ર વિશ્વ પણ કોરોના જેવી મહામારી થી બચવાના ઉપાય શોધી રહ્યું છે ત્યારે સરકાર ના આદેશ મુજબ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ના દરેક સેવાકીય કાર્ય રાબેતા મુજબ ચાલી રહ્યા છે અને તેમાંય થેલેસેમિયા ના દર્દીઓ ને લોહી ની જરૂરિયાત સમયે લોહી મળી રહે તેવા પ્રયત્નો હાથ ધરાયા છે.



ઈન્ડિયન રેડ્ક્રોસ્સ સોસાયટી નર્મદા જિલ્લા શાખા દ્વારા આજે રામનવમી ના પવિત્ર દિવસે અગ્રવાલ પરિવાર ના સૌજન્ય થી જિલ્લાના થેલેસેમિયા ગ્રસ્ત દર્દીઓ અને જરૂરિયાત વાળાઓ માટે ખાસ રક્તદાન શિબિર યોજાઈ જેમાં મોટી સંખ્યામાં લોકોએ રક્ત દાન કર્યું વર્તમાન પરિસ્થિતિમાં સરકાર ની અપીલ ને ધ્યાને રાખી આ રક્તદાન શિબિરમાં સોશિઅલ ડિસ્ટન્સ નું પણ ખાસ ધ્યાન રાખવામાં આવ્યું ઉપરાંત ડોનર કોચને પણ વારંવાર સૅનેટાઈઝ કરી રક્તદાતાઓનાસેનિટાઈઝેશન નું પણ ધ્યાન રાખવામાં આવ્યું હતું. કુલ ૩૭ જેવી રક્ત ની બોટલ એકત્રિત કરાઈ હતી.

વલસાડ જિલ્લામાં ૧૭૩ વ્યક્તિઓ હોમકોરેન્ટાઈન હેઠળ રખાયા

૧૭.૯૪ લાખ વ્યક્તિઓનું હોમ ટુ હોમ સર્વેલન્સ પૂર્ણ

વલસાડ

આજની સ્થિવતિએ વલસાડ જિલ્લામાં ૧૭૧ વ્યક્તિઓને હોમકોરેન્ટાઈન અને બે સરકારી ફેસીલીટીમાં કોરેન્ટાઈન મળી કુલ ૧૭૩ વ્યહક્તિ ઓ હોમકોરેન્ટાયઈનમાં છે. હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૧૭,૯૪,૮૫૯ (૯૮.૫૬ ટકા) વ્યીક્તિઓનો સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ૩૪ શંકાસ્પનદ વ્યમક્તિટઓની તપાસ કરાતાં તમામના રીપોર્ટ નેગેટીવ આવ્યાા છે.

કોરોના વાયરસના સંક્રમણના શંકાસ્પદ કેસો જે દિલ્હીની હોટસ્પોટ દ્વારા અલગ તારવવામાં આવ્યામ છે. તે પૈકી જેમના સરનામાં વલસાડ જિલ્લામાં મળ્યાસ છે, તેવા ૩૯ વ્યટક્તિઓમાંથી ૧૯ વ્યાક્તિ ઓને હોમકોરેન્ટામઈન કરવામાં આવ્યા છે. વધુ ચકાસણી કરતાં બાકીના ૨૦ જેટલા વ્યદક્તિેમાંથી એક વ્યપક્તિો જિલ્લા બહાર અને ૧૯ વ્યતક્તિ ઓ રાજયર બહારના જણાયા છે. વલસાડ જિલ્લા તંત્ર દ્વારા રોગચાળો વધવાની સંભવિત સ્થિતિને પહોંચી વળવા આગોતરી વ્યવસ્થાબ પણ ગોઠવવામાં આવી છે. જે પૈકી વલસાડ જિલ્લાની જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કૉલેજ અને હોસ્પિટિલ, વલસાડ ખાતે આઈસોલેશન બેડની સંખ્યાજ વધારીને ૧૦૦ અને આઈ.સી.યુ. બેડની સંખ્યા. ૧૮ કરવામાં આવી છે. આ ઉપરાંત ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલ વાપી ખાતે ૭૫ આઈસોલેશન બેડ, વેવ હોસ્પિ ટલ મોતીવાડા-પારડી ખાતે ૩૦ આઈસોલેશન બેડ અને શ્રીસાંઈનાથ હોસ્પિ ટલ ધરમપુર ખાતે ૩૦ આઈસોલેશન બેડની વ્યીવસ્થાસ અગમચેતીના ભાગરૂપે કરવામાં આવી છે.

વલસાડ જિલ્લામાં આજદિન સુધી કોવિદ-૧૯નો એકપણ પોઝીટીવ કેસ જોવા મળ્યો નથી.

નર્મદામાં ૯૯ લોકો કોરોન્ટાઈન હેઠળ રખાયા : હોમ કોરોન્ટાઈનમાં ૬૯ જ્યારે ૩૦ ને ફેસિલિટી કોરોન્ટાઈનમાં રખાયા



આરોગ્ય વિભાગ સતત તકેદારી રાખી જરૂરી પગલાં અને માર્ગદર્શન આપતા નર્મદા જિલ્લા માં એક પણ પોઝિટિવ કેસ નથી મળ્યો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

સમગ્ર વિશ્વને કોરોના એ હચમચાવી નાખ્યું છે ત્યારે ગુજરાતમાં મોટા ભાગના શહેરોમાં પોઝિટિવ કેસ નોંધાયા છે પરંતુ અત્યારસુધી નર્મદા જિલ્લામાં એક પણ કેસ પોઝીટીવ મળ્યો નથી તે માટે આરોગ્ય વિભાગ ની કામગીરી ઉમદા છે તેમ કહી શકાય. એપેડમિક અધિકારી ડો. કશ્યપના જણાવ્યા મુજબ અત્યારસુધી નર્મદા જિલ્લામાં ૯૯ લોકો કોરોન્ટાઈન હેઠળ રખાયા જેમાં હોમ કોરોન્ટાઈન માં ૬૯ જ્યારે ફેસિલિટી કોરોન્ટાઈન માં ૩૦ નો સમાવેશ થાય છે.જોકે જેટલા પણ ટેસ્ટ થયા તેમાં એક પણ પોઝીટીવ કેસ નથી જોવા મળ્યો માટે અન્ય જિલ્લાઓ કરતા કોરોના હાઉ બાબતે નર્મદા જિલ્લો સાવચેત અને સલામત કહી શકાય પરંતુ છતાં લોકો એ ખાસ તકેદારી રાખવી પણ તેટલીજ જરૂરી છે.કામ વગર બહાર નીકળવાનું ટાળો,આરોગ્ય ની કાળજી રાખો,ખોટી અફવા ન ફેલાવો જેવી જરૂરી બાબત આ સમયે ખાસ જરૂરી છે તેમ ડૉ.કશ્યપે જણાવ્યું હતું.

કારખાનેદારોએ કારીગરોનો પગાર સત્વરે ચૂકવી દેવો

પગાર બાબતે કોઇ ફરિયાદ હોઇ તો ટેલિફોન કરવા અનુરોધ

સુરત

કોરોના વાયરસ પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત જિલ્લાના જાહેર/ખાનગી સંસ્થાના માલિકો/કારખાનેદારોએ તેઓની સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગી/કામદારોને માર્ચ મહિનાનો પગાર તા.૨/૪/૨૦૨૦સુધી થાય તે માટે ફોસ્ટા ડાયમંડ એસોસીયેશન, સચીન નોટી ફાઈડ એરીયાના એસોસીયેશન તેમજ જુદા જુદા એ સો શી યે શ ન ના પ્રતિનિધિઓને જિલ્લા કલેકટરશ્રીએ માનવીય અભિગમ રાખીને પગાર કરવાની સુચના આપવામાં આવી છે. બેંક અને સંસ્થામાં અવર જવર માટે પાસની જરૂરીયાત જણાય તો કલેકટર કચેરી ખાતેથી મેળવી લેવાના રેહેશ. વધુમાં પગાર નહી મળ્યા બાબતની કોઈ ફરિયાદ હોઈ તો ટેલિફોન નંબર ૦૨૬૧-૨૪૬૪૫૬૪ ઉપર ફરિયાદ કરવા સુરત નાયબ શ્રમ આયુકતશ્રી જી. એલ. પટેલની અખબારીયાદીમાં જણાવાયું છે.

આવશ્યક ચીજવસ્તુઓના ૨૨૬ પાસ ઈસ્યુ કરાયા

સુરત

ઓલપાડ તાલુકાના નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો સમયસર ,મળી રહે તે માટે તા.૨૯ થી તા.૩૧મી એમ ત્રણ દિવસ દરમિયાન ઓલપાડ મામલતદારશ્રી દ્વારા ૨૨૬ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જેમાં અનાજ-કરીયાણાના છુટક વિક્રેતાઓને બે, શાકભાજી, ફળફળાદિના દુકાનદારો, લારી ધારકો, ફેરિયાઓ માટે ૨૮, અનાજ, કરિયાણાના હોલસેલ વ્યાપારીઓ માટે ૩૬, ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિ અને અન્ય જરૂરી વસ્તુઓ માટે ૧૦, ખાદ્ય તેલ પ્રોડેક્શન (ઓઈલ મીલ) માટે ૦૨, પેટ્રોલ પંપ માટે ૬૨, એલ.પી.જી. ગેસ એજન્સી માટે ૧૯, પંડિત દિનદયાળ યોજના સંચાલકો માટે ૪૬, કચેરીના અન્ય કર્મચારીઓ માટે ૨૧ મળી કુલ ૨૨૬ જેટલા પાસ ઈસ્યુ કરવામાં આવ્યા છે. આ પાસ વ્યવસ્થાના કારણે આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ કરતાં ઉપરોક્ત વિક્રેતાઓને લોકડાઉનના સમયમાં સરળતાથી વેચાણ કરવાની સુવિધા પ્રાપ્ત થઈ છે.

નર્મદામાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તા દ્વારા અન્નદાન નું સેવાકાર્ય લોકો માટે આશીર્વાદરૂપ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

ગુરુવારે રામનવમી નિમિતે "વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તા દ્વારા કોરોના વાયરસ જેવી ગંભીર પરિસ્થિતિ ના કારણે આર્થિક રીતે પછાત વર્ગના પરિવાર તેમજ ફૂટપાથ પર રહેતા લોકોને પ્રસાદ અને ભોજન આપી સેવાનું કાર્ય કરવામાં આવ્યુ હતુ.સાથે મિત ગ્રુપના સભ્યો દ્વારા પણ સહકાર આપવામાં આવ્યો હતો એ બદલ મિત ગ્રુપ નો આભાર અને તમામ અન્ન દાતાઓનો પણ આભાર વ્યક્ત કયો હતો.દેશમાં હાલ કોરાના વાયરસના હાઉ વચ્ચે લોકો જીવન જીવી રહ્યા છે. લોકડાઉન માં ધંધા રોજગાર પણ બંધ હોય એવા સમયે અન્નદાન કરીને માણસાઈ બતાવી છે એવા દરેક અન્નદાતા ઓનો પણ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તા ઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

એક "બ્રિટીશ નાગરીકને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરાવી તેના પરિવાર સાથે મિલન કરાવતી ભરૂચ શહેર "એ" ડીવીઝન પોલીસ

હાલમાં સમગ્ર ગુજરાત રાજય તેમજ ભારત દેશમાં કોરોના વાયરસ (COVID-૧૯૯ ફેલાયેલ હોય અને ફેલાયેલ વાયરસનાં સંક્રમણને અટકાવવા સરકાર તરફથી "લોક ડાઉન" જાહેર થયેલ હોય જે અનુસંધાને ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ "લોક ડાઉન" ની કડક અમલવારી તેમજ પ્રજા સાથે સુમેળ વ્યવહાર અને માનવીય અભિગમ રાખવા તાકીદ કરેલ જે અંતર્ગત નાયબ પોલીસ અધિક્ષકશ્રી ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર "એ" ડીવી. પો.સ્ટે. પો.ઈન્સ. એ.કે. ભરવાડ નાઓને માહીતી મળેલ કે, ભરૂચ શહેર સ્ટેશન વિસ્તારમાં એક "બ્રિટીશ નાગરીક મુળ ભારતીય છેલ્લા કેટલાક દિવસોથી માનસિક અસ્થિર જેવી હાલતમાં ટ્રાવેલ બેગ સાથે ફર્યા કરે છે તેવી હકિકત મળતા પો.સ. ઈ.કે.એચસુથાર ને સદર ઈસમ બાબતે તપાસ કરવા જાણ કરતા તપાસ દરમ્યાન આ ઈસમનું નામ દાઉદ આદમ પટેલ જે "બ્રિટીશ નાગરીક" લંડનથી આવેલ હોવાનું જણાય આવતા તેને સૌ પ્રથમ તાત્કાલીક ભરૂચ સિવીલ હોસ્પીટલ ખાતે પહોચડાવી "કોરોના વાયરસ બાબતની તપાસ અંગે દાખલ કરાવડાવી તેમજ બ્રિટીશ નાગરીક મુળ ભારતીય હોવાની જાણ થતા મુસ્લિમ અગ્રણીઓ સાથે રાખી તેઓ મારફતે મુળ ગામ/વારસદારો બાબતે તપાસ કરતા આ ઈસમ ભરૂચ તાલુકા નાં ચોલાદ ગામનાં વતની હોવાની જાણ થયા બાદ ભરૂચ સિવીલ હોસ્પીટલ માથી "કોરોના ટેસ્ટ× રીપોર્ટ નેગેટીવ આવતા આ બ્રિટીશ નાગરીકને પોતાના ભાઈ સલીમ ભાઈની સાથે સલામત રીતે પોતાના ગામ ચોલાદ ખાતે પહોચાડી પોલીસ વિભાગની ફરજ ઉપરાંત માનવીય અભિગમ દાખવી કામગીરી કરેલ છે.

કોરોના અફવા : કોરોના વાઈરસ અંગે લોકોમાં ખોટી અફવા ફેલાવી દહેશત ઉભી કરનાર વ્યક્તિ સામે ગુનો દાખલ

મો.નં.૯૯૧૩૦૧૬૦૦૩ પર થી ખોટી અફવા બદલ સાગબારા પોલીસે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ સહિતની અન્ય કલમો લગાવી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના એ હાહાકાર મચાવ્યો છે તેવા સંજોગો માં ખોટી અફવા ફેલાવી લોકોમાં દહેશત ઉભી કરવી ગુનો છે અને એ માટે પોલીસ સતત લોકોને સાવચેત પણ કરે છે છતાં કેટલાક અટકચાડા લોકો અટકચાળા કરતા હોય આખરે પોલીસ આવા સામે કાયદાનું શસ્ત્ર ઉગામે છે એ જરૂરી પણ છે તેવોજ બનાવ હાલ સાગબારા પોલીસ ચોપડે નોંધાયો છે.



પ્રાપ્ત માહિતી અનુસાર પોતાના મો.નં. ૯૯૧૩૦૧૬૦૦૩ પરથી કોઈ વ્યક્તિએ જાહેર જનતાને જણાવવાનું કે દિલ્હીમાં તા.૧૩ માર્ચ થી ૨૪ માર્ચ ૨૦૨૦ સુધી તબલીગી જમાત મરકસે ૨૫૦૦ દેશ વિદેશથી કોરોના પોઝીટીવ મુસ્લીમો ભેગા કરી ભારત દેશના અલગ અલગ રાજયમાં મોકલી કોરોનાનો ચેપ ફેલાવવાનું આંતકી કૃત્ય કર્યું છે તો દરેક નગર જનોને ચેતવણી આપવામાં આવે છે કે તમારા એરીયામા જે કોઇ પણ મુસ્લીમ શાકભાજીની લારીઓ વાળા ફળ ફળાદીઓવાળા ફેરીયાઓ આવે તો કોઈ પણ પ્રકારે તેની પાસેથી ખરીદી કરવી નહી તથા તેઓ હિન્દુ વિસ્તારોમાં આવી થુકીને કોરોના ફેલાવવાનું જેહાદી કૃત્ય કરી રહ્યા છે માટે સચેત રહેવુ તેવી પોસ્ટ કરી કોરોના વાઇરસ અંગે લોકોમાં ખોટી અફવા ફેલાવી તેમજ દહેશત ઉભી કરી હિન્દુ મુસ્લીમ કોમ વચ્ચે દુશ્મનાવટ ઉભી થાય તે રીતે તથા લોકોની ધાર્મિક લાગણી દુભાય તેમ ગુનાહીત કૃત્ય કરતા સાગબારા પોલીસે આ વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.તપાસ સાગબારા પીએસઆઇ જી.કે.વસાવા કરે છે.

નર્મદા જિલ્લાના અંતરિયાળ ગામોના યુવાનો દ્વારા લોકડાઉનનો કડક અમલ: કેટલીક જગ્યા એ બેનર માર્યા



નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના અંતરિયાળ ખુરદી ગામ ના યુવાનો ગામના પ્રવેશદ્વાર પર ઉભા રહી બહારના લોકોને પ્રવેશતા અટકાવે છે.જ્યારે રાજપીપળા નજીકના વડીયા માં બેનર માર્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના ને લઈ જ્યારે સમગ્ર દેશમાં લોકડાઉન નો અમલ થઈ રહ્યો છે ત્યારે શહેરી વિસ્તારો માં પોલીસ દ્વારા લોકડાઉન નો કડક અમલ કરાવવા પોલીસ સતત મહેનત કરી રહીછે ત્યારે નર્મદા જિલ્લાના અંતરિયાળ ગામોમાં લોકડાઉન અંગે યુવાનોમાં જાગૃતિ જોવા મળી છે યુવાઓ પોતાના ગામની બહાર ઉભા રહી બહારના વ્યક્તિને ગામમાં પ્રવેશતા અટકાવે છે,જ્યારે કેટલાક ગામોના ઓરવેસ દ્વાર પર બેનરો મારવામાં આવ્યા છે.

નર્મદા જિલ્લાના અંતરિયાળ એવા ડેડીયાપાડા તાલુકાના ખુરદી ગામ ના યુવાનો ગામના પ્રવેશ દ્વાર પાસે ઉભા રહી બહારથી આવતા લોકોને ગામમાં પ્રવેશતા અટકાવી લોકડાઉન નું પાલન કરાવી રહ્યા છે આ ઉપરથી ચોક્કસ કહી શકાય કે કોરોના વાઇરસ મહામારી અંગે જાગૃતિ શહેરો કરતા અંતરિયાળ ગામો માં વધુ જોવા મળી રહ્યું છે.ત્યારે બીજી બાજુ રાજપીપળા ને અડીને આવેલા વડીયા ગામમાં પ્રવેશ દ્વાર પર ગ્રામ પંચાયત દ્વારા બેનર મારી ગ્રામ પંચાયતમાં જાણ કરી ગામમાં પ્રવેશ કરવો તેવી સૂચના મારવામાં આવી હોય મોટા શહેરો કરતા ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના લોકડાઉન બાબતે વધુ જાગૃતિ જોવા મળી રહી છે. ત્યારે આના પરથી શહેરીજનો એ પણ કંઈક શીખ લેવી જોઈએ એમ લાગી રહ્યું છે.

લોકડાઉનમાં રાહત કે લોલીપોપ : ગ્રાહકોને ૩ મહિના હપ્તા નહિ ભરવા રાહત તો અપાઈ પરંતુ તેનું ફોર્મ અને વ્યાજ કોણ ભરશે..?!



રાજપીપળા એસબીઆઈ અને નાગરિક બેંક ના અધિકારીઓ સાથે આ બાબતે વાત કરતા જણાવ્યું કે ફોર્મ ભરશે તેનેજ આ નિયમ લાગુ પડશે અને ત્રણ મહિના નું વ્યાજ તો ગ્રાહક માં માથે ચઢશે જ હાલ ની સ્થિતી એ સરકારે ત્રણ મહિના બાદ હપ્તો ભરવા છૂટ આપી હોય પરંતુ તેમાં ફોર્મ ભરવા સહિતના નિયમ લાગુ પડે છે જે ગ્રાહકો એ નિભવવા પડશે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના કહેર માં લોકડાઉન લાગુ કરતા હાલ મોટાભાગના લોકો ધંધા રોજગાર વિનાના થયા છે જેમાં કેટલાય લોકો બેન્કો માંથી લોન લઈ માથે દેવું કરી હપ્તા ભરતા હોય આ કારમી મોંઘવારી માં લોકડાઉન ના કારણે ધંધા બંધ હોય સમયસર હપ્તા ન ભરી શકે એ સ્વાભાવિક છે. સરકારે જાહેરાત કરી કે ૩ મહિના લોનના હપ્તા નહિ ભરો તો ચાલશે અને કોઈ પેનલ્ટી પણ

રાજપીપળા સહિતની સ્થાનિક બેન્કોમાં ૩ મહિના હપ્તા કેમ નહિ ભરો તેવું કારણ આપતું ફોર્મ ભરવું પડશે નો નિયમ..તો લોકડાઉન ટાણે ગ્રાહકો બહાર ક્યાંથી નીકળશે..?

નહીં લાગે.આ જાહેરાત બાદ લોન લેનારા લાખો લોકોમાં એક ખુશી જોવા મળી પરંતુ હાલ જાણવા મળ્યું કે સરકારે આપેલી રાહત રાહત નથી એક લોલોપોપ છે કેમ કે હપ્તો નહીં ભરવા માટે જે તે બેંક માં ફોર્મ ભરી હપ્તો કેમ નહિ ભરાય તેનું ચોક્કસ કરણ બતાવ્યા બાદ આ નિયમ લાગુ પડે અને ફોર્મ ભર્યા બાદ જ ત્રણ મહિના ની બેંક રાહત આપશે પરંતુ આ ત્રણ મહિના ના ચઢેલા વ્યાજનો બોજ પણ ગ્રાહકના માથેજ પડશે ત્યારે આ રાહત નથી લોલોપોપ છે તેમ કેટલાક ગ્રાહકો જણાવી રહ્યા છે.

બીજી બાજુ ગ્રાહક ને ફોર્મ ભર્યા બાદ ૩ મહિના હપ્તા ભરવાની ભલે શાંતિ પરંતુ વ્યાજ તો ચઢસેજ ત્યારે સરકારે આ રાહત આપી કે લોલીપોપ...?

નર્મદા આરોગ્ય અધિકારી અને એપેડમિક અધિકારીની વાતમાં વિરોધાભાસ : સંકલનનો અભાવ હોય ખોટી માહિતી ફરતી કરનાર અધિકારી સામે પગલાં લેવાશે..?!



દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલિગી જમાતના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય ના કેટલાક લોકો રાજપીપળા આવ્યા ની વાત બાદ નર્મદા જિલ્લામાં ભારે કુતુહલ હતું જેમાં આરોગ્ય અધિકારી બુધવારે આ વાતને સમર્થન આપ્યા બાદ આજે ફેરવી તોડ્યું..?!

નર્મદામાં દિલ્હી થી કેટલાક લોકો આવ્યાની વાતે બંને અધિકારી નો જવાબ અલગ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ સમગ્ર વિશ્વ માં કોરોના નો હાઉ જોવા મળી રહ્યો છે કોઈ પણ વ્યક્તિ બહાર જાય તો તેને આવ્યા બાદ કોરોન્ટાઈન પર રખાય છે તેવામાં ઘણા જિલ્લાઓ માં અફવા જોર પકડતા લોકો માં આવી બાબતે ભારે કુતુહલ જોવા મળે છે ત્યારે આવીજ એક બાબતની અમે જવાબદાર અધિકારી પાસે પૂસ્ટતા કરતા આ બાબત ખોટી હોવાનું જાણવા મળ્યું હતું.

રાજપીપળા સહિત નર્મદા જિલ્લા માં હાલ આ ચર્ચા એ જોર પકડ્યું હતું જેમાં દિલ્હીના નિઝામુદ્દીન સ્થિત તબલિગી જમાતના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય માંથી કેટલાક લોકો બહાર આવ્યા ની વાત બહાર આવ્યા બાદ આમાંથી કેટલાક લોકો નર્મદા જિલ્લામાં પણ આવ્યા હોવાની વાત ફેલાતા લોકોમાં આ બાબત જાણવા ભારે કુતુહલ જાગ્યું હતું અને મીડિયા,આરોગ્ય કર્મીઓ ના ફોન પર આ બાબતે પૂછપરછ શરૂ થઈ હતી.જોકે અમે આ બાબત સાચી કે ખોટી એ બાબતે ખરાઈ માટે નર્મદા જિલ્લા આરોગ્ય વિભાગના એપેડમિક અધિકારી ડો. કશ્યપ નો સંપર્ક કરતા તેમને સ્પષ્ટ જણાવ્યું કે દિલ્હીના નિઝામુદ્દીન ના કોઈ વ્યક્તિ કોરોન્ટાઈન માં આવ્યા નથી પરંતુ ગત તારીખ ૧૭ માર્ચે દિલ્હી થી પસાર થયેલા ૪ વ્યક્તિઓ હાલ કોરોન્ટાઈલ પર છે જે અન્ય જગ્યાઓ પર પ્રવાસે ગયા હતા.માટે આ ચર્ચા એકદમ ખોટી હોવાની વાત કહી હતી.જ્યારે આરોગ્ય અધિકારી એ આ વાતને સમર્થન આપ્યું હોય બે માંથી સાચું કોણ...?એ માટે આજે ફરી આરોગ્ય અધિકારી પટેલનો સંપર્ક કરતા તેમને આ વાત નકારી હતી.

આ બાબતે નર્મદા જિલ્લા આરોગ્ય અધિકારી કે.પી.પટેલે બુધવારે કેટલાક મીડિયા કર્મીઓને

નિઝામુદ્દીન ખાતેના ચાર લોકો અહીંયા કોરોન્ટાઈન પર રાખ્યા હોવાનું જણાવ્યું બાદ ગુરુવારે તેમને પૂછતાં આ વાત નકારી ફેરવી તોડ્યું.આમ એપેડમિક અધિકારી ડો. કશ્યપ અને આરોગ્ય અધિકારી કે.પી.પટેલ ની વાત માં વિરોધાભાસ જોવા મળ્યો એ આવા કટોકટી ના સમયે ખુબજ ગંભીર બાબત કહી શકાય, લોકો ને અફવા ન ફેલાવવા સૂચના આપતા અમુક ઉચ્ચ અધિકારીઓ જ જ્યારે ખોટા મેસેજ આપતા હોય ત્યારે પગલાં લેવા જરૂરી જણાય છે.

પશ્ચિમ રેલ્વે દ્વારા સ્પેશિયલ પાર્સલ ટ્રેન દોડાવવાનું શરૂ કરી દેવાયું

માલ-સામાનની હેર ફેર ટ્રેનોથી કરી શકાશે

વલસાડ

કોરોના વાયરસની મહામારી વચ્ચેએ લોકોને અગડવતા ન પડે તે માટે પશ્ચિમ રેલવે દ્વારા સ્પેતશીયલ પાર્સલ એક્ષપ્રેસ ટ્રેન દોડાવવાનું નક્કી કરાયું છે. આ ટ્રેનો પૈકી કરમબેલીથી તા.૨/૪/૨૦ના રોજ સાંજે ૬-૦૦ કલાકે ઉપડશે અને વલસાડ ખાતે સાંજે ૬-૩૦ કલાકે આવી પહોંચશે અને ચાંગસારી(આસામ) ખાતે તા.૬/૪/૨૦૨૦ના રોજ સવારે ૫-૦૦ કલાકે પહોંચશે. જ્યા-રે બાંદ્રા ટર્મીનસથી લુધીયાણા માટે એપ્રિલ માસની તા.૧, ૩, ૬, ૮, ૧૧ અને ૧૩ તારીખોએ રાત્રે ૮-૦૦ કલાકે ઉપડશે, જે ટ્રેન વાપી ખાતે રાત્રે ૧૧-૧૫ કલાકે આવશે અને બીજા દિવસે સવારે ૧૧-૩૦ કલાકે પહોંચશે. આ ટ્રેન લુધીયાણાથી રાત્રે ૧૧-૩૦ કલાકે એપ્રિલ માસની તારીખ ૩, ૫, ૮, ૧૦, ૧૩ અને ૧૫ તારીખોએ દોડશે, જે વાપી ખાતે બીજા દિવસે બપોરે ૨-૦૦ કલાકે આવી પહોંચશે અને સાંજે ૫-૩૦ કલાકે બાંદ્રા ટર્મિનસ ખાતે પહોંચશે. આ પાર્સલ સેવાનો સૌને લાભ લેવા માટે વલસાડ સબ ડિવિઝનના આસી. રીજીયોનલ મેનેજર અનુત્યા૦ગી દ્વારા જણાવાયું છે.

લોકડાઉન વચ્ચે બંધ દુકાનમાં ભીષણ આગ લાગતા સામાન બળીને ખાક

નવસારી

હાલ કોરોનાના કારણે લોક ડાઉન છે. દુકાનો સહિત સંપૂર્ણ શહેર બંધ છે. ત્યારે નવસારી સ્ટેશન વિસ્તારમાં આવેલી સંદીપ એમ્પોરિયમમાં આગ ફાટી નીકળી હતી. સવારે લાગેલી આગ બેકાબુ બની ગઈ હતી. આગે ભીષણરૂપ ધારણ કરતાં આસપાસમાં ડરનો માહોલ પેદા થયો હતો. આગની જાણ ફાયરબ્રિગેડને થતાં ફાયરબ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આગ પર કાબૂ મેળવ્યો હતો. જો કે ત્યાં સુધીમાં દુકાનમાં રહેલો ઈન્ટિરિયરનો સામાન બળીને ખાક થઈ ગયો હતો.

આગ પર કાબૂ મેળવવા નવસારી નગરપાલિકાના અને વિજલપોર પાલિકાના ૭ જેટલા ફાયરબ્રિગેડ દોડી આવ્યા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ બે કલાકની જેહમત બાદ આગ પર કાબૂ મેળવતા પોલીસ અને દુકાનદારે હાશકારો મેળવ્યો હતો. પરંતુ આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. તેમજ આગ દરમ્યાન કોઈ જાનહાની થવા પામી નથી. પરંતુ આગમાં દુકાન સપૂર્ણ ખાક થતા લાખોનું નુકશાન થયાનું અંદાજવામાં આવી રહ્યું છે.



સુરત આવેલા પ્રવાસીઓ હોમ કોરોન્ટાઈન યોગ્ય પાળતા નથી

હરિદ્વારથી આવેલા ઉધનાના રહીશો અંગે ફરિયાદ

સુરત

સુરત શહેરમાં કોરોના વાઈરસના કેસ એક પછી એક લાઈન લાગી ગઈ છે. ત્યારે યુપીના હરિદ્વારથી પરત આવેલા સુરત ઉધના વિસ્તારના ઓમશ્રી સાંઇ જલારામ નગર સોસાયટીના ૨૨ જેટલા વ્યક્તિઓને સુરત મહાનગર પાલિકાના આરોગ્ય ટીમ દ્વારા હોમ ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છા. જેમાં સુરત કોંગ્રેસના માજી ઉપપ્રમુખ હરિશકુમાર સુર્યવંશીએ સુરત મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ વિરૂદ્ધ ફરિયાદ કરીને જણાવ્યું હતું કે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલી વ્યક્તિની રોજેરોજની દેખરેખ રાખવામાં આવતી નથી તેમજ સેનિટાઈઝરની સફાઈ કરવામાં આવતી નથી અને કોરોનાના પ્રાથમિક લક્ષણો અંગે કોઈ પુછપરછ કરીનથી. જેથી હરિદ્વારથી પરત આવેલા વ્યક્તિઓને તબીબી તપાસ કરી શંકાસ્પદ વ્યક્તિઓના કોરોના ટેસ્ટ કરવામાં આવે તેમજ ફેસ માસ્ક અને સેનીટાઈઝર આપવામાં આવે.

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO







૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

ઓફીસ એડ્રેસ

સુરત
MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટરઃ** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટરઃ** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટરઃ** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટરઃ** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)